સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક





વર્ષ : ૪૯ અંક : ૧૪ જૂનાગઢ તા.૨૭-૧૨-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 14, Junagadh : Date : 27 December, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay



# સંપૂર્ણ રાજકીય સન્માન સાથે ડો.મનમોહનસિંહના આવતીકાલે અંતિમ સંસ્કાર

## ભારતનાં આર્થિક સુધારાના જનક મનમોહનસિંહના નિધનથી એક યુગનો અંત : દેશભરમાં ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર

### તમામ સત્તાવાર કાર્યક્રમો રદ : દેશ શોકમગ્ન

નવી દીલ્હી, તા.૨૭: ભૂતપૂર્વ વડા પ્રધાન અને ભારતના આર્થિક સુધારાના ઘડવૈયા ડો. મનમોહન સિંહનું ગત રાત્રે દિલ્હી એમ્સમાં તેમનું નિધન થયું હતું. તેમના નિધન પર કેન્દ્ર સરકારે ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. ડો. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર શનિવારે સંપૂર્ણ રાજય સન્માન સાથે કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે શુક્રવારે પૂર્વ નિર્ધારિત તમામ સરકારી કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે. શુક્રવારે કેન્દ્રીય કેબિનેટની બેઠક થશે, જેમાં પૂર્વ વડાપ્રધાનને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. ભારતના આર્થિક સુધારાના પિતા મનમોહન સિંહનું ગુરુવારે રાત્રે ૯૨ વર્ષની વયે અવસાન થયું. તેઓ ૨૦૦૪-૧૪ દરમિયાન ભારતના વડાપ્રધાન હતા.મનમોહન સિંહ ના નિધન બાદલ સમગ્ર દેશ શોકમાં ડૂબ્યો છે કાલે સવારે ૮ થી ૧૦ તેમનો મૃતદેહ કોંગ્રેસ કાર્યાલય ખાતે લઈ જાવશે અને પછી અંતિમ યાત્રા શરુ થશે .દરમિયાન આજે પીમ મોદી અને ગૃહ મંત્રી અમિત શાહએ સદગત ને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

ડો.મનમોહન સિંહ પૂર્વ વડાપ્રધાન રહી ચૂક્યા છે. તેથી, તેમના અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજય સન્માન સાથે કરવામાં આવશે. સૂત્રોનું કહેવું છે કે મનમોહન સિંહના અંતિમ સંસ્કાર શનિવારે એટલે કે ૨૮ ડિસેમ્બરે કરવામાં આવશે. કેન્દ્ર સરકારે ભૂતપૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહના નિધન પર સાત દિવસનો રાજય શોક જાહેર કર્યો છે. આનો અર્થ એ છે કે ૨૬ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી સુધી રાજયમાં શોક રહેશે. કોંગ્રેસે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના સન્માનમાં સાત દિવસ માટે તેના તમામ સત્તાવાર કાર્યક્રમો પણ રદ કર્યા છે.






મનમોહન સિંહના નિધન પર શશિ થરૂરે કહ્યું કે ડો.સિંહની ટિપ્પણી સાચી સાબિત થઈ. કોંગ્રેસ નેતાએ કહ્યું કે મનમોહન સિંહે ૨૦૧૪માં કહ્યું હતું કે, હું ઈમાનદારીથી કહું તો ઈતિહાસ મારા પ્રત્યે સમકાલીન મીડિયા કે સંસદમાં વિપક્ષની તુલનાએ વધુ દયાળુ હશે અને ફક્ત દસ વર્ષ બાદ તેમની કહેલી આ વાત સાચી સાબિત થઈ રહી છે.

કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે કહ્યું, આ દુઃખદ સ્થિતિ છે. ડો.મનમોહન સિંહ કોંગ્રેસ અને દેશનું અસલી પ્રતીક હતા. આઝાદી પછી તેઓ હીરો હતા. દરેક વ્યકતિએ તેમની દૂરંદેશી અને દેશ પર શાસન કરવાની ક્ષમતા જોઈ છે. ૨૮મી ડિસેમ્બરે કોંગ્રેસના સ્થાપના દિવસ સહિત ૭ દિવસ માટે કોંગ્રેસના તમામ કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે.

## દેશમાં આર્થિક સુધારાના નાયક ડો.મનમોહનસિંહનો રાજકીય કાર્યકાળ ૩૩ વર્ષ લાંબો હતો

### આજે સાંજે કોંગ્રેસ કારોબારી સમિતિની તાકીદની બેઠક : ડો.મનમોહનસિંહને શ્રધ્ધાંજલી અપાશે

નવી દિલ્હી, તા.૨૭: ડૉ. મનમોહન સિંહનો રાજકીય કાર્યકાળ ૩૩ વર્ષ લાંબો હતો, ભારતમાં આર્થિક સુધારાના નાયક હતા. તેઓ એક કુશળ રાજનેતા હોવાની સાથે વિદ્વાન, અર્થશાસ્ત્રી અને વિચારક હતા. તેઓ ભારતના નાણા પ્રધાન અને નાણા સચિવ, રિઝર્વ બેંકના ગવર્નર પણ રહી ચુકયા છે. આવા મહાન અર્થશાસ્ત્રીએ ભારત જેવા વિકાસસીલ દેશને વિશ્વની હરોળમાં લાવવા આર્થિક ઉદારીકરણ લાવી દેશને મજબુત બનાવ્યો. તેઓ ભારતના અર્થવ્યવસ્થાને મજબૂત કરનાર અને ગ્લોબલાજેશન અને આર્થિક ઉદારીકરણન પ્રણેતા લગભગ ૧૯૯૧થી ફાઈનાન્સ મિનિસ્ટરથી ૨૦૧૪ સુધી દેશને આર્થિક મજબૂતાઈ આપવા ખૂબ મોટો ફાળો હતો. ડો.મનમોહનસિંહના નિધનથી એક યુગનો અંત આવ્યો છે.

ડૉ. મનમોહન સિંહ નાણા મંત્રાલયના સચિવ, આયોજન પંચના ઉપાધ્યક્ષ, ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર, પ્રધાનમંત્રીના સલાહકાર, યુજીસીના અધ્યક્ષ સહિતના મહત્ત્વના પદ સંભાળી ચૂકયા છે. દરમ્યાનમાં આજે સાંજે કોંગ્રેસ કારોબારી સમિતિની તાકીદની બેઠક બોલાવવામાં આવી છે. જેમાં ડો.મનમોહનસિંહને શ્રધ્ધાંજલી આપવામાં આવશે.

## મહાનુભાવોએ ડો.મનમોહનસિંહને શ્રધ્ધાંજલી આપી

- આપણે એક મહાન વ્યક્તિને ખોઈ દીધા છે, ડો.મનમોહનસિંહે દેશના લોકોની સુખાકારી માટે પોતાનું જીવન વ્યતિત કર્યું, તેમણે પક્ષાપક્ષીની રાજનીતીથી ઉઠીને કામ કર્યું : વડાપ્રધાન મોદી
- ડો.મનમોહનસિંહનું નિધન મારા માટે એક બહુ મોટી વ્યક્તિગત ખોટ, મેં મારા ગુરૂ અને માર્ગદર્શકને ખોઈ દીધા : વિપક્ષના નેતા રાહુલ ગાંધી
- મનમોહનસિંહ હંમેશા તેમના સોમ્ય અને મૃદુ વ્યવહાર માટે યાદ રાખવામાં આવશે : લોકસભાના અધ્યક્ષ ઓમ બીરલા
- મનમોહનસિંહનું ભારત પ્રત્યેનું યોગદાન હંમેશા સ્મરણીય રહેશે : સંઘ સુપ્રિમો મોહન ભાગવત
- દેશની પ્રગતિમાં તેમનું યોગદાન યાદ રાખવામાં આવશે : સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ
- ભારતીય રાજનીતીમાં ન પુરાય તેવી ખોટ પડી છે : યોગી આદિત્યનાથ
- વિશ્વભરના રાજનેતાઓ, વડાપ્રધાનો, રાષ્ટ્રપ્રમુખો દ્વારા ડો.મનમોહનસિંહના નિધન પર શોક સંદેશા પાઠવવામાં આવ્યા.

## મનમોહનસિંહની જાણી-અજાણી વાતો !

નવી દિલ્હી તા.૨૭ સિતારો કે આગે જહાં ઔર ભી હૈ... સંસદમાં આ પંક્તિઓ વાંચનાર ડૉ. મનમોહન સિંહનું ૯૨ વર્ષની વયે અવસાન થયું છે.

દેશના ૧૪મા વડાપ્રધાન મનમોહન બહુ ઓછું બોલતા હતા. જો કે, આધાર, મનરેગા, RTI, શિક્ષણનો અધિકાર જેવી યોજનાઓ તેમના કાર્યકાળ દરમિયાન શરૂ કરવામાં આવી હતી, જે આજે ઘણી અસરકારક સાબિત થઈ રહી છે.તેઓ રાજકારણી કરતાં અર્થશાસ્ત્રી તરીકે વધુ ઓળખાતા હતા. દેશની અર્થવ્યવસ્થાને મુશ્કેલ સમયમાં બહાર લાવવાનો શ્રેય પણ તેમને આપવામાં આવે છે. પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે ડૉ.મનમોહન સિંહ વડાપ્રધાન આવાસમાં રહેતા હોવા છતાં પોતાને સામાન્ય માણસ કહેતા હતા. તેમને તેમની મારુતિ ૮૦૦ કાર સરકારી BMW કરતાં વધુ પસંદ હતી.

## આગામી બજેટમાં મધ્યમવર્ગને ખુશ કરવાની સરકારની યોજના

# રૂા.૧૫ લાખ સુધીની આવક પર ઈન્કમટેક્ષમાં રાહત આપવા સરકારની વિચારણા

નવી દિલ્હી, તા.૨૬: સરકાર મધ્યમ વર્ગને પણ આવકવેરામાં છૂટ આપી શકે છે. જો કે હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. માનવામાં આવી રહ્યું છે કે આગામી ૧ ફેબ્રુઆરીએ રજૂ થનારા સામાન્ય બજેટમાં સરકાર આ અંગે જાહેરાત કરી શકે છે. રોઈટર્સને ટાંકીને ઈકોનોમિક ટાઈમ્સે આ માહિતી આપી છે. એવું કહેવામાં આવ્યું છે કે સરકાર વાર્ષિક ૧૫ લાખ રૂપિયા કમાતા લોકોને પણ આવકવેરામાં છૂટ આપી શકે છે.

સરકાર મધ્યમ વર્ગને ટેક્સમાં રાહત આપવા માંગે છે. સરકાર મંદીના કારણે વપરાશ વધારવાની યોજના ધરાવે છે. આ કારણોસર સરકાર ૧૫ લાખ રૂપિયા સુધીની કમાણી કરતા મધ્યમ વર્ગને આવકવેરામાં છૂટ આપવાનું વિચારી રહી છે. જો આમ થશે તો લાખો કરદાતાઓને તેનો ફાયદો થશે.

વાર્ષિક ૧૫ લાખ રૂપિયા સુધીની કમાણી કરનાર વ્યકતિને આવકવેરામાં કેટલી છૂટ આપવામાં આવશે તે અંગે હજુ સુધી કોઈ માહિતી બહાર આવી નથી.

## કાકરીયા કાર્નિવલ સંપૂર્ણ રદ કરાયો

અમદાવાદ તા.૨૭ દેશના પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહનું નિધન થતા ૭ દિવસના રાષ્ટ્રીય શોકના પગલે તમામ કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે. જેના પગલે અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત કાંકરિયા કાર્નિવલ ૨૦૨૪ સંપૂર્ણ રદની AMC દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. સાથોસાથ ૧ જાન્યુઆરીથી શરૂ થનાર ફ્લાવર શોની તારીખોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. કાંકરિયા લેક ફ્રન્ટ પરિસર ખાતે વિનામૂલ્યે પ્રવેશ ચાલુ રહેશે.

## ગુજરાતમાં અનેક ભાગોમાં કમોસમી વરસાદ : માવઠું

અમદાવાદ તા.૨૭ ગુજરાતમાં બે-ત્રણ દિવસથી હવામાન પલટો તથા ધાબડીયા વાતાવરણ અને માવઠાની આગાહી વચ્ચે આજે રાજયનાં કેટલાંક ભાગોમાં કમોસમી વરસાદ નોંધાયો છે. અમદાવાદ, સાબરકાંઠા, અરવલ્લી જેવા ભાગોમાં વરસાદ થયો હતો.અમદાવાદ, કાંકરીયા કાર્નીવલમાં વિક્ષેપ સર્જાયો હતો.ગાંધીનગર, દાહોદ, પંચમહાલમાં પણ માવઠા વરસાદની આગાહી છે.

ઉતર-પશ્ચિમ મધ્યપ્રદેશમાં સાયકલોનીક સરકયુલેશન તથા વેસ્ટર્ન ડીસ્ર્ટબન્સના પ્રભાવ હેઠળ રાજયનાં કેટલાંક ભાગોમાં હવામાન પલટો થયો હતો. કમોસમી વરસાદ પડવાની સાથોસાથ અન્ય અનેક ભાગોમાં ધુમ્મસભર્યુ વાતાવરણ સર્જાયુ હતું.

અમદાવાદમાં ગઈસાંજે તથા મોડીરાત્રે કમોસમી વરસાદ પડયો હતો. આજે પણ ગુજરાતમાં અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી છે. તેમજ સવારે ભારે ધુમ્મસને કારણે માર્ગો પર વિઝીબીલીટી ખુબ જ ઘટી જાય છે. જેના કારણે વાહનોને હેડલાઈટ ચાલુ રાખીને ડ્રાઈવ કરવાની ફરજ પડે છે. આગામી આઠ દિવસ સુધી હજુ ગુજરાતમાં ઠંડીનું મોજુ યથાવત રહેશે તેવી હવામાન વિભાગની આગાહી છે.

## ઈઝરાયલનો યમનના હુથીઓ પર હુમલો

તેલ અવીવ તા. ૨૭ : ઈઝરાયેલની સેનાએ હવે લાલ સમુદ્રમાં તેના સૌથી મોટા દુશ્મન હુથીઓ વિરૂદ્ધ હુમલો શરૂ કર્યો છે. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે તેણે યમનમાં હુથી વિદ્રોહીઓ સાથે જોડાયેલા ઘણા લક્ષ્યો પર હુમલો કર્યો છે, જેમાં સના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને પશ્ચિમ કાંઠે ત્રણ બંદરોનો સમાવેશ થાય છે. ઈઝરાયેલના અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે એરફોર્સે યમનમાં અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે.


Dentistry For Little Ones
પાર્શ્વિ ડેન્ટલ કેર
ડૉ. ભુમિકા ડી. હિરપરા
MDS
Pedodontics & Preventive Dentistry
બાળકોના દાંતના નિષ્ણાંત
બાળકોના દાંતનું દવાખાનું
૧૦ વર્ષના વિશાળ અનુભવની સાથે બાળકોના દાંતની વિશેષ સારવારો બાળકોને અનુરૂપ વાતારણમાં...
અક્ષર પ્લાઝા-૧, ચોથો માળ, ઝાંઝરડા ચોકડી, જુનાગઢ
+91 94290 18328 Parshvi_dental_care

હિરપરા ડેન્ટલ
ઈમ્પ્લાન્ટ । પીડોડોન્ટિક્સ । ઓર્થોડોન્ટિક્સ
ડૉ. દર્પણ આર. હિરપરા
100% Sterilized, Hygienic Clinic
ફક્ત ત્રણ જ દિવસમાં ફિક્સ દાંત
સારવાર પહેલા | ફિક્સ દાંત સારવાર | સારવાર બાદ
ઈન્વિઝલાઇન અલાઇનર્સ દ્વારા તમારા વાંકાચુકા દાંતની સમસ્યા હંમેશા માટે દૂર થશે
Invisalign v Braces
- ૧૨ વર્ષથી ડેન્ટલ ઈમ્પ્લાન્ટને લગતી બધીજ સારવાર તથા વિકલ્પ ઉપલબ્ધ કરાવતુ એકમાત્ર ક્લિનિક
- આધુનિક 3D પધ્ધતિ દ્વારા ગાઈડેડ ઈમ્પ્લાન્ટ સર્જરી.
- ૩ દિવસમાં ફિક્સ દાંત, દુઃખાવા રહીત, ટાંકા વગરની ફ્લેપલેશ ઈમ્પ્લાન્ટ સર્જરી
- ડાયાબીટીસ અને કેન્સર પેશન્ટમાં પણ શક્ય છે.
- વાંકાચુકા દાંતની સારવાર માટે બ્રેસિસ અને અલાઈનર દ્વારા સારવાર
- દાંત બચાવવા માટે સિંગલ સીટીંગ રૂટ કેનાલ ટ્રીટમેન્ટ
- ડહાપણ દાઢ કાઢવાની સર્જરી
- સ્માઈલ ડીઝાઈનીંગ - કોસ્મેટીક ડેન્ટલ ટ્રીટમેન્ટ
બીજો માળ, પ્રિઝમ કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડ સામે, જુનાગઢ
+91 93165 40149
www.hirparadental.in, Email : drdarpan85@gmail.com

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુંટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિત્તાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
KP
Soni Kantilal Parsotamdas Jewellers
KAMAL SONI : +91 93130 75372
92.5 Silver Jewellery Exhibition
Faldu Vadi, Zanzarda Bypass, Nr.Green City, Junagadh

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ
સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત 2870/-
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ
સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત 5050/-
સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજ્ય સ્વાગતમાં નાગરિકોની રજૂઆતો સાંભળીને નિવારણ લાવ્યા

## રાજ્ય સ્વાગતમાં મળેલી વિવિધ ૭૩ રજૂઆતોમાંથી ૬૦ રજૂઆતો વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ સાંભળીને નિવારણની દિશામાં યોગ્ય કાર્યવાહી હાથ ધરી


(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરિકોની રજૂઆતો પ્રત્યક્ષ સાંભળીને તેનું સ્થળ ઉપર નિવારણ લાવ્યા હતા. રાજ્ય સ્વાગતમાં વિવિધ વિભાગોની ૭૩ જેટલી રજૂઆતો આવી હતી તેમાંથી ૬૦ રજૂઆતો વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ સાંભળીને નિવારણની દિશામાં યોગ્ય કાર્યવાહી હાથ ધરી હતી. જે ૧૩ રજૂઆતો મુખ્યમંત્રી સમક્ષ આવી હતી તેમાં પણ સંબંધિત વિભાગના વરિષ્ઠ સચિવો, ખાતાના વડાઓ, જિલ્લા અને તાલુકાના વહિવટી તંત્રના અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા ચર્ચા પરામર્શ કરીને નિવારણ કરીને આ રજૂઆતોનું નિવારણ લાવવામાં આવ્યું હતું. દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવતા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત આ ગુરુવાર તા.૨૬ ડિસેમ્બરે મુખ્યમંત્રીશ્રી સમક્ષ જે રજૂઆતો આવી હતી તેમાં મહેસુલ, પંચાયત, પોલીસ, શહેરી વિકાસ, શિક્ષણ, સહકાર જેવા વિભાગોનો સમાવેશ થયો હતો. પ્રજાજનોની સમસ્યા કે રજૂઆતોને તાત્કાલિક ધ્યાને લઈ તેના નિવારણ માટે પ્રો-એક્ટિવ એપ્રોચ અપનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૂચન કર્યુ હતું. મુખ્યમંત્રીએ રાજકોટ-અમદાવાદ સિક્સ લેન યોજનાની સમીક્ષા પણ કરી હતી અને મહેસુલ, માર્ગમકાન તથા ગૃહ વિભાગને બાકીની કામગીરી ત્વરાએ પૂર્ણ કરવાના નિર્દેશ આપ્યાં હતા.



# જૂનાગઢની સરકારી આર્યુવેદ હોસ્પિટલમાં શલ્ય તંત્ર (સર્જરી) વિભાગના ડો. જોસેફ ખેરાણીની સરાહનીય કામગીરી





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢના પંચેશ્વર રોડ ઉપર આવેલ સરકારી આર્યુવેદ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો. જોસેફ ખેરાણીની સરાહનીય કામગીરી રહેલી છે. એમણે વિશેષ માહિતી આપતા જણાવ્યું કે, જૂનાગઢ જિલ્લામાં આ સરકારી આર્યુવેદ હોસ્પિટલ ખૂબ જ સારી રીતે દર્દીઓની સાર સંભાળ લે છે અને આ હોસ્પિટલમાં જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, અમરેલી અને રાજકોટ જિલ્લાના દર્દીઓ લાભ લ્યે છે.

આ હોસ્પિટલમાં શલ્ય તંત્ર (સર્જરી) વિભાગના વિભાગ અધિક્ષક ડો. અનિતાબેન કટારીયા ની આગેવાની હેઠળ આસોસીયેટ ડો. પાર્થ પંડ્યા અને મેડિકલ ઓફિસર ડો. જોસેફ ખેરાણી દર્દીઓની તપાસ કરી રહ્યા છે. ઓપીડી (સર્જરી) વિભાગ માં રોજ નાં ૭૦ થી ૮૦ દર્દીઓ લાભ લ્યે છે અને એમને હરસ, મસા, ભખંદર, નાડી વ્રણ, કપાસી, શરીર ઉપરના મસા, ચરબીની ગાંઠ, કાનની બુંટ સંધવાવી, ડાયાબિટીસના કારણે અથવા અન્ય કારણોસર પગમાં પડેલ ચાંદા/વ્રણ, ન રૂજાતા ચાંદા(wound) હોય તેવા દર્દીઓનું નિદાન કરી સારવારની સાથે જરૂર પડતા દાખલ કરી ઓપરેશન પણ કરી આપવામાં આવે છે. આ વિભાગ દ્વારા રોજના ૧૦થી ૧૫ નાના, મોટા ઓપરેશન કરવામાં આવે છે. તેમજ અહીં દાખલ થયેલા દર્દીઓને શુદ્ધ, સાત્વિક અને પૌષ્ટિક દર્દીઓની જરૂરિયાત મુજબ બે ટાઈમ ભોજન તથા એક ટાઈમ નાસ્તો આપવામાં આવે છે. આ તમામ સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે, તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# ખંભાળિયામાં ગર્લ્સ સ્કુલ ખાતે વીર બાલ દિવસની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

શીખ ધર્મના ૧૦મા ધર્મગુરૂ શ્રી ગુરૂ ગોવિંદસિંહના સાહેબજાદા જોરાવરસિંહ અને ફતેસિંહજીએ ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કાજે આપેલા બલિદાનને યાદ કરીને દર વર્ષે તારીખ ૨૬ ડિસેમ્બરના રોજ "વીર બાલ દિવસ" તરીકે ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ખંભાળિયામાં ગઈકાલે ગુરુવારે નગરપાલિકા સંચાલિત શેઠ દા.સુ. ગર્લ્સ હાઈસ્કુલ ખાતે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં હાઈસ્કૂલની વિધાર્થિનીઓની વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. સાથે વક્તા તરીકે શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર અને શહેર ભાજપ પ્રભારી નિમિષાબેન નકુમએ "વીર બાલ દિવસ" અંગે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ મિલનભાઈ કિરતસાતા, શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, પાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, કારોબારી ચેરમેન રેખાબેન ખેતીયા, શહેર ભાજપ પ્રભારી નિમિષાબેન નકુમ, શહેર ભાજપ ઉપપ્રમુખ મુકેશભાઈ કાનાણી, નગરપાલિકા દંડક મયુરભાઈ ધોરીયા સહિતના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમના આયોજનને સફળ બનાવવા માટે ગર્લ્સ હાઈસ્કૂલના સ્ટાફ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી.

# કેન્દ્ર સરકાર દ્વારા ટેકાના ભાવે તુવેર તેમજ ચણાની ખરીદી કરવા આગવું આયોજન કરવા માંગ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-વિસાવદરના ચેરમેન વિનુભાઈ હપાણીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને એક પત્ર પાઠવી રજુઆત કરી છે કે, ચાલું વર્ષે ગુજરાતમાં તુવેર તેમજ ચણાનું વાવેતર મોટા પ્રમાણમાં ખેડૂતો દ્વારા કરવામાં આવ્યું છે અને તુવેર તેમજ ચણાનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થવાનો અંદાજ છે. હાલ ઉપરોકત બંને જણસના ભાવ ખેડૂતોને ઓછા મળી રહ્યા છે. ચણા, તુવેર મબલખ ઉત્પાદન થવાને કારણે કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ ભાવ કરતા નવા ઉત્પાદનના ભાવ નીચા રહેવાની ધારણા છે તો ગુજરાતના ખેડૂતોના હીતોને ધ્યાને રાખી ખેડૂત પાસે ૨૫૦૦ કિલોને બદલે ૫૦૦૦ કિલોની ખરીદી થાય તેમજ તુવેર અને ચણાની ટેકાના ભાવે ખરીદી કરવા માટે રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલું કરવા માટે આગવું આયોજન કરવું જરૂરી હોય તો આ બાબતે તાત્કાલીક નિર્ણય કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

## ગુણોત્સવ કર્યા પછી મૂલ્યાંકનનું પરિણામ નિયમિત જાહેર ન કરતાં તર્કવિતર્ક

# રાજ્યની સ્કૂલોમાં ખાલી પડેલી શિક્ષકોની જગ્યા વચ્ચે ગુણોત્સવ ૨.૦ મૂલ્યાંકન કરાશે

## સરકારી શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તાની ચકાસણી કરવા માટે વર્ષ ૨૦૧૦થી ગુણોત્સવ કરવામાં આવતો હોય છે

અમદાવાદ, તા.૨૭

રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલોમાં આગામી દિવસોમાં ગુણોત્સવ ૨.૦ અંતર્ગત મૂલ્યાંકન માટેની ગાઈડલાઈન અને કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. રાજ્યની જુદી જુદી સ્કૂલોમાં ૩૮ હજારથી વધુ શિક્ષકોની જગ્યા ખાલી પડી છે. આ સ્થિતિમાં ગુણવત્તા અને ગુણોત્સવ કેવી રીતે થશે તેવી ચર્ચાઓ શરૂ થઈ છે.સરકારી શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તાની ચકાસણી કરવા માટે વર્ષ ૨૦૧૦થી ગુણોત્સવ કરવામાં આવતો હોય છે. ગુણોત્સવ કર્યા પછી તેનું પરિણામ પણ જાહેર કરવામાં આવે છે. આ પરિણામમાં મૂલ્યાંકનના આધારે જુદી જુદી સ્કૂલોને એ પ્લસ, એ, બી સહિતના જુદા જુદા ગ્રેડ આપવામાં આવતાં હતા. હવે ગુણોત્સવ ૨.૦ લાગુ કરવામાં આવ્યો છે. નવી પદ્ધતિ પ્રમાણે દર વર્ષે સ્કૂલોનું નિયમિત મૂલ્યાંકન થઈ શકે તે માટે ઈન્સ્પેક્ટરની નિયુક્તિ કરવામાં આવી હતી. આ પદ્ધતિમાં પરીક્ષાના આધારે ઈન્સ્પેક્ટરની નિમણૂક થતી હતી. જોકે, સ્કૂલમાં ઈન્સ્પેક્ટરની જગ્યામાં અન્ય કોઈ શિક્ષકની નિયુક્તિ ન થતાં વિદ્યાર્થીઓના અભ્યાસને અસર પહોંચતી હતી. આ ઉપરાંત કેટલાક ઈન્સ્પેક્ટર પણ મૂલ્યાંકનની પદ્ધતિમાં રીતસરની વેઠ ઉતારતાં હોવાની ફરિયાદો પણ બહાર આવી હતી. જેના કારણે ગત વર્ષે સ્કૂલ ઈન્સ્પેક્ટરોને પોતાની મૂળ શાળાઓમાં પરત મોકલી આપવામાં આવ્યા હતા. ચાલુ વર્ષથી દરેક સ્કૂલોને સ્વમૂલ્યાંકનની સૂચના આપવામાં આવી છે. સ્કૂલો દ્વારા સ્વમૂલ્યાંકન કર્યા પછી તે પરિણામ બહાર આવે તેમાં રેન્ડમ ક્રોસ વેરિફિકેશન કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. સૌથી મહત્વની અને અસરકારક બાબત એ છે કે, મોટાભાગની સ્કૂલોમાં પુરતી સંખ્યામાં શિક્ષકો જ ઉપલબ્ધ નથી. જે શિક્ષકો છે તેઓને દ્વરૂઝ સહિતના જુદી જુદી કામગીરીમાં વ્યસ્ત રાખવામાં આવી રહ્યા છે. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ કેવી રીતે મળશે તેવા પ્રશ્નો પણ શિક્ષણજગતમાં ઉભા થયા છે. આમ, જૂની પદ્ધતિ બંધ કરીને હવે નવી પદ્ધતિ પ્રમાણે આગામી દિવસોમાં શાળોમાં ગુણવત્તાની ચકાસણીનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. જોકે, ગુણોત્સવ મૂલ્યાંકન કર્યા પછી પણ પણ તેનું પરિણામ નિયમિત રીતે જાહેર કરવામાં ન આવતું હોવાથી તેનો કોઈ અર્થ રહેતો ન હોવાની ચર્ચા પણ શરૂ થઈ છે.

# અનિચ્છનીય માર્કેટિંગ કોલથી મળશે રાહત

મુંબઈ, તા.૨૭

દેશના કરોડો મોબાઈલ યુઝર્સને ટૂંક સમયમાં જ અનિચ્છનીય માર્કેટિંગ કોલથી રાહત મળવા જઈ રહી છે. આ માટે સરકારે તૈયારીઓ કરી લીધી છે. ગ્રાહક મંત્રાલય આવતા મહિને આ માટે માર્ગદર્શિકા જારી કરી શકે છે. અનિચ્છનીય માર્કેટિંગ કૉલ્સને રોકવા માટે માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી રહી છે.

ગ્રાહક મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ આ વાતની પુષ્ટિ કરી છે. તાજેતરમાં ટ્રાઈએ ફેક કોલ રોકવા માટે અનેક માર્ગદર્શિકા પણ જારી કરી છે.ગ્રાહક બાબતોના સચિવ નિધિ ખરેએ કહ્યું છે કે વિભાગ આ અંગે હિતધારકો સાથે પરામર્શ માર્ગદર્શિકાનો ડ્રાફ્ટ તૈયાર કરી રહ્યું છે. ડ્રાફ્ટ તૈયાર થયા બાદ તેને ટેલિકોમ રેગ્યુલેટર સાથે શેર કરવામાં આવશે. રાષ્ટ્રીય ઉપભોક્તા દિવસના અવસરે નિધિ ખરેએ કહ્યું કે અમે અનિચ્છનીય માર્કેટિંગ કોલને રોકવા માટે માર્ગદર્શિકાનો મુસદ્દો તૈયાર કર્યો છે. તેને આવતા મહિને TRAI સાથે શેર કરવામાં આવશે.વપરાશકર્તાઓ તરફથી મળેલી ફરિયાદોને ધ્યાનમાં રાખીને, ટેલિકોમ્યુનિકેશન વિભાગે અનિચ્છનીય માર્કેટિંગ કૉલ્સને રોકવા માટે કડક નિયમો લાગુ કરવાની જરૂર છે. ઉપભોક્તા મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવતી માર્ગદર્શિકા વ્યવસાયિક સંસ્થાઓની ભૂમિકાઓ અને જવાબદારીઓ નક્કી કરશે. ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે, TRAI અને ઉપભોક્તા મંત્રાલય આ માર્ગદર્શિકાને હાલના માળખામાં સંયુક્ત રીતે અમલમાં મૂકશે.

# પાંચમી ચોટીલા આરોહણ-અવરોહણ સ્પર્ધામાં કુલ ૩૨૫ જેટલા સ્પર્ધકોએ કરાવ્યું રજીસ્ટ્રેશન

## સ્પર્ધકો માટે રાજય સરકાર તરફથી નિઃશુલ્ક રહેવા/જમવાની વ્યવસ્થા, સહભાગી થયેલા તમામ સ્પર્ધકોએ તા.૨૭ ડિસેમ્બરે રિપોર્ટીંગ કરવાનું રહેશે

રાજકોટ તા.૨૭

ગુજરાત રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્રનાં ઉપક્રમે રાજયકક્ષાની પાંચમી ચોટીલા આરોહણ-અવરોહણ સ્પર્ધા ૨૦૨૪-૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતભરનાં જુનિયર સાહસવીર ભાઈઓ-બહેનો માટે તા.૨૮ ડિસેમ્બર ૨૦૨૪, શનિવારનાં સવારે ૦૭.૦૦ કલાકે ચોટીલા તળેટી, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર ખાતે યોજાશે. જેમાં રાજયના ૧૪ થી ૧૮ વર્ષના ૨૩૪ યુવક અને ૯૧ યુવતી એમ કુલ ૩૨૫ જેટલા સ્પર્ધકો ભાગ લેશે.

આ તમામ સ્પર્ધકોએ તા.૨૭-૧૨-૨૦૨૪, સાંજે ૦૪:૩૦ કલાકે ચોટીલા ટ્રસ્ટ નિવાસ, ચોટીલા તળેટી, ચોટીલા ખાતે રિપોર્ટીંગ કરવાનું રહેશે. તેમજ સ્પર્ધાનાં દિવસે સવારે ૬:૩૦ કલાકે હાજર થવાનું રહેશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# કોન્સ્ટાસ સાથે ઘર્ષણ બદલ વિરાટ કોહલીને ૨૦ ટકા મેચ ફીનો દંડ

## મેલબોર્નમાં બોકિંસગ-ડે ટેસ્ટના પ્રથમ દિવસે જ વિવાદ, કોન્સટાસ-વિરાટ કોહલીની ટક્કરથી માહોલ ગરમાયો




મેલબોર્ન, તા.૨૭

ભારતીય ટીમના સિનિયર બેટ્સમેન વિરાટ કોહલી તેમજ ઓસ્ટ્રેલિયાના યુવા બેટ્સમેન સેમ કોન્સ્ટાસ વચ્ચે ચોથી ટેસ્ટના પ્રથમ દિવસે જ મેદાન પર ટક્કર થઈ હોવાથી વાતાવરણ થોડીવાર માટે ગરમાયું હતું. બોર્ડર ગાવસ્કર ટ્રોફી અંતર્ગત ગુરુવારથી મેલબોર્નમાં સિરીઝની ચોથી ટેસ્ટ ક્રિકેટ મેચનો પ્રારંભ થયો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી સેમ કોનસ્ટાસે ડેબ્યુ કર્યું હતું. ભારતનો સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને ઓસ્ટ્રેલિયન ઓપનર સેમ કોન્સ્ટાસ ૧૦મી ઓવર બાદ પિચની વચ્ચે અથડાયા હતા. પિચ ઓળંગતી વખતે કોહલી અને કોન્સ્ટાસના ખભાની ટક્કર થઈ હતી. અગાઉ સેમ કોન્સ્ટાસે ઓસ્ટ્રેલિયા તરફથી મક્કમ શરૂઆત કરી હતી અને તેણે બુમરાહની ઓવરમાં બે બાઉન્ડ્રી તથા એક છગ્ગો ફટકાર્યો હતો. કોહલી અને કોન્સ્ટાસ વચ્ચે ઘર્ષણ બાદ ઉગ્ર શાબ્દિક ટપાટપી પણ થઈ હતી. આને લઈને માહોલ ગરમાયો હતો પરંતુ અન્ય ઓસ્ટ્રેલિયન બેટ્સમેન ખ્વાજા તથા ગ્રાઉન્ડ અમ્પાયરે મધ્યસ્થી કરીને બન્ને ખેલાડીઓને છૂટા પાડ્યા હતા. આ ઘટનાને લઈને ભારતીય બેટ્સમેન કોહલી સામે આઈસીસી આચારસંહિતાના ઉલ્લંઘન બદલ કાર્યવાહી કરવામાં આવી હતી.કોહલીને ૨૦ ટકા મેચ ફીનો દંડ કરાયો હતો તથા એક ડીમેરિટ પોઈન્ટ પણ અપાયો હતો. ગ્રાઉન્ડ અમ્પાયર જોએલ વિલસન તથા માઈકલ ગોગ અને થર્ડ અમ્પાયર શરફુદોલ્લાહ ઈબને શાહિદ તથા ફોર્થ અમ્પાયર શૉન ક્રેગે કોહલીને આ દંડ કર્યો હતો. વિરાટ કોહલીએ મેચ રેફરી એન્ડી પાઈક્રોફ્ટ સમક્ષ દિવસના અંતે કબૂલાત કરી હતી.આઈસીસીએ નિવેદનમાં જણાવ્યું હતું કે, કોહલી અને કોન્સ્ટાસ વચ્ચેના વિવાદમાં કોહલી વિરુદ્ધ આઈસીસી આચારસંહિતાના અનુચ્છેદ એકના ઉલ્લંઘન બદલ કોહલીને ૨૦ ટકા મેચ ફીનો દંડ તથા એક ડીમિરેટ પોઈન્ટ અપાયો હતો. કોહલીએ મેચ રેફરી સમક્ષ પોતાના પરના આરોપની કબૂલાત કરતા કોઈ સુનાવણી હાથ ધરાઈ નહતી. દિવસની રમતના અંતે કોન્સ્ટાસે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, કોહલી તેની વચ્ચે આવ્યો હતો પરંતુ તે ઈરાદાપૂર્વકની ચેષ્ટા ન હતી. ઓવર સમાપ્ત થઈ હોવાથી હું મારા ગ્લવ્ઝ સરખા કરી રહ્યો હતો અને તે અચાનક વચ્ચે આવી ગયો હતો. ક્રિકેટમાં તણાવ રહેતો હોય છે અને આવી ઘટના બનતી રહે છે તેમ યુવા કાંગારૂ બેટ્સમેને જણાવ્યું હતું. બાદમાં બન્ને આવેશમાં આવ્યા હતા. આઈસીસીની આચારસંહિતા મુજબ રમત દરમિયાન કોઈપણ પ્રકારનો શારીરિક સંપર્ક અયોગ્ય છે. જો કોઈ ખેલાડી ઈરાદપૂર્વક, બેદરકારી અને અવગણના કરીને અન્ય ખેલાડી કે અમ્પાયર તરફ ઘસી જાય અથવા ખભ્મો ટકરાવે છે તો તે આચારસંહિતાનું ઉલ્લંઘન ગણાશે. ભારતના સહાયક કોચ અભિષેક નાયરે પત્રકારો સાથે વાતચીત દરમિયાન આ મુદ્દે કોઈ ટિપ્પણી કરવાનું ટાળ્યું હતું. વિરાટ કોહલીની એક ટેસ્ટ મેચ માટેની ફી રૂ.૧૫ લાખ છે. કોન્સ્ટાસ વિવાદને પગલે તેને મેચ ફીના ૨૦ ટકાનો દંડ ફટકારવામાં આવ્યો છે. હવે તેની મેચ ફી ઘટીને રૂ.૧૨ લાખ થશે. ૨૦૧૯ બાદ કોહલીને સૌપ્રથમ વખત ડીમેરિટ પોઈન્ટ પણ મળ્યો છે.

# રામદેવ કથાના વ્યાસાસે મેસવાણીયાના શાસ્ત્રી કલ્યાણદાસ બાપુ મધુરકંઠે સંગીતમય શૈલીમાં રસપાન કરાવશે : તૈયારીનો ધમધમાટ



વિંઝાત ભગત કેશવાલા

(પ્રતિનિધિ દ્વારા)

ગોસા(ઘેડ) તા.૨૭

પોરબંદર તાલુકાના બરડા પંથકના વિસાવાડા-મૂળ દ્વારકા મુકામે શ્રી વિંઝાત ભગત મહેર સમાજ વિસાવાડા ખાતે શ્રી ખોડિયાર માતાજી ની અસીમ કૃપા અને પરબના પીર અને બાર બીજના ઘણી એવા નકલંક નેજા ધારી શ્રી રામદેવજી મહારાજના આશીર્વાદથી અને પ્રાત: સ્મરણીય શુરવીર સંત કેશવાલા મહેર શ્રી વિંઝાત ભગત અને વિર વિંઝરા ભગત ની પવન ભૂમિમાં સવંત ૨૦૮૧ માગશર વદ-૧૩ ને શનિવાર તા. ૨૮/૧૨/૨૦૨૪ થી પોષ સુદ-૪ ને શુક્રવાર તા. ૦૩/૦૧/૨૦૨૫ સુધી સાત દિવસય ભાવ ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યથી પરિપૂર્ણ એવી શ્રી રામદેવ ભક્તિ માનસ સાત દિવસીય કથા યજ્ઞનું ભવ્યતાભિવ્ય આયોજન સમસ્ત વિસાવાડા ગ્રામજનો દ્વારા કરવામાં આવેલ છે.આ શ્રી રામદેવ રામાયણ કથાના પ્રવક્તા મેસવાણીયા-મેંદરડાના શ્રી રામદેવ રામાયણ કથા ભગવતાચાર્ય શાસ્ત્રી કલ્યાણદાસ બાપુ વ્યાસપીઠ પર બિરાજમાન થઈ મધુર કંઠે સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે. રામદેવ કથાનો સમય દરરોજ સવારના ૯-૦૦ થી ૧૨-૦૦ તેમજ બપોરના ૩-૦૦થી ૬-૦૦ દરમ્યાન કથા રસપાન કરાવશે. આ ધાર્મિક મહોસ્તવમાં શ્રી રામદેવ ભક્તિ માનસ કથા સેવા સમિતિ-વિસવાડા દ્વારા તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. જેમાં સમસ્ત વિસવાડા ગ્રામજનો માં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. શ્રી વિંઝાત ભગત મહેર સમાજ વિસાવાડા ખાતે ભાવ ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યથી પરિપૂર્ણ એવી શ્રી રામદેવ ભક્તિ માનસ સાત દિવસીય કથા મહોસત્વના કાર્યક્રમમાં અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. શ્રી રામદેવ ભક્તિ માનસ કથામાં આવતા વિવિધ પ્રસંગોમાં શ્રી રામદેવ ભક્તિ માનસ કથાની પોથી યાત્રા તા. ૨૮/૧૨ ને શનિવાર ના બપોરના ૩:૦૦ કલાકે, રામદેવજી પ્રાગટ્ય ઉસત્વ તા. ૨૯/૧૨ ને રવિવાર ના સાંજના ૫:૦૦ કલાકે, બાળ લીલા તા. ૩૦/૧૨ ને સોમવાર ના બપોરના ૩:૦૦ કલાકે, રામદેવજી વિવાહ તા.૩૧/૧૨ ને મંગળવાર ના બપોરના ૩:૦૦ કલાકે જયારે સાંજના રામદેવપીર પાટોસત્વનો તેમજ સંતવાણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં પાટોસ્ત્વમાં ગાદીપતિ તરીકે રોહિત બાપુ મેસવાણીયા બિરાજશે. જયારે સાંજના ૧૦ કલાકે શરૂ થનાર સંતવાણી માં અશોકબાપુ મેસવાણીયા અને પ્રકાશબાપુ મેસવાણીયા સાંજિંદા ગ્રુપ ભજનોની રમઝટ બોલાવશે. તા. ૦૧-૦૧-૨૦૨૫ ને બુધવારે બપોરના ૪-૦૦ કલાકે રામદેવજી ભક્ત ચરિત્ર તા.૨ ને ગુરૂવાર ના બપોરના ૩-૦૦ કલાકે સનાતન પીર પરંપરા અને તા.૦૩/૦૧/૨૦૨૫ને શુક્રવાર ના બપોરના ૪-૦૦ કલાકે પરદે પરીયાણ (સમાધિ)નો કાર્યક્રમ ઉજવાશે.

**શ્રી રામદેવ ભક્તિ માનસ કથા**


કથા દરમ્યાન દરરોજ રાત્રીના ૯ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તા. ૨૮ના વિસાવાડા ભક્ત મંડળનો ભજન સંતવાણીનો, તા. ૨૯ના સહદેવ કેશવાલા અને લીલુંબેન કેશવાલાનો મ્યુઝીકલ ઓસ્કેસ્ટા રાસ ગરબાનો, તા.૩૦ના વિજયભાઈ ઓડેદરા અને સુનીતાબેન મારૂ નો મ્યુઝીકલ ઓસ્કેસ્ટા રાસ ગરબાનો, તા. ૩૧ના ભવ્ય સંતવાણીમાં કલ્યાણદાસ બાપુઅને પ્રકાશભાઈ મેસવાણીયાનો, તા.૧ જાન્યુઆરીના પૂજ્ય માલદેવજી બાપુ ની ૫૯મી પુણ્યતિથિ નિમિતે નામાંકિત મહેર જ્ઞાતિનો મણિયારો રાસ અને તારીખ ૩ને શુક્રવારના સાંજના ૯ કલાકે ભીમભાઈ ઓડેદરા આદિત્યાણાવાળા નો પ્રખ્યાત કાન ગોપીના રાસ ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે કથા દરમ્યાન ભાવિક ભક્તજનો માટે દરરોજ બપોરના ૧૨ વાગ્યે અને સાંજના ૭ વાગ્યાથી મહા પ્રસાદ સતત ચાલુ રહેશે. શ્રી રામદેવ રામાયણ સાત દિવસય કથા જ્ઞાનયજ્ઞનો લાભ લેવા, શ્રી હરીગુણ ગાવા તથા આ પવન સતસંગ સાગરમાં પરમઆનંદ પ્રાપ્ત કરવા અને મહાપ્રસાદ ગ્રાહણ કરવા દરેક ભાવિક ભક્તજનોએ પધારવા સમસ્ત વિસવાડા ગામ શ્રી રામદેવ ભક્તિ માનસ કથા સેવા સમિતિ દ્વારા પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### બીજા દીવસે કૃષિ અને સામાજિક સંમેલનનો યોજાયા

# સિદસરમાં વેણુ કાંઠે હજારો દિવડાઓ-મસાલની સહસ્ત્રદિપ આરતી : ગંગા ઘાટ જેવા દ્રશ્યો સર્જાયા

## ઉમીયાધામ સિદસર મહોત્સવમાં પ્રાકૃતિક ખેતી-આહારનું ચલણ વધારવા રાજયપાલ આચાર્ય દેવવ્રતજીનું આહવાન





### મહોત્સવમાં પ્રથમ દિવસે ૪૪ કરોડથી વધુ રકમનું દાન : ઉમિયા સમૃઘ્ધિ યોજના-૩ માં દાતાઓ વરસી પડયા માનવજીવન ટકાવી રાખવા પ્રાકૃતિક ખેતી જરૂરી : પરસોતમભાઈ રૂપાલા

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૨૭

ઉમીયાધામ સિદસર વેણુ નદીના કાંઠે વસેલા સિદસર ખાતે પંચદિવસીય શ્રી૧૧ શતાબ્દી મહોત્સવમ ઉમાયા માતાજી મંદિર સિદસર દ્વારા અમલી બનાવાયેલ ઉમીયા સમૃધ્ધી યોજના-૩ અંતર્ગત ગઈકાલે પ્રથમ દિવસે ૪૪ કરોડથી વધુના દાનની જાહેરાત દાતાઓ દ્વારા કરવામાં આવી છે. વેણુ નદીના કાંઠે સાંજે યોજાયેલી સહસ્ત્રદિપ આરતીમાં પાટીદારોએ હજારો દિવડા- મસાલ સાથે જોડાયા હતા., લેસર શોમાં વેણુ નદીમાં ખાસ ઉભા કરવામાં આવેલ પ્રતિબીંબ દ્વારા મા ઉમીયાના પ્રાગટયની ગાથા દર્શાવવામાં આવેલ હતી. કૃષિ સંમેલનમાં ઉપસ્થિત રાજયપાલ આચાર્ય દેવવ્રત એ પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન આપ્યું.

પાટીદારોના કુળદેવી માં ઉમીયાના સાનિધ્યમાં ગઈકાલે વેણુ નદીના કાંઠે યોજાયેલ સહસ્ત્રદિપ મહા આરતીમાં હજારો દિવડા મશાલના સથવારે રંગારંગ દશ્યો સર્જાયા હતા. માં ઉમીયાના મંદિર સામે વેણુ નદીમાં લેસર શો દ્વારા માં ઉમીયાની ગાથા દર્શાવવામાં આવી હતી. ગંગા કિનારે થતી આરતીની માફક યોજાયેલ મહા આરતીમાં માનવ મહેરામણ ઉમટી પડયો હતો. પાટીદારોએ ભાવપૂર્વક ભાગ લઈ મહાઆરતી કરી હતી. માં ઉમીયાની આરાધના થકી સરસ્વતીના સાધનાના સુત્ર સાથે યોજાયેલ શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં સૌરાષ્ટ્રભરના પાટીદારો ભાગ લઈ રહયા છે. ઉમીયા માતાજી મંદિર સિદસર દ્વારા અમલી ઉમીયા સમૃધ્ધિ યોજના-૩ અંતર્ગત રૂા.૪૦૦ કરોડના સામાજિક વિકાસ કાર્ય માટે ગઈકાલે મહોત્સવના પ્રથમ દિવસે દાતાઓએ રૂા.૪૪ કરોડના દાતાની જાહેરાત થઈ હતી. પાટીદાર દાતાઓ વરસી પડયા હતા.

પરસોતમ રૂપાલાએ પાટીદારોના કૃષિ જીવન અંગે પ્રકાશ પાડતા જણાવ્યું હતુ કે, જુના જમાનામાં ખેડૂતો સંતોષી હતા અને પશુપાલન સાથે જોડાયેલ હતા. આઝાદી સમયે ભારતમાં ઘઉં આયાત કરવા પડતા હતા. પરંતુ હવે ખેડૂતોના પરસેવાના પરિણામે ભારતની ૧૪૦ કરોડની પ્રજા ઉપરાંત અન્ય ૩૦ જેટલા દેશમાં ઘઉં નિકાસ થઈ રહયો છે. એવી રીતે કપાસ, મગફળી સહીતના ઉત્પાદનમાં વધારો થયો છે. નર્મદા યોજના થકી સુરેન્દ્રનગર કચ્છના ખેડૂતોને લાભ થયો. ખેતી કરતા કણબી હવેના સમયે ઉદ્યોગ તરફ વળ્યા છે. માનવ જીવન ટકાવી રાખવા માટે જરૂરી અનાજ સહિતના ઉત્પાદનો માટે ખેતી જરૂરી છે. ત્યારે પાટીદારો આધુનિક અને પ્રાકૃતિક ખેતી તરફ નમુનારૂપ કાર્યમાં કામગીરી કરે તેવી અપીલ કરી હતી. સામાજિક સંમે,નમાં ઉદઘાટન કરતા પાટીદારોના સામાજિક જીવન અંગે બોલતા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતુ કે, પાટીદારોએ સમય પ્રમાણે અનેક કુરીવાજોને તીલાંજલી આપી છે. પરંતુ સમય સાથે સાથે નવા કુરીવાજો આવી રહયા છે. ત્યારે પાટીદાર સમાજે ફરીવાર માં ઉમિયાના નેજા હેઠળ કુપોષણ દુર કરવા સરકારની યોજના સાથે જોડાવું જોઈએ. પાટીદારના સીમ-શેઠાના રક્ષણ માટે સંયુકત પરિવાર તથા મજબુત નવી પેઢીનું નિમાર્ણ થવું જોઈએ.પાટીદાર સમાજના વડીલોએ ખેત-પેદાશો ઉપજાવી સમાજની સંસ્થાનું નિમાર્ણ કર્યુ હતું અત્યારે પાટીદાર સમાજની સંસ્થામાં શિક્ષણ મેળવી નવી પેઢી શિક્ષિત સુખી-સંપન્ન બની મોટી રકમના દાન આપી રહયા છે. નવી પેઢીએ આધુનિક નવી પધ્ધતિથી પશુપાલન-ખેતી તરફ વળવા અનુરોધ કર્યો હતો.

મહોત્સવના બીજા દિવસે કૃષિ સંમેલનમાં રાજયના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે ખેતી સાથે જોડાયેલ પાટીદાર સમાજે કૃષિ ક્ષેત્રે અનેક ક્રાંતીઓ સર્જી છે. પરંતુ જંતુનાશક દવા, રાસાયણિક ખાતરના ઉપયોર્જથી ખેતીની જમીન બિન ઉપજાવ બની છે. ત્યારે શાકભાજી, અનાજ, ફળોના ઉત્પાદન માટે દવાઓ રાસાયણીક ખાતરના ઉપયોગના બદલે, પ્રાકૃતિક ખેતી કરી પર્યાવરણ અને ખેતી બચાવવા ખેડૂતોને આહવાન કર્યુ હતું. કૃષિ સંમેલનમાં અધ્યક્ષસ્થાનેથી બોલતા મહોત્સવના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીએ ઉમિયા માતાજી મંદિર સિદસરની ઉમીયા સમૃધ્ધિ યોજના-૩ માં પાટીદાર સમાજના દિલેર દાતાઓના સહયોગથી સામાજિક વિકાસના ભગીરથ કાર્ય થશે. પંચદિવસીય મહોત્સવની ૧૦૨ જેટલી સમિતીમાં દિવસ-રાત ફરજ બજાવી મહોત્સવને ચાર ચાંદ લગાવી દેનાર ૬૫૦૦ થી વધુ સ્વયંસેવકોની સેવાને બિરદાવી હતી. રાજયના મહામહીમ રાજયપા, આચાર્ય દેવવ્રતજીએ કૃષિ સંમેલનનું ઉદઘાટન કરતા જણાવ્યું હતુ કે વિદ્યા માટે સરસ્વતી, વિરતા માટે દુર્ગા જીવન ઉત્કષ'' માટે લક્ષ્મી અને ધર્મ માટે જગતજનની માં ઉમીયા સહીત માતૃશિકતની ઉપાસના કરવામાં આવે છે. પાટીદાર સમાજે શ્રી ૧૧ સતાબ્દી મહોત્સવની ઉજવણી સાથે શિક્ષણધામ સહીત સમાજ ઉપયોગી કાર્યના સંકલ્પો થકી નવી પેઢી માટે શિક્ષણ ઉન્નતિ અને પ્રગતીના દ્વાર ખોલશે. વ્યસન મુકત સમાજના નિર્માણ સહીત પ્રકોલ્પો શિક્ષીત પાટીદાર સમાજનું નવ નિમાર્ણ કરશે. જીવનમાં ધર્ધ જોડાણ સારા કર્મમાં નિમીત બનશે. તેમણે સારા ખરાબ કર્મની વાત દ્રષ્ટાંત સાથે સમજાવી હતી. આજ વિશ્વમાં ધાર્મિક સ્થાનો વધ્યા છે. છતાં માનવ જીવનમાં પ્રસન્નતાનો અભાવ જોવા મળે છે. ત્યારે આવા મહોત્સવ થકી સમાજમાં લોક કલ્યાણના કાર્યો ર્થ અને રાષ્ટ્ર નિમાર્ણમાં સહયોગી બનશે. દેવવ્રતજીએ ૪૦૦ કરોડની ઉમીયા સમૃધ્ધી યોજના-૩ ને બીરદાવતા કહયું હતું કે શિક્ષણનું દાન એ શ્રેષ્ઠ દાન છે. ઝેર મુકત અને પ્રાકૃતિક ખેતીની હિમાયત કરતા તેમણે વધુ ઉત્પાદન માટે યુરીયા, જંતુનાશક દવાના વપરાશથી ફળદુપ જમીન અને અળસીયા નાશ પામી રહયા છે. પરિણામે ભાત, ઘઉં જેવા અનાજોમાં ૬૫ ટકા પોષક તત્વો નાશ પામી રહયાનું વૈજ્ઞાનિક શોધમાં સાબીત થતું છે. જે માનવ જીવન માટે વિનાશક છે. ધરતી ઉપર પ્રાકૃતિક ખેતી વધશે તો પાણી અને પર્યાવરણી બચત થશે. પરિણામે પ્રાકૃતિક ખેતીનું અને પ્રાકૃતિક આહારનું ચલણ વધારવું જોઈએ. પ્રાકૃતિક આહારનું ચલણ વધશે તો જ ઉત્પાદનમાં વધારો થશે. સિદસર ખાતે તા. ૨૬ને ગુરૂવારના રોજ સવારે ૯ કલાકે યોજાયેલ કૃષિ સંમેલનમાં અતિથિવિશેષ તરીકે વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ સી.કે. પટેલ, ધારાસભ્યો દુલ્લભજીભાઈ દેથરીયા, મહેન્દ્રભાઈ પાડલીયા, પ્રકાશભાઈ વરમોરા, ઉપાટીદાર સમાજ અમદાવાદના પ્રમુખ મગનભાઈ જાવીયા, પાટીદાર સમાજ વડોદરાના પ્રમુખ મણીભાઈ વાછાણી, પાટીદાર સમાજ સુરતના પ્રમુખ વજુભાઈ માણાવદરીયા, પાટીદાર સમાજ મુંબઈના પ્રમુખ ગીરીશભાઈ ગોવાણી, સુરેન્દ્રનગરના પરસોતમભાઈ વરમોરા, ઉમીયાધામ ખાતે બપોરબાદ યોજાયેલા સામાજીક સંમેલનમાં સમારોહના અધ્યક્ષ તરીકે ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાના પ્રમુખ બાબુભાઈ જમનાદાસ પટેલ, ઉમિયામાતાજી મંદિર સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાલીયા મહોત્સવના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, મહામંત્રી જયેશભાઈ પટેલ, સહ મહામંત્રી કૌશિકભાઈ રાબડીયા, મહોત્સવની આયોજન સમિતિના પ્રમુખ ચીમનભાઈ સાપરીયા, કન્વીનરો ગોવિંદભાઈ વરમોરા, મનસુખભાઈ પાણ, મહોત્સવના મુખ્ય યજમાન જગદિશભાઈ કોટડીયા, પુનીતભાઈ ચોવટીયા ઉમીયા સમૃધ્ધિ યોજનાના બી.એચ.ધોડાસરા સમુધ્ધિ યોજના-૨ ના મહાપદ્મ દાતા જીવનભાઈ ગોવાણી, સરદારધામ અમદાવાદના ગગજીભાઈ સુતરીયા, ઉમાધામ ગાંઠીલાના પ્રમુખ નિલેશભાઈ ધુલેશીયા, ઉમિયાધામ નાગપુરના પ્રમુખ જીવરાજભાઈ પટેલ, રાજકોટના મુળજીભાઈ ભીમાણી, ગીંગણીના રમેશભાઈ સાપરીયા, અમેરીકાથી અશ્વિનભાઈ જાવીયા, દિપકભાઈ ગોવાણી ઉપસ્થિત રહયા હતા.

# જૂનાગઢ જીલ્લામાં હળવા વરસાદની આગાહી અનુલક્ષીને ખેડુતો અને વેપારી મિત્રોએ તકેદારીનાં પગલા લેવા

જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢ જિલ્લામાં હવામાન ખાતાના પૂર્વાનુમાન અનુસાર તા.૨૭/૧૨/૨૦૨૪ થી તા. ૨૮/૧૨/૨૦૨૪ દરમ્યાન હળવા વરસાદની આગાહી થયેલ છે. વરસાદને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે, તેમ છતાં નીચે મુજબના તકેદારીનાં પગલા લેવા રાજ્યના ખેડુતોને સંદેશ આપવામાં આવે છે. કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક, તાડપત્રીથી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.મા વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવે છે. એ.પી.એમ.સી.મા અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.મા વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવા. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ) નો સંપર્ક કરવો. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે.

### આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ આજથી ત્રણ દિવસ સૌરાષ્ટ્રના પ્રવાસે

# ભાવનગર, જૂનાગઢ, રાજકોટ અને જામનગર જીલ્લાની મુલાકાત કરશે

### સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં આરોગ્ય વિષયક કામગીરીની સમીક્ષા કરશે : હોસ્પિટલની મુલાકાત લઈને વિવિધ રજૂઆતો, હાલની કામગીરી અને ભવિષ્યના આયોજન સંદર્ભે રિવ્યુ બેઠક કરશે

**અમદાવાદ સિવિલ મેડિસીટીની તર્જ પર રાજકોટ અને ભાવનગરમાં નિર્માણાધીન કેમ્પસ અને સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલની મુલાકાત લઈ સમગ્ર પ્રોજેક્ટનું રિવ્યું પણ કરશે**

જૂનાગઢ, તા.૨૭

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટલ આજ તા. ૨૭ ડિસેમ્બરથી તા.૨૯ ડિસેમ્બર એટલે કે ત્રણ દિવસ સૌરાષ્ટ્ર પ્રવાસે જવાના છે. આ ત્રિદિવસીય પ્રવાસમાં મંત્રી શ્રી ભાવનગર, જુનાગઢ, રાજકોટ અને જામનગર જિલ્લાની મુલાકાત કરશે. વિગતે પ્રવાસ જોઈએ તો મંત્રી ઋષિકેશ પટેલ તા. ૨૭મીના રોજ ભાવનગર ખાતે વડાપ્રધાનશ્રીના એક વર્ચ્યુઅલ કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ, ભાવનગર સરકારી હોસ્પિટલની મુલાકાત લેશે.

અમદાવાદ સિવિલ મેડિસીટીની તર્જ ઉપર ભાવનગર હોસ્પિટલમાં ચાલી રહેલ સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલના નિર્માણ કાર્યના વિવિધ પ્રોજેક્ટની સમગ્રતયા સમીક્ષા કરશે. તા.૨૮ ડિસેમ્બરના રોજ જુનાગઢ અને રાજકોટ હોસ્પિટલમાં ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટ , સ્થાનિક સમસ્યાઓ, ધારાસભ્યો, પદાધિકારીઓ, વિવિધ નાગરિકો તરફથી મળતી રજૂઆત અને ફરિયાદ સંબંધિત બેઠક કરીને વિગતવાર આ મુદ્દાઓ ઉપર ચર્ચા અને સમીક્ષા કરશે. આ દરમ્યાન મંત્રી હોસ્પિટલની મુલાકાત લઈને ત્યાની પરિસ્થિતિ , મુખ્ય જરૂરિયાતો , આગામી ડેવલપમેન્ટ પ્લાનની પણ માહિતી મેળવશે. તા. ૨૯ ડિસેમ્બરના રોજ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં હાજરી આપ્યા બાદ જામનગર ખાતે આયોજીત ઉમિયા માતાજી મંદિર સિદસરના શતાબ્દી મહોત્વસ-૨૦૨૪માં પણ ઉપસ્થિત રહેશે.

# અદાણી પોર્ટખાતે સૌ પ્રથમવાર LNG સંચાલિત કન્ટેનર જહાજ પહોંચ્યું

### સમગ્ર શિપિંગ ઉદ્યોગ માટે માઈલસ્ટોન સમાન ઘટના



મુંદ્રા, તા.૨૭

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ) મુંદ્રા ફરી એકવાર ઐતિહાસીક ક્ષણનેં શાક્ષી બન્યું છે. સૌ પ્રથમવાર ન્દ્રવ્યસંચાલિત કન્ટેનર જહાજ, CMA CGM ફોર્ટ ડાયમન્ટ, અદાણી પોર્ટ સ્થિત કન્ટેનર ટર્મિનલ-CT4 ખાતે આવી પહોંચ્યું છે. આ નોંધપાત્ર ઘટના માત્ર મુન્દ્રા પોર્ટ માટે જ નહીં પરંતુ સમગ્ર શિપિંગ ઉદ્યોગ માટે માઈલસ્ટોન સમાન છે.

CMA CGM ફોર્ટ ડાયમન્ટ જહાજ, જેની લંબાઈ ૨૬૮ મીટર અને ૪૩ મીટર બીમ છે, ગત એક માસથી જ દરિયાઈ સેવાઓમાં કાર્યરત આ જહાજ ૭,૦૦૦ કન્ટેનરોની ક્ષમતા અને LNG-સંચાલિત જહાજોની શ્રેણીમાં ત્રીજું છે. કંપની દ્વારા CIMEX2K/AS-1 સર્વિસમાં આ જહાજને સામેલ કરવામાં આવ્યું છે (ભારત તરફથી CMA CGM પ્રતિષ્ઠિત સર્વિસ માની એક), આ સર્વિસ ભારતીય ઉપ-ખંડને ચીન સાથે જોડે છે. જહાજને આગમન ઉપર જ બર્થ કરવામાં આવ્યું હતું તે ઉતમ શિપિંગ અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ સર્વિસ આપવાઅદાણી પોર્ટની પ્રતિબદ્ધતા જ નહીં, પરંતુ વધુ કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા સાથે ગ્રાહકોને સેવા આપવાની દક્ષતાપણ દર્શાવે છે.

સૌ પ્રથમ LNG-સંચાલિત જહાજ MV CMA CGM ફોર્ટ ડાયમન્ટનીમુંદ્રા પોર્ટ ઉપરની યાત્રાને પોર્ટે ગર્વથી ઉષ્માભેર આવકારી હતી.મુંદ્રા પોર્ટ ખાતે ૨૧ મીટર ઉંડાઈ સુધીની કેપેસીટીના જહાજ સહજતાથી લંગારી શકે છે.દર અઠવાડિયે મેઈનલાઈનર જહાજોની આવાગમન સાથે વૈશ્વિક કનેક્ટિવિટી અને કન્ટેનર ટ્રાફિકને હેન્ડલ કરવા માટે જરૂરી આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે કન્ટેનર હબ બનવા પામ્યું છે. આ પોર્ટ રેલ અને રોડ દ્વારા રાજ્યના ધોરીમાર્ગો અને રેલ કોરિડોર દ્વારા તેના અંતરિયાળ વિસ્તારોમાં સારી રીતે જોડાયેલું છે ઉપરાંત સુવર્ણ ચતુર્ભુજની DFC રેખાઓ સાથે સીધું જોડાયેલું છે.

લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) સંચાલિત જહાજ તેનાઉત્સર્જનને નોંધપાત્ર રીતે ઘટાડવાની ક્ષમતાને કારણે શિપિંગ ઉદ્યોગમાંપસંદગીના ઈંધણ તરીકે સ્થાન મેળવી રહ્યું છે.તે પરંપરાગત દરિયાઈ ઈંધણની તુલનામાં પર્યાવરણને સુસંગત વિકલ્પ છે. ભારતની સૌથી મોટી પોર્ટ અને લોજિસ્ટિક્સ કંપની અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડના (APSEZ) ફ્લેગશિપ મુન્દ્રા પોર્ટે અગાઉ સૌથી મોટા કન્ટેનર જહાજ MSC Anna લાંગરીને એક રેકોર્ડ બનાવ્યો હતો. MSC Anna ૨૬ મેના રોજ મુંદ્રા પોર્ટ ખાતે ડોક કરવામાં આવ્યું હતુ.ભારતના સૌથી વ્યસ્ત બંદરોમાંનુ એક મુંદ્રા ખાતે APL રેફલ્સ લાંગરવામાં આવેલું સૌથી મોટું જહાજ હતું.

# દ્વારકાની ગોમતી નદીમાં શિયાળાની ઋતુમાં યાયાવર પક્ષીઓનું આગમન




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૭

દ્વારકાની પવિત્ર ગોમતી નદીમાં શિયાળાની ઋતુમાં સિગલ પક્ષીઓનું આગમન થયું છે. ગોમતીનદીના પાણીમાં પક્ષીઓ ખોરાક ખાવા ચડી આવ્યા છે. પવિત્ર ગોમતીજીમાં રહેલ માછલીઓને લોટ નાખી દાન પુણ્ય કરતા હોય છે. એ ગોમતી નદીમાં સંખ્યાબંધ પક્ષીઓ ખોરાક માટે આવી ચડ્યા છે. એક બાજુ લોકો માછલીઓને લોટ નાખી ખોરાક પુરો પાડે છે. ત્યારે પક્ષીઓ ખોરાક માટે માછલીઓ આરોગવા ચડી આવે છે.

# સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ પીએચ.ડી. સંશોધકો માટે સમીક્ષા બેઠક યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

સોમનાથ, તા.૨૭

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC)ના નિયમો મુજબ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ તેમના પીએચ.ડી. સંશોધકો માટે ૨૬-૧૨-૨૦૨૪ના રોજ પરિસરમાં છ-માસિક પ્રગતિ પ્રતિવેદન સમીક્ષા બેઠક (6-Monthly Ph.D. Progress Report Review Meeting)નું આયોજન કર્યું હતું. તેમાં વ્યાકરણ, વેદ અને પુરાણ વિષયના પીએચ.ડી. સંશોધકો ઉપસ્થિત રહ્યા હતા. બાહ્ય-વિષય નિષ્ણાંતરૂપે જે.એમ. પાનેરા આર્ટ્સ કોલેજ, માણાવદરના પ્રધાનાચાર્ય ડૉ. મહેશભાઈ મૈત્રા, અત્રેની યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના અધ્યક્ષ પ્રો. વિનોદ કુમાર ઝા, વ્યાકરણ વિષયના માર્ગદર્શક ડો.અમૃતલાલ ભોગાયતા, ડો.વિદુષી બોલ્લા, પુરાણ વિષયના માર્ગદર્શકરૂપે અત્રેના ડો.પંકજકુમાર રાવલ, વેદ-વેદાંગ સંકાય અંતર્ગત જ્યોતિષ વિષયના માર્ગદર્શકરૂપે ડૉ. રમેશચંદ્ર શુક્લા અને સભ્યસચિવ-માર્ગદર્શકરૂપે અત્રેના સંશોધન અધિકારી ડો.કાર્તિક પંડ્યા ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠકના સંયોજક સંશોધન અધિકારી ડો.કાર્તિક પંડ્યા હતા. સંકલનકર્તા તરીકે રિસર્ચ એડવાઈઝર ફેસિલીટેટર રાહુલ ત્રિવેદીએ કામગીરી કરી હતી. સમગ્ર બેઠકનું મંચ સંચાલન પણ રાહુલ ત્રિવેદીએ કર્યુ હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# રાજમાર્ગો પર દબાણ

એ નિરાશાજનક સચ્ચાઈ છે કે રાષ્ટ્રીય રાજમાર્ગો પર ગેરકાયદે કબ્જા અને દબાણને લઈને ઉદાસીનતા કેળવવામાં આવે છે. હાલમાં જ સંસદમાં આપવામાં આવેલ એક માહિતી અનુસાર છેલ્લા ત્રણ વર્ષમાં રાજમાર્ગો પર દબાણના કેસોમાં ના તો કોઈના પર કેસ નોંધવામાં આવ્યો છે કે ના કોઈ દંડ કરવામાં આવ્યો છે. એટલાથી સંતુષ્ટ ન થઈ શકાય કે રાજમાર્ગો પર થનારા કબ્જા અને દબાણને હટાવવાનું કામ થતું રહે છે, કારણ કે એવું કરનારા વિરુદ્ધ કોઈ દંડાત્મક કાર્યવાહી ન થવાથી તેઓ ફરીથી રાજમાર્ગો પર દબાણ કરવા માંડે છે. તેની જાણ એના પરથી થાય છે કે આ વર્ષે મધ્ય પ્રદેશમાં રાજમાર્ગો પરથી ૧૮૬૬ ગેરકાયદે કબ્જા હટાવવામાં આવ્યા, મહારાષ્ટ્રમાં ૧૦૬૨ અને ગુજરાતમાં ૧૧૫૩. આ જ રીતે એનસીઆરમાં ૯૨ ગેરકાયદે કબ્જા હટાવવા પડ્યા. શું કોઈ એ દાવો કરી શકે કે આ ગેરકાયદે કબ્જા ફરીથી નહીં થાય? તેની ભરપૂર આશંકા છે કે તેમાંથી કેટલાક કબ્જા ફરીથી કરવામાં આવ્યા જ હશે. સમજવું મુશ્કેલ છે કે રાજમાર્ગોને બાધિત કરનારાઓ વિરુદ્ધ આટલી ઉદારતા કેમ રાખવામાં આવે છે? એ સમજવું જોઈએ કે રાજમાર્ગો પર દબાણ અને ગેરકાયદે કબ્જો કરનારા વિરુદ્ધ દંડાત્મક કાર્યવાહી કર્યા વિના આવાગમનને સુગમ બનાવવું સંભવ નહીં બને.

જ્યારે રાજમાર્ગ અતિક્રમણ અને ગેરકાયદે કબ્જાનો શિકાર થાય છે તો માત્ર ટ્રાફિક જ બાધિત નથી થતો, બલ્કે દુર્ઘટનાઓનું પણ જોખમ વધી જાય છે. એ એક તથ્ય છે કે રાજમાર્ગો પર થનારી દુર્ઘટનાઓ અને તેમાં મરનારા અને ઘાયલ થનારાની સંખ્યા સતત વધી રહી છે. રાજમાર્ગો પર દબાણના કેસમાં સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય માત્ર રાજ્ય સરકારોને દોષ ન આપી શકે, કારણ કે પ્રશ્ન એ છે કે તેની પોતાની એજન્સીઓ શું કરી રહી છે? કોઈ રાજમાર્ગ પર ગેરકાયદે કબ્જા કે દબાણને હટાવીને કર્તવ્ય પૂરું સમજી લેવાય નહીં, કારણ કે તેની ગેરંટી નથી કે ત્યાં ફરીથી દબાણ નહીં થાય. આપણા દેશમાં તો સ્થિતિ એવી છે કે જો ક્યાંક આજે દબાણ હટાવવામાં આવે છે તો કાલે તે ફરીથી પાછાં આવી જ જાય છે. એ પણ કોઈથી છૂપું નથી કે કેટલીય વખત રાજમાર્ગોના કિનારે દુકાનો લાગી જાય છે કે પછી ઓટો-ટેમ્પો અને બસો મુસાફરોને ઉતારવા-લેવાનું કામ કરવા લાગે છે. એના પર ત્યાં સુધી કોઈ ધ્યાન નથી આપતું, જ્યાં સુધી કોઈ દુર્ઘટના ન ઘટે.

એ ઠીક છે કે સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે પોતાના ક્ષેત્રીય કાર્યાલયો સાથે હાઈવે પ્રશાસનને ગેરકાયદે કબજા અને દબાણની તપાસ માટે રાજમાર્ગોના નિરીક્ષણના નિર્દેશ આપ્યા છે, પરંતુ એવા કોઈ નિર્દેશની તો જરૂર જ ન પડવી જોઈએ, કારણ કે એ જોવાનું તો તેમનું પ્રાથમિક દાયિત્વ છે કે રાજમાર્ગો પર આવી કોઈ પ્રકારની અડચણ ઊભી ન થવા પામે.

# આગામી ગુરૂવારે ખામટા મહિલા કોલેજ ઉપક્રમે મેટોડામાં જાથાનો અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૭

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના મેટોડા ગામમાં ખામટા સંચાલિત એમ.જે. માલાણી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની મહિલા કોલેજ દ્વારા રાષ્ટ્રીય સેવા આયોજના ખાસ શિબિરમાં છાત્રાઓ, વાલી અને ગ્રામજનોમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો જનજાગૃતિ કાર્યક્રમ ગુરૂવાર તા. ૨ જી જાન્યુઆરીએ રાત્રિના ૮ કલાકે લેઉઆ પટેલ સમાજમાં આયોજન કરવામાં આવ્યું છે.

જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયા ધારદાર વકતવ્ય આપી વૈજ્ઞાનિક સમજ આપશે. દેશભરમાં ફિલ્ડ ઉપર કામ કરતી એકમાત્ર સંસ્થા જાથાનો ૧૦૦૫૧ મો જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્‌ઘાટનમાં સરદાર પટેલ સોશ્યલ ગ્રૃપના ગોરધનભાઈ શીંગાળા, ગોરધનભાઈ લક્કડ, ડો. પી. જે. પીપળીયા, સૌ. યુનિ. ના એનએસએસના ડો. એન. કે. ડોબરીયા, ટ્રસ્ટના પ્રમુખ ઉમેશભાઈ માલાણી, ડો. ડાયાભાઈ પટેલ, પરસોતમભાઈ સાવલીયા, હંસરાજભાઈ લીંબાસીયા, પ્રિન્સિપાલ ચેતનાબેન ઠુંમર, શિવલાલભાઈ ગઢિયા, પ્રોગ્રામ ઓફિસર પ્રોફે. શાંતિભાઈ રાબડીયા, અક્ષયભાઈ રૂપારેલીયાની હાજરીમાં કરવામાં આવશે. કોલેજના પ્રિન્સિપાલ ચેતનાબેન ઠુંમરે જણાવ્યું કે એનએસએસ યુનિટ-૧ અને ૨ ની ખાસ શિબિર ખજુરડી ગામે યોજવામાં આવેલ છે. સાત દિવસના આયોજનમાં ગ્રામોત્થાન, ગ્રામોત્સવ, સર્વાંગી વિકાસ કાર્યક્રમમાં જાથાનો લોકપ્રિય કાર્યક્રમ હોવાથી ગામમાં અનેરો ઉત્સાહ છે. આ પ્રસંગે અગ્રગણીઓમાં મનોજભાઈ માલાણી, અવચરભાઈ મેંદપરા, હેમતભાઈ તળપદા, વલ્લભભાઈ ડોબરીયા, નરેશભાઈ પટેલ, શિવલાલભાઈ વેકરીયા, હર્ષદભાઈ માલાણી, તુલસીભાઈ તાલપરા, ડો. ગોરધનભાઈ પટેલ, કમલેશભાઈ ડોબરીયા, હર્ષદભાઈ પીપળીયા, કિશોરભાઈ સોજીત્રા, ગોરધનભાઈ સોજીત્રા, વિજયભાઈ સોજીત્રા, લાલજીભાઈ સોજીત્રા, વલ્લભભાઈ ભંડેરી, ઉજ્જવલબેન સાનીયા, મંજુલાબેન સોજીત્રા, કાંતાબેન સોજીત્રા, રીપલબેન સોજીત્રા વિગેરે ગામના આગેવાનો ખાસ હાજરી આપવાના છે. ચમત્કારિક પ્રયોગોમાં એકના ડબલ, સંમોહન, ધૂંણવું-સવારીની ડીંડકલીલા, હાથમાંથી કંકુ-ભસ્મ, લોહી નીકળવું, હાથ-માથા ઉપર દિવા રાખવા, ધગધગતા અંગારા શરીર ઉપર ફેરવવા, ભુવાની સાંકળ મારવાની ધતિંગલીલા વિગેરે પ્રયોગોનું નિદર્શન સાથે શીખડાવવામાં આવશે. રાજયમાં પોતાના ગામમાં કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# દેવભૂમિ દ્વારકા જીલ્લા ભાજપના જુદા જુદા આઠ મંડલના પ્રમુખોની નિયુક્તિ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭


દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના જુદા જુદા આઠ મંડળ પ્રમુખોની વિધિવત રીતે જાહેરાત મંગળવારે કરવામાં આવી છે. આ નિયુક્તિમાં યુવા ચહેરાઓને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં ૪૦ વર્ષથી નીચેના અને સતત છ વર્ષથી ભાજપમાં હોય તેવા કાર્યકરોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

આ માટે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાજપના ચૂંટણી અધિકારી હિરેનભાઈ હિરપરા દ્વારા કરવામાં આવેલી મંડળ પ્રમુખની જાહેરાતમાં ખંભાળિયા શહેર માટે મિલનભાઈ અજીતભાઈ કિરતસાતા (જોષી), સલાયા શહેર માટે ચિરાગભાઈ દિલીપભાઈ તન્ના (લાલજીભાઈ ભુવા), ભાણવડ તાલુકા માટે અલ્પેશભાઈ પરબતભાઈ પાથર, ભાણવડ શહેર માટે અજયભાઈ વિરમભાઈ કારાવદરા, કલ્યાણપુર તાલુકા માટે વલ્લભભાઈ કુરજીભાઈ હડીયલ, રાવલ શહેર માટે સચિનભાઈ સતિષભાઈ અગ્રાવત, દ્વારકા તાલુકા માટે વિક્રમસિંહ ખેંગારભા સુમણીયા, અને દ્વારકા શહેર માટે કિશનભાઈ અભયભાઈ વાયડાની નિયુક્તિ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લાના ૧૦ મંડલમાંથી ઓખા અને ખંભાળિયા તાલુકા મંડલ બાદ કરતા આઠ મંડલ પ્રમુખને તેમની જવાબદારી સોંપવામાં આવી છે.

અને આગામી સમયમાં ખંભાળિયા તાલુકાના સલાયા અને ભાણવડ તથા દ્વારકા નગરપાલિકાની ચૂંટણી પણ યોજાનાર છે.નવનિયુક્ત તમામ મંડળના પ્રમુખોને ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, મહામંત્રી રસિકભાઈ નકુમ, યુવરાજસિંહ વાઢેર, મંત્રી રાજુભાઈ ભરવાડ, કશ્યપભાઈ ડેર તેમજ તેમની ટીમે આવકારીને શુભેચ્છાઓ પાઠવી છે.

# ભાણવડના ચર્ચમાં નાતાલની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

ભાણવડમાં આવેલા ચર્ચ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ નાતાલના પર્વ અનુસંધાને પૂજાપાઠ સાથે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. અહીંના ચર્ચને આકર્ષક રોશનીથી શણગારવામાં આવ્યું હતું. તેમજ ભગવાન ઈશુનો જન્મ ગાયોની ગમાણમાં થયો હતો, જેથી ચર્ચના પટાંગણમાં ગાયોની ગમાણનું મોડેલ બનાવાયું હતું. નાતાલના દિવસે સવારના ભાગ્યે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં અનેક બાળકોએ ભાગ લીધો હતો. આ ભાગ લેનારા તમામ બાળકોને અશોકભાઈ ભટ્ટ અને હરસુરભાઈ ગઢવી દ્વારા આકર્ષક સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. ત્યાર બાદ બટુક ભોજન પણ કરાવાયું હતું. જેનો લાભ ૪૦૦ જેટલા બાળકોએ લીધો હતો. ભણવણમાં ગઈકાલે દિવસ દરમ્યાન સ્થાનિક ધર્મપ્રેમી લોકોએ ચર્ચની મુલાકાત લીધી હતી અને રોશનીથી ઝળહળતા આ ચર્ચ અને ગાયોના ગમાણનું મોડેલ જોઈ લોકો મંત્રમુગ્ધ બન્યા હતા.

# ખંભાળિયામાં જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને સુશાસન દિવસની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

ભારત રત્ન અને દેશના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીની સ્મૃતિમાં સમગ્ર રાજયમાં 'ગુડ ગવર્નન્સ ડે' (સુશાસન દિવસ)ની ઉજવણી કરવામાં આવી છે. જે અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યાના અધ્યક્ષસ્થાને ખંભાળિયામાં જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત કલેકટર જી.ટી. પંડ્યાએ કર્મયોગના સિદ્ધાંતો સમજાવતા કહ્યું હતું કે, કર્મયોગ એ આપણને દૈનિક કામમાંથી પુણ્યકર્મ કમાવવાની તક આપે છે. સુશાસન ટીમ વર્કથી આવી શકે છે. કર્મયોગનાં સિદ્ધાંતો અપનાવવાથી આપણે ખૂબ કાર્યક્ષમ બની શકીએ. અને કુશળતા પૂર્વક કરવામાં આવેલા કામથી નાગરિકો પણ સંતોષની લાગણી અનુભવે છે. આ સાથે જિલ્લા કક્ષાની કચેરીઓમાં શ્રેષ્ઠ કામગીરી માટે ખંભાળિયાની મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીને સન્માનપત્ર એનાયત કરી, સન્માનિત કરવામાં આવી હતી. આ આયોજનમાં ડેપ્યુટી કલેક્ટર રિધ્ધિ રાજ્યગુરુ, મામલતદાર વિક્રમ વરૂ, તાલુકા વિકાસ અધિકારી કે.વી. શેરઠીયા સહિત વિવિધ વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયા શહેર ભાજપ સંગઠનમાં લાંબા સમય બાદ બ્રહ્મ સમાજને પ્રાધાન્ય




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાજેતરમાં ભાજપ દ્વારા જુદા જુદા મંડલના પ્રમુખની વિધિવત રીતે જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ખંભાળિયા શહેર ભાજપના પ્રમુખ તરીકે મિલનભાઈ અજીતભાઈ કિરતસાતાની નિમણૂક કરવામાં આવી છે. ત્યારે શહેર ભાજપ પ્રમુખના આ મહત્વના હોદ્દા ઉપર લાંબા સમય બાદ પ્રથમ વખત બ્રહ્મ સમાજને સ્થાન આપવામાં આવતા આ બાબતને સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આવકારવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટીના વર્ષો જૂના યુવા કાર્યકર મિલનભાઈ કિરતસાતાને શહેર ભાજપ પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવતા આને અનુલક્ષીને બ્રહ્મ સમાજના કાર્યકરો દ્વારા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી તેમજ તેમની ટીમ સાથે સંગઠનનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. સાથે સાથે નવનિયુક્ત પ્રમુખ મિલનભાઈને સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ વિજયભાઈ બુજડ, દેવભૂમિ દ્વારકા જિલ્લા પ્રમુખ વિપુલભાઈ જોશી સાથે જીગ્નેશભાઈ ઠાકર, જીતુભાઈ મોતા, ચેતનભાઈ જોશી, સંજયભાઈ થાનકી, હિતેશભાઈ બોડા સહિતના હોદ્દેદારો તેમજ જ્ઞાતિજનોએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ખંભાળિયામાં રઘુવંશી મહિલાઓ માટે શિયાળુ સ્પેશિયલ વસાણાની વાનગી હરીફાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

ખંભાળિયાની રઘુવંશી સેવા સંસ્થા લોહાણા મહિલા મંડળ મિત્ર મંડળના ઉપક્રમે આગામી શનિવાર તારીખ ૨૮ મી ના રોજ રઘુવંશી જ્ઞાતિના મહિલાઓ માટે શિયાળુ સ્પેશિયલ વસાણા વાનગી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત અત્રે બેઠક રોડ પર આવેલી નવી લોહાણા મહાજન વાડી ખાતે શનિવારે સાંજે ૪ થી ૬ વચ્ચે આ સ્પર્ધા યોજાશે. જેમાં હાલ શિયાળાની ઋતુમાં વસાણાનું મહત્વ સમજાવી, અને તેનાથી થતા ફાયદા અંગેની જાણકારી બહેનોને આપવામાં આવશે. આટલું જ નહીં, આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરને ખાસ ઈનામો તેમજ સ્પર્ધામાં ભાગ લેનારા તમામ બહેનોને પ્રોત્સાહક ઈનામો પણ આપવામાં આવશે. જેમાં સહભાગી થવા રઘુવંશી જ્ઞાતિના બહેનોને આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# શિયાળાની કડકડતી ઠંડીમાં કેવી રીતે લઈશું પશુ, પક્ષીઓની કાળજી



શિયાળાની ઋતુ શરૂ થઈ ગઈ છે અને દિવસે દિવસે તાપમાનમાં ઘટાડો થતા ઠંડીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. શિયાળાની ઠંડીમાં પશુ અને પક્ષીઓનું ધ્યાન રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. પશુઓ અને પક્ષીઓના શરીર પર તાપ માટે સાહજિક તંત્ર હોય છે એ છતાં, તીવ્ર ઠંડીમાં તેમના શરીરનું તાપમાન ઘટી શકે છે, જે તેમના માટે હાઈપોથર્મિયા જેવી જિંદગી માટે જોખમકારી પરિસ્થિતિઓનું નિર્માણ થઈ શકે છે. ઠંડીના દિવસોમાં પશુ, પક્ષીઓને તેમના શરીરનું તાપમાન જાળવવા માટે ઉર્જાની જરૂર પડે છે. તેમના શરીરમાં ઉર્જા અને પોષણની કમી તેમને નબળા પાડી શકે છે, જેના કારણે તેમની રોગપ્રતિકારક શક્તિ પર અસર થાય છે અને તેમને બીમારીઓ થવાની સંભાવના વધે છે. ઠંડીમાં પાણી ઠંડીને કારણે જામી શકે છે અથવા અતિ ઠંડુ હોવાના કારણે પશુઓ અને પક્ષીઓને પૂરતું પાણી મળતું નથી. પાણીની અછત તેમને ડિહાઈડ્રેશન તરફ ધકેલી શકે છે. અતિ ઠંડીના કારણે પશુ, પક્ષીઓ શ્વાસ નળી સંબંધિત રોગો, સોજા જેવી તકલીફોમાં સપડાઈ શકે છે. આ તમામ કારણોસર ઠંડીના સમયમાં પશુ, પક્ષીઓની વિશેષ કાળજી લેવી જોઈએ. તેમના માટે આવાસની વ્યવસ્થા કરવી જોઈએ. તેમના માટે છાપરા અથવા શેડનું ઘર બનાવી શકાય છે જેથી તે ઠંડી હવાથી બચી શકે. પશુઓના રહેવા માટે ગાદલા, ભૂસુ અથવા ઘાસની વ્યવસ્થા કરવી જોઈએ જેથી તેઓ ગરમ રહી શકે.

જો શક્ય હોય તો, ગરમી માટે કોઈ ઉષ્મા સ્ત્રોત, જેમ કે હીટર અથવા દીવા, વાપરવા જોઈએ પરંતુ એ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે પશુ, પક્ષીઓ હીટર, દીવા કે અન્ય કોઈ આગવાળા અથવા ઈલેક્ટ્રોનિક સાધનોના સીધા સંપર્કમાં ન આવે. શિયાળામાં પશુઓને ઉર્જા વધુ જરૂરી હોય છે, તેથી પૌષ્ટિક ખોરાક અને હુંફાળા પાણીની વ્યવસ્થા કરવી જોઈએ. ઠંડીમાં પશુ, પક્ષીઓની રોગપ્રતિકારક શકિત ઘટતી જતી હોઈ છે, એટલે સમયાંતરે તેમની તબીબી ચકાસણી કરાવતી રહેવી જોઈએ.

- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# ખંભાળિયાની લોહાણા બોર્ડિંગમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

ખંભાળિયાની દાયકાઓ જૂની આદરપાત્ર શૈક્ષણિક સંસ્થા શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે તાજેતરમાં અહીં ભણી ગયેલા બોર્ડિંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના પાંચમા સ્નેહ સંમેલન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસીય આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પૂર્વ વિદ્યાર્થીઓ જોડાયા હતા. ખંભાળિયાના પોર ગેઈટ વિસ્તાર નજીક આવેલી લોહાણા બોર્ડિંગ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ અહીં રહીને અભ્યાસ કરી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ સંમેલન યોજવામાં આવ્યું હતું. બોર્ડિંગના વિદ્યાર્થીઓની કમિટી દ્વારા યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં શહેર તેમજ બહારગામથી ખૂબ મોટી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અહીં આવ્યા હતા. આ આયોજનમાં ગોષ્ઠી, સમૂહ ચર્ચા, રમતગમત, અનુભવ શેરિંગ, હાસ્ય અને સંગીતના સ્ટેજ પ્રોગ્રામ સાથે સવારના સમયે સામૂહિક વ્યાયામ, પગપાળા પ્રવાસ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ સમગ્ર આયોજન માટે બોર્ડિંગના સંચાલક મંડળનો પણ સહયોગ સાંપળ્યો હતો. આ આયોજનને સફળ બનાવવા માટે ભૂતપૂર્વ વિદ્યાર્થી કમિટીના સિનિયર સભ્યો રમેશભાઈ પોપટ, પ્રદીપભાઈ પાબારી, નરસીદાસ જવાણી, કમલેશભાઈ દાવડા, કલ્પેશભાઈ પાબારી, દીપકભાઈ વિઠલાણી, કનૈયાલાલ દત્તાણી, હરેશભાઈ દતાણી, કૌશિકભાઈ બારાઈએ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે લોહાણા વિદ્યાર્થી ભવનના પ્રમુખ મનુભાઈ મોટાણી તથા સભ્ય હરેશભાઈ બારાઈ, રમણીકભાઈ રાડીયા, મનુભાઈ કાનાણી તથા જ્ઞાતિ આગેવાન પરાગભાઈ બરછા અને એસ.એન.ડી.ટી. હાઈસ્કૂલના પૂર્વ શિક્ષક એન.કે. બોડા તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટનમાં દિપ પ્રાગટ્ય, પૂર્વ સિનિયર વિદ્યાર્થી હરિભાઈ હિંડોચા, કિશોરભાઈ રૂપારેલ, અમૃતલાલ બારાઈ, ઉપેન્દ્રભાઈ સામાણી દ્વારા કરવામાં આવ્યું હતું. સ્થાનિક કક્ષાએ કાર્યક્રમનું સંચાલન ઉપેનભાઈ સામાણી અને રમેશભાઈ દત્તાણીએ તેમજ સ્ટેજ સંચાલન દીપકભાઈ વીઠલાણીએ કર્યું હતું. મોર્નીંગ વ્યાયામ સંસ્થાના ભૂતપૂર્વ વ્યાયામ શિક્ષક જયેષ્ઠારામ બાપુ દ્વારા કરાવવામાં આવી હતી. જેનું સન્માન કૌશિકભાઈ કાનાણી દ્વારા કરવામાં કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને પૂર્વ વિદ્યાર્થીઓએ મન ભરીને માણ્યો હતો.

# ખંભાળિયામાં અજગર પ્રજાતિનો વિશાળ સાપ દેખાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

ભારે વરસાદનાં સમયે જીવજંતુઓ બહાર નીકળતા હોય છે ખાસ કરીને ખેડૂતોને વાડીમાં જતા હોય છે ત્યારે આવા બનાવો વધારે બનતા જોવા મળે છે. પરંતુ શિયાળામાં પણ હવે જીવજંતુઓ બહાર નીકળતાં લોકોમાં ભારે ચીંતા વ્યાપી છે. ખંભાળિયા શહેર નજીક આવેલા ધરમપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં ગઈકાલે સાંજે અજગર નીકળતા લોકોના ટોળા એકત્ર થયા હતા. આ અંગેની જાણ સ્થાનિકો દ્વારા અહીંની જાણીતી પશુ સેવા સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટને કરવામાં આવતા સંસ્થાના કાર્યકરો અશોકભાઈ સોલંકી અને કુંજન શુક્લા દ્વારા આ અજગરનું રેસ્ક્યુ કરાયા બાદ ફોરેસ્ટ વિભાગને સાથે રાખીને તેને કુદરતના ખોળે મુક્ત કરવામાં આવ્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અનાશક્ત મનુષ્ય કર્મ કરવા છતાં પણ તે કર્મબંધનમાં નથી પડતો. - યોગ વશિષ્ઠ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.અમરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર વદ-૧૨ અન્નપૂર્ણા વ્રત સમાપ્ત તા.૨૭ ડિસેમ્બર ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૨૫, વિશાખા નક્ષત્ર, ધૃતિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૩૨, સૂ.અ.૬:૧૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), બપોરે ૧:૫૬ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.
વૃષભ:જીવનસાથીનો સહકાર મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું.
મિથુન:પડવા-વાગવાથી સંભાળવું. ગુપ્ત ચિંતા રહે.
કર્ક: પ્રવાસ-પર્યટનનું આયોજન થાય. ભાઈ-બહેનનો સહકાર મળે.
સિંહ: લાભની તક સાંપડે. નવિન કામગીરીની પ્રગતિ થાય.
કન્યા: પ્રિયજનથી મુલાકાત સફળ રહે. કાર્યમાં મન પરોવાય.
તુલા: યશ, માન, કીર્તિમાં વધારો થાય. છેતરાવવાનો પ્રસંગ બને.
વૃશ્ચિક:જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. વિશેષ સ્નેહ રહે.
ધન: ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.
મકર: નવિન શુભ સમાચાર મળે. ઉત્સાહમાં વધારો થાય.
કુંભ: સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આનંદનો અનુભવ થાય.
મીન: કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે.

# તબીબોની અછત બાબતે સુપ્રીમ કોર્ટની ટિપ્પણી ઉપર સરકાર તાકીદે ધ્યાન આપે

અમદાવાદ તા.૨૭

ભારતમાં ડોકટરોની અછતને લઈને વારંવાર પ્રશ્નો ઊભા થયા છે. હવે સુપ્રીમ કોર્ટે પણ આ વાતને રેખાંકિત કરી છે. વાસ્તવમાં, કોર્ટે મેડિકલ કોલેજોમાં મેડિકલ કોર્સમાં ખાલી પડેલી સીટો ભરવાની સૂચના આપતા કહ્યું કે દેશમાં પહેલાથી જ ડોકટરોની એટલી અછત છે કે સીટોનો વ્યય ન થવો જોઈએ. આ મહિનાના અંત સુધીમાં કાઉન્સેલિંગ કરીને તે બેઠકો ભરવાની રહેશે. સરકારી આરોગ્ય સુવિધાઓની દુર્દશા ઉપર સમયાંતરે અનેક પ્રશ્નો ઊભા થાય છે.

દેશની લગભગ તમામ હોસ્પિટલોમાં મોટી સંખ્યામાં તબીબોની જગ્યાઓ ખાલી છે. આ બાબતમાં ગ્રામીણ વિસ્તારોમાં હોસ્પિટલોની હાલત સૌથી ખરાબ છે. સરકારે પોતે સ્વીકાર્યું હતું કે માર્ચ ૨૦૨૨ સુધીમાં, ગ્રામીણ વિસ્તારોમાં સામુદાયિક આરોગ્ય કેન્દ્રોમાં સર્જન, ફિઝિશિયન, ગાયનેકોલોજિસ્ટ અને બાળરોગ નિષ્ણાતોની લગભગ ૮૦ ટકા અછત હતી. યુનેસ્કોએ પણ ઘણી વખત કહ્યું છે કે ભારતમાં દર હજાર લોકો માટે એક કરતાં ઓછા ડૉક્ટર છે. આવી સ્થિતિમાં જો ડોક્ટરો તૈયાર નહીં હોય તો આ ઘટાડો કેવી રીતે ભરાશે? જો કે, જાહેર આરોગ્ય કેન્દ્રોમાં તબીબોની અછતના અન્ય ઘણા કારણો પણ સ્પષ્ટ છે. અગાઉ એવી દલીલ કરવામાં આવી હતી કે મેડિકલ કોલેજોમાં બહુ ઓછી બેઠકો હોવાથી અમે જરૂરિયાત મુજબ લાયકાત ધરાવતા ડૉક્ટરો તૈયાર કરી શકતા નથી. તેને જોતા કેટલીક નવી કોલેજો ખોલવામાં આવી હતી અને તમામ કોલેજોમાં બેઠકો વધારવામાં આવી હતી. આ રીતે છેલ્લા દસ વર્ષમાં મેડિકલ કોર્સની સીટો લગભગ બમણી થઈ ગઈ છે. આ ઉપરાંત દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ વિદેશી સંસ્થાઓમાં અભ્યાસ કરીને પરત ફરે છે. ખાનગી હોસ્પિટલોની સંખ્યા સતત વધી રહી છે અને આ ખાનગી હોસ્પિટલોમાં ડોકટરોની કોઈ કમી જણાતી નથી. સરકારી આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોમાં ડોકટરોની અછતનું મુખ્ય કારણ એ છે કે તેમાં ભરતી પર ગંભીર રીતે ધ્યાન આપવામાં આવતું નથી. ગ્રામીણ વિસ્તારોમાં ડોકટરોની અછતને દૂર કરવા માટે એક નિયમ બનાવવામાં આવ્યો હતો કે તબીબી અભ્યાસ પૂર્ણ કર્યા પછી, દરેક ડોકટરે ઓછામાં ઓછા એક વર્ષ માટે ગ્રામીણ વિસ્તારોમાં ફરજ બજાવવી પડશે, પરંતુ તે નિયમનું ગંભીરતાથી પાલન કરવામાં આવતું નથી. દરેક ડૉક્ટર શહેરમાં રહેવા માંગે છે ત્યાં તેને કમાણી માટે વધુ તકો હોય છે. આ સંજોગોમાં, સર્વોચ્ચ અદાલતની ટિપ્પણીઓને વ્યાપક અર્થમાં લેવાની જરૂર છે કારણ કે તે માત્ર મેડિકલ કોલેજોમાં ખાલી બેઠકોના સંદર્ભમાં જ નથી.

મેડિકલ કોર્સમાં એડમિશન માટે વધુ સંઘર્ષ કરવો પડે છે કારણ કે પાસ આઉટ થયા પછી યુવાનોને રોજગારની ખાતરી મળે છે. તેઓ પોતાની ખાનગી હોસ્પિટલો ખોલીને પણ સારી કમાણી કરે છે પરંતુ ખરી ચિંતા એ મોટાભાગની વસ્તીને આરોગ્ય સેવાઓ પૂરી પાડવાની છે જેઓ તેમની સારવાર પર પૈસા ખર્ચવામાં સક્ષમ નથી. બીજું, ઘણા લાયક અને નિષ્ણાત ડોકટરો સારા પગાર અને સુવિધાઓની શોધમાં અન્ય દેશોમાં જાય છે. આ જ કારણ છે કે અનેક રોગોના નિષ્ણાત ડોકટરોની ભારે અછત છે. મેડિકલ સાયન્સના ક્ષેત્રમાં સંશોધનના અભાવે સ્થિતિ પણ સંતોષકારક નથી. એવું નથી કે આ તમામ પાસાઓ સરકારોની નજર બહાર છે, પરંતુ તમામ દાવાઓ છતાં, ડોકટરોની અછતને દૂર કરવા, જાહેર આરોગ્ય કેન્દ્રોમાં સુવિધાઓ સુધારવા વગેરે માટે અસરકારક પગલાં લેવામાં આવી રહ્યાં નથી. તેથી સુપ્રીમ કોર્ટની ટિપ્પણીને ગંભીરતાથી લેવાની જરૂર છે.

# રાજ્ય સરકારે વધુ ત્રણ અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરી ઘરે બેસાડી દીધા




ગાંધીનગર,તા.૨૭

રાજ્ય સરકાર દ્વારા બેદરકાર સરકારી અધિકારીઓ ઉપર સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. ભ્રષ્ટ અધિકારીઓ હોય કે કામમાં બેદરકારી દાખવતા હોય તેવા કર્મચારીઓને સરકાર ફરજિયાત નિવૃત્તિ અપાવી ઘરે બેસાડી રહી છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્ય સરકારે વિવિધ સરકારી વિભાગમાં આવા કર્મચારીઓ સામે કાર્યવાહીની શરૂઆત કરી છે. હવે આમાં અગળ વધતા આરોગ્ય વિભાગના ત્રણ અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ આપી દેવામાં આવી છે. રાજ્ય સરકારે હવે ત્રણ આરોગ્ય વિભાગના વર્ગ-૨ના અધિકારીઓ સામે કાર્યવાહી કરી છે. રાજ્ય સરકારે મેડિકલ અને તાલુકા હેલ્થ ઓફિસર સામે કાર્યવાહી કરી છે. સરકારના આદેશ પ્રમાણે ડો. પરેશ રામબાબૂ શરમા, જે ભરૂચ જિલ્લાના જંબુસરમાં સરકારી હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા તેને ફરજીયાત નિવૃત્તિ આપી દેવામાં આવી છે. આ સિવાય પંચમહાલ જિલ્લાના બોરિયામાં કમ્યુનિટી હેલ્થ ઓફિસર તરીકે ફરજ બજાવી રહેલા મેડિકલ ઓફિસર ડો. મનોજકુમાર યાદવને પણ નિવૃત્તિ આપી દેવામાં આવી છે. આ સાથે પોરબંદર જિલ્લાના કુતિયાણામાં તાલુકા હેલ્થ અધિકારી તરીકે ફરજ બજાવતા ડો. અર્જુન સામંતભાઈ બાબરિયાને પણ ફરજીયાત નિવૃત્તિ અપાવી ઘરે બેસાડી દેવામાં આવ્યા છે. રાજ્ય સરકારે સમયથી અધિકારીઓને ફરજીયાત નિવૃત્તિ અપાવી દેવાની કાર્યવાહી શરૂ કરી એક પછી એક અધિકારીઓને આ રીતે ફરજિયાત નિવૃત્તી આપે ઘરે બેસાડી દેતા અધિકારી વર્ગમાં ભયમિશ્રિત ચિંતાની લાગણી ફેલાવવા પામી છે.

# શ્રેષ્ઠ શાળા નોમિનેશન માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી

## આ વખતે માત્ર ઓનલાઈન માધ્યમથી જ શ્રેષ્ઠ શાળા માટેનું નોમિનેશન કરી શકાશે : સ્કૂલોએ નક્કી કરેલા પોર્ટલ પર ૪ જાન્યુઆરી સુધીમાં નોમિનેશન સબમિટ કરવાનું રહેશે

અમદાવાદ, તા.૨૭

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ વર્ષ માટે જિલ્લા કક્ષાએ તેમ જ રાજય કક્ષાએ શ્રેઠ શાળા પ્રોત્સાહન ઈનામ મેળવવા માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ વખતે માત્ર ઓનલાઈન માધ્યમથી જ નોમિનેશન મેળવવામાં આવી રહ્યા છે. જેમાં સ્કૂલોએ ૪ જાન્યુઆરી સુધીમાં નક્કી કરેલા પોર્ટલ ઉપર ઓનલાઈન નોમિનેશન કરવાનું રહેશે. ત્યારબાદ જિલ્લા સમિતિ દ્વારા ૬ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી દરમ્યાન શાળાની મુલાકાત લેવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી અનુદાનિત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે જિલ્લા કક્ષા તથા રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળા યોજના અમલમાં મુકવામાં આવેલી છે. જેમાં જિલ્લાની શ્રેષ્ઠ શાળાને રોકડ પુસ્કાર આપીસન્માનવામાં આવે છે. આ યોજનામાં ભાગ લેવા ચાલુ વર્ષથી ઓનલાઈન જ દરખાસ્ત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં શ્રેષ્ઠ શાળા કાર્યક્રમમાં ભાગ લેવા વેબસાઈટ પર જઈને લોગીન કરી માત્ર આ વખતે માત્ર ઓનલાઈન માધ્યમથી જ શ્રેષ્ઠ શાળા માટેનું નોમિનેશન કરી શકાશ ઓનલાઈન જ દરખાસ્ત કરવાની રહેશે. ઓનલાઈન મોડમાં શાળાએ નોમિનેશન કરવાની ટાઈમલાઈન ૪ જાન્યુઆરી સુધી રાખવામાં આવી છે. જેથી ત્યાં સુધીમાં સ્કુલો દ્વારા ઓનલાઈન નોમિનેશન કરવાનું રહેશે. ઓનલાઇન નોમીનેશન માટે દરેક શાળાનો ડિફોલ્ટ પાસવર્ડ આપવામાં આવ્યો છે, જેનો ઉપયોગ કરી શાળા કક્ષાએથી રીસેટ કરવાનો રહેશે. આ બાબતે જિલ્લા કચેરીને પ્રાપ્ત થયેલા નોમીનેશન થયેલી શાળાઓમાં જિલ્લા સમિતિ દ્વારા ૬ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી સુધીમાં શાળાની મુલાકાત લેવામાં આવશે. સમિતિ દ્વારા જે તે શાળાની મુલાકાત લઈને મૂલ્યાંકન પત્રકમાં જણાવ્યા મુજબની પ્રક્રિયા કરવામાં આવશે. જિલ્લા કક્ષાની સમિતિ શ્રેષ્ઠશાળા મૂલ્યાંકન પ્રક્રિયા તેમજ જિલ્લા કક્ષાએ કરવાની થતી કાર્યવાહી કરશે. દરેક શાળાએ સંદર્ભ પત્રનો અચૂક અભ્યાસ કરી નોમિનેશન કરવાનું રહેશે. ત્યારબાદ જિલ્લા કક્ષાએ અને રાજયકક્ષાએ શ્રેષ્ઠ શાળાની પસંદગી કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# હિમાચલપ્રદેશના લોકપ્રિય પર્યટન સ્થળોમાં હિમવર્ષા

સિમલા, તા.૨૭

ક્રિસમસની ઉજવણી વચ્ચે હિમાચલ પ્રદેશના લોકપ્રિય પર્યટન સ્થળો તાજી હિમવર્ષાને કારણે બરફથી ઢંકાઈ ગયા છે. પરિણામે પ્રવાસીઓના પ્રવાહમાં નોંધપાત્ર વધારો થયો છે. જેના કારણે હિમાચલના શિમલા, કુલ્લુ, મનાલી વગેરે શહેરોમાં લાંબા ટ્રાફિક જામ થાય છે. એટલું જ નહીં સ્થિતિ એવી બની કે કુલ્લુના ધુંડી અને મનાલી-લેહ હાઈવે ઉપર અટલ ટનલના ઉત્તરી અને દક્ષિણ દરવાજા ઉપર લગભગ ૧૫૦૦ વાહનો બરફમાં ફસાઈ ગયા. આ વાહનોને દૂર કરવા માટે એક મોટું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. હિમવર્ષાને કારણે રસ્તાઓ ખતરનાક રીતે લપસણો બની ગયા હતા. જેના કારણે લાંબો ટ્રાફિક જામ થયો હતો અને ઘણા પ્રવાસીઓ તેમના વાહનોમાં રાતોરાત ફસાયા હતા. ઘણા ફસાયેલા પ્રવાસીઓ મેદાનોમાંથી તેમની પોતાની કાર અથવા ટેક્સીમાં મુસાફરી કરી રહ્યા હતા અને તેમને બર્ફિલા રસ્તાઓ ઉપર વાહન ચલાવવાનો કોઈ અનુભવ નહોતો. બરફના વધતા જતા સંચયને કારણે પરિસ્થિતિ વધુ વણસી હતી. જેના કારણે ટ્રાફિક જામ અને અવરજવરમાં સમસ્યા સર્જાઈ હતી. કેટલાક પ્રવાસીઓ તેમના વાહનોમાં રાતોરાત થીજી જતા તાપમાનમાં ફસાઈ ગયા હતા અને અનુભવને 'ભયાનક' ગણાવતા હતા. ૮ હજાર લોકોને બચાવી લેવાયા હતા : મનાલી ડીએસપી કે.ડી. શર્માએ જણાવ્યું હતું કે, બચાવ કામગીરી આખી રાત ચાલુ રહી, જેમાં પોલીસ કર્મચારીઓએ લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે ઝીરોથી નીચેના તાપમાનમાં અથાક મહેનત કરી. બીજા દિવસે સવારે ૧૦ વાગ્યા સુધીમાં તમામ વાહનોને બહાર કાઢવામાં આવ્યા હતા અને ફસાયેલા તમામ ૮૦૦૦ પ્રવાસીઓને બચાવી લેવામાં આવ્યા હતા. ભારે હિમવર્ષાને કારણે મનાલી-લેહ હાઈવે પર વાહનોની અવરજવર પણ પ્રભાવિત થઈ હતી, જેના કારણે મુસાફરોને વિલંબ અને સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. વાહન સ્લીપ થવાથી ૪ લોકોનાં મોત થયા હતા. હિમાચલપ્રદેશના શિમલા અને મનાલીમાં તાપમાન શૂન્યથી અનેક ડિગ્રી નીચે ગયું છે. હવામાન પરિસ્થિતિઓએ આ શહેરોને પ્રવાસીઓ માટે ક્રિસમસ અને નવા વર્ષની રજાઓનો આનંદ માણવા માટે સંપૂર્ણ પ્રવાસન સ્થળો બનાવ્યા છે.

# બોર્ડની પરીક્ષામાં મૂલ્યાંકન માટે ગેરહાજર શિક્ષકોને રૂા.૩ હજાર સુધીનો દંડ કરાયો

અમદાવાદ, તા.૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૦૨૪માં લેવામાં આવેલી બોર્ડની પરીક્ષા અને ત્યારબાદની પૂરક પરીક્ષા બાદ ઉત્તરવહી મૂલ્યાંકનમાં ગેરહાજર રહેલા શિક્ષકોનું હિયરીંગ રાખી રૂા.૩ હજાર સુધીનો દંડ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રાજયની તમામ ડીઈઓ કચેરીમાં આ કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જેમા અમુક કિસ્સામાં શિક્ષકોને સંચાલકો દ્વારા છુટા કરવામાં આવ્યા ન હોવાથી તેમને પણ દંડ કરાયો હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મુખ્ય પરીક્ષા અને ત્યારબાદની પૂરક પરીક્ષા વખતે શિક્ષકોને મૂલ્યાંકનની કામગીરી માટે ઓર્ડર કરવામાં આવતા હોય છે. આ ઓર્ડર થયા બાદ સંચાલકોએ શિક્ષકોને મૂલ્યાંકન કામગીરી માટે છૂટા કરવાના હોય છે. પરંતુ ઘણા કિસ્સામાં શિક્ષકો મૂલ્યાંકન કામગીરીમાં હાજર રહેતા ન હોવાના લીધે મૂલ્યાંકન કામગીરીમાં વિલંબ થતો હોય છે. આ જ રીતે તાજેતરમાં બોર્ડની પૂર્ણ થયેલી પરીક્ષા બાદ ઉત્તરવહી મૂલ્યાંકનમાં હાજર રહેલા ન હોય તેવા શિક્ષકોનું હિયરીંગ શરૂ કરવામાં આવ્યું છે. રાજયની તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે હિયરીંગ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ઉત્તરવહી મૂલ્યાંકનમાં ગેરહાજર રહેલા શિક્ષકોને રૂબરૂ બોલાવી તેમને સાંભળવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. શિક્ષકો અમુક કિસ્સામાં યોગ્ય કારણોસર ગેરહાજર રહ્યા હોવાનું જણાતા તેમને કોઈ પણ પ્રકારનો દંડ કર્યા વગર તેમનો ખુલાસો ગ્રાહ્ય રાખી જવા દેવામાં આવ્યા હતા. જ્યારે અમુક કિસ્સામાં શિક્ષકો કોઈ પણ કારણો વગર મૂલ્યાંકન કામગીરીમાં જોડાયા ન હોવાથી તેમને રૂા.૩ હજાર સુધીનો દંડ કરાયો હતો. આ ઉપરાંત અમુક કિસ્સામાં શિક્ષકોના ઓર્ડર ઈશ્યુ કરવામાં આવ્યા બાદ સંચાલકો દ્વારા શિક્ષકોને મૂલ્યાંકન કામગીરી માટે છૂટા કરવામાં આવ્યા ન હોવાથી આ શિક્ષકો મૂલ્યાંકન કામગીરીમાં જોડાઈ શક્યા ન હોવાનું કારણ સામે આવતા હિયરીંગ બાદ શાળાના સંચાલકોને પણ દંડ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આમ, આગામી દિવસોમાં હિયરીંગ પૂર્ણ થયા બાદ તમામ શિક્ષકોને સાંભળી યોગ્ય કારણોવગર ગેરહાજર રહેનારા શિક્ષકોને દંડની કાર્યવાહી કરાશે.

# માત્ર રૂપિયો જ નહિ પણ આખું અર્થતંત્ર ખાડામાં જઈ રહ્યું છે

મુંબઈ તા.૨૭

ડોલર સામે રૂપિયાનું મૂલ્ય સતત ઘટી રહ્યું છે અને તે રૂા.૮૫થી પણ ગગડીને વધુ નીચે આવી ગયું છે. આ અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે યુએસ ફેડરલ રિઝર્વની નીતિઓમાં ફેરફારને કારણે આવું થયું છે. કોરોના રોગચાળા બાદ વિશ્વના તમામ દેશો મંદીની ઝપટમાં આવી ગયા હતા. તેને દૂર કરવા માટે, દરેક વ્યક્તિએ પોતપોતાની રીતે પગલાં લીધાં છે. યુએસ ફેડરલ રિઝર્વે તેના વ્યાજદરમાં સાડા ચાર ટકાનો ઘટાડો કર્યો છે. આ રીતે ડૉલરની સ્થિતિ મજબૂત થઈ છે.



ઘણા રોકાણકારો ભારતમાંથી પૈસા પાછા ખેંચીને અમેરિકા ગયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી છે ત્યારથી, રોકાણકારોને એવું લાગવા માંડ્યું છે કે ત્યાં રોકાણ કરવું સૌથી વધુ નફાકારક છે. તેથી, ઘણા રોકાણકારોએ ભારતમાંથી પૈસા પાછા ખેંચી લીધા અને અમેરિકા ગયા છે. તેના કારણે વિદેશી મુદ્રા ભંડારમાં પણ ઘટાડો થવા લાગ્યો છે. ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો લગભગ થોડા સમય માટે અટકી ગયો હતો, એ પછી નિષ્ણાતોએ કહેવાનું શરૂ કર્યું કે સરકાર વિદેશી મુદ્રા ભંડારમાંથી ડોલર કાઢીને રૂપિયાના મૂલ્યને અંકુશમાં રાખી રહી છે. પરંતુ હવે તે પદ્ધતિ પણ કામ કરી રહી નથી.

ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો વેપાર, પ્રવાસન, શિક્ષણ વગેરેને અસર કરે છે. ભારત તેને જોઈતું મોટા ભાગનું બળતણ તેલ અન્ય દેશો પાસેથી ખરીદે છે. આવી સ્થિતિમાં જ્યારે પણ કાચા તેલની કિંમત વધે છે ત્યારે સરકારનો ખર્ચ વધી જાય છે. આ સિવાય દવાઓ, ખાદ્ય તેલ, ઈલેક્ટ્રોનિક ઘટકો વગેરે માટેના કાચા માલ માટે પણ આપણે અન્ય દેશો ઉપર નિર્ભર છીએ. વિદેશ ભણવા જતા વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓ ઉપરનો બોજ પણ વધી જાય છે. તેથી રૂપિયાના મૂલ્યમાં ઘટાડો ચિંતાજનક છે.

રૂપિયાના મૂલ્યમાં ઘટાડાના કેટલાક કારણો સ્પષ્ટ છે. જેમ જેમ વેપાર ખાધ વધે છે તેમ ડોલર સામે રૂપિયાનું મૂલ્ય ઘટતું જાય છે. જો કે નિકાસ વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે, સ્થાનિક બજાર અને સ્વદેશીને પ્રોત્સાહન આપવાના પ્રયાસો થઈ રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે નિકાસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. વેપાર ખાધને દૂર કરવા માટે, ઘણી વિદેશી વસ્તુઓની આયાત ઉપર પ્રતિબંધ મૂકવાનો અને સ્વદેશી માલને સમર્થન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો, તેની પણ થોડી અસર થઈ છે. પરંતુ હજુ પણ વેપાર ખાધ ઘટતી નથી. ખાસ કરીને ચીન સાથેની આપણી વેપાર ખાધ સતત વધી રહી છે. ફુગાવાને કાબૂમાં રાખવા માટે રિઝર્વ બેંકે રેપો રેટ સતત ઊંચો રાખ્યો છે, પરંતુ સ્થિતિ એવી છે કે બજારમાં મૂડીનો અપેક્ષિત પ્રવાહ આવી રહ્યો નથી. તેનું મુખ્ય કારણ લોકોની આવકમાં વધારો ન થવાનું છે. આવકમાં વધારો ન થવાનું કારણ સરકારની નબળી આર્થિક નીતિઓ છે. આ સ્થિતિ વિદેશી રોકાણને અસર કરે છે. જ્યારે બાહ્ય રોકાણકારોને લાગે છે કે દેશમાં ગ્રાહક ખર્ચ ઘટી રહ્યો છે, તેઓ ત્યાં રોકાણ કરવાનું ટાળે છે.

છેલ્લા કેટલાક સમયથી આપણો વિકાસદર અને તેમાં ઉત્પાદન ક્ષેત્રની સ્થિતિ સંતોષકારક નથી. આવી સ્થિતિમાં ડોલરનો પ્રવાહ ઘટ્યો છે. આ સ્થિતિમાં રૂપિયાનું મૂલ્ય અભૂતપૂર્વ રીતે ઘટવા લાગ્યું છે. ભારતમાં આ ટ્રેન્ડ સતત ચાલુ છે આનાથી અર્થતંત્રની ચિંતા વધશે તે સ્વાભાવિક છે. સરકાર અર્થવ્યવસ્થાને પાંચ ટ્રિલિયન ડૉલર સુધી લઈ જવા માટે વાતો કરે છે. પરંતુ રૂપિયાના ઘટતા વલણને જોતા તેની ખાતરી આપી શકાય તેમ નથી. સરકાર આવા જુમલા આપવાને બદલે વાસ્તવિકતા સ્વીકારીને પોતાની નીતિઓ સુધારો એ જરૂરી છે.

# રશિયાએ કેન્સરની રસી વિકસાવી, વિના મૂલ્યે વિતરણ કરશે : અહેવાલ

નવી દિલ્હી, તા.૨૭

રશિયન સમાચાર એજન્સી TASSએ આ સમાચાર આપ્યા છે કે, રશિયાએ કેન્સરની રસી વિકસાવી હોવાનો દાવો કર્યો છે. એવી અપેક્ષા છે કે, આ રસી ૨૦૨૫ની શરૂઆતમાં લોન્ચ કરવામાં આવશે. સરકારે કહ્યું છે કે, તે લોકોને મફતમાં વહેંચવામાં આવશે. રશિયન આરોગ્ય મંત્રાલયના રેડિયોલોજી મેડિકલ રિસર્ચ સેન્ટરના ડાયરેક્ટર જનરલ એન્ડ્રે કેપ્રિને રેડિયો રોસિયાને જણાવ્યું હતું, રશિયાએ કેન્સર સામે તેની પોતાની mRNAરસી વિકસાવી છે, તે દર્દીઓને વિના મૂલ્યે વહેંચવામાં આવશે. કેન્સરની રસીની શોધને સદીની સૌથી મોટી શોધ કહેવામાં આવી રહી છે. રસીઓ કેન્સરના કોષોને ઓળખવા અને હુમલો કરવા માટે ઉત્તેજિત કરીને કેન્સર સામે લડવામાં રોગપ્રતિકારક શક્તિને સક્ષમ કરે છે. કેન્સરની રસીઓ ટ્યુમર કોષો દ્વારા પ્રકાશિત ચોક્કસ પ્રોટીન અથવા એન્ટિજેન્સને લક્ષ્ય બનાવે છે, જે રોગપ્રતિકારક તંત્રને ઓળખવા અને નાશ કરવામાં સક્ષમ બનાવે છે. ઉદાહરણ તરીકે, કેટલીક રસીઓ આ એન્ટિજેન્સ ઉત્પન્ન કરવા માટે નબળા અથવા સંશોધિત વાયરસનો ઉપયોગ કરે છે, જે મજબૂત રોગપ્રતિકારક શક્તિને મંજૂરી આપે છે. એચપીવી રસી જેવી રસીઓ કેન્સર પેદા કરતા અહેવાલ મુજબ એલેકઝાન્ડર ગિન્ટ્સબર્ગ, ગમાલેયા નેશનલ રિસર્ચ સેન્ટર ફોર એપિડેમિયોલોજી અને માઈક્રોબાયોલોજીના ડિરેક્ટર, TASSને જણાવ્યું કે, વાઈરસ સામે રક્ષણ આપે છે, અમુક કેન્સરનું જોખમ ઘટાડે છે, જેમ કે સર્વાઈકલ કેન્સર. શરીરના કુદરતી સંરક્ષણને વધારીને, રસીઓ ગાંઠની વૃદ્ધિને ધીમું કરી શકે છે, તેને પાછું આવતા અટકાવી શકે છે અથવા પ્રારંભિક તબક્કાના કેન્સરને પણ દૂર કરી શકે છે. રસીના પ્રી-ક્લિનિકલ ટ્રાયલોએ દર્શાવ્યું છે કે, તે ગાંઠની વૃદ્ધિ અને સંભવિત મેટાસ્ટેસિસને દબાવી દે છે. આ વર્ષની શરૂઆતમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ટેલિવિઝન ઉપર કહ્યું હતું કે, કેન્સરની રસી અને ઈમ્યુનોમોડ્યુલેટરી દવાઓની નવી પેઢીના નિર્માણની ખૂબ નજીક પહોંચી ગયા છીએ. TOI અહેવાલ મુજબ રસીના પરીક્ષણો વચ્ચે, ગિન્ટ્સબર્ગે મીડિયાને જણાવ્યું હતું કે, કૃત્રિમ ન્યુરલ નેટવર્કનો ઉપયોગ વ્યક્તિગત-આધારિત કેન્સરની રસી બનાવવા માટે જરૂરી કમ્પ્યુટિંગ સમયને એક કલાકથી ઓછો કરી શકે છે, જે હાલમાં ઘણો સમય લે છે. હવે તે (વ્યક્તિગત-આધારિત રસીઓ) બનાવવામાં ઘણો સમય લે છે કારણ કે રસી, અથવા કસ્ટમાઈઝ્ડ mRNA, ગાણિતિક દ્રષ્ટિએ મેટ્રિક્સ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે તેવું દેખાવું જોઈએ. રશિયાના રસી વડાએ જણાવ્યું હતું કે, અમે ઈવાન્નિકોવ ઈન્સ્ટિટ્યૂટને સામેલ કર્યું છે જે આ ગણિત કરવા માટે AI ઉપર આધાર રાખશે, એટલે કે ન્યુરલ કમ્પ્યુટિંગની આ પ્રક્રિયાઓમાં અડધા કલાકથી એક કલાક જેટલો સમય લાગવો જોઈએ.

# જમ્મુ-કાશ્મીરમાં ૧.૨૭ લાખ રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૨૭

આજે પણ ભારતમાં એવા ઘણા લોકો છે જેઓ પોતાના માટે બે ટાઈમ ભોજનની પણ વ્યવસ્થા કરી શકતા નથી. ભારત સરકાર આવા લોકોને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ એટલે કે NFSA હેઠળ ઓછા ભાવે રાશન પૂરૂં પાડે છે. સરકાર આ સુવિધાનો લાભ લેવા માટે રેશન કાર્ડ જારી કરે છે. જેનો ઉપયોગ કરીને રાશન ડેપોમાંથી રાશન લઈ શકાય છે. રાશનકાર્ડ વગર ઓછા ભાવે રાશનની સુવિધા મેળવી શકાતી નથી. તાજેતરમાં સમાચાર આવ્યા છે કે ભારતના આ રાજયના ૧.૨૭ લાખ રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે. જાણો કે જો કોઈનું રેશનકાર્ડ કેન્સલ થાય તો તે કેન્સલ થઈ જાય છે. તો પછી તેના માટે ફરીથી અરજી કેવી રીતે કરી શકાય ? ભારતમાં ગરીબો અને જરૂરિયાતમંદોને રાશન કાર્ડ આપવામાં આવે છે. આ માટે સરકારે કેટલાક પાત્રતા માપદંડો નક્કી કર્યા છે. લોકોએ તે પાત્રતા માપદંડોને પૂર્ણ કરવા પડશે. ત્યાર બાદ જ તેમને રેશન કાર્ડ આપવામાં આવે છે. પરંતુ કેટલીકવાર જે લોકો અયોગ્ય હોય છે. તેઓને રેશનકાર્ડ પણ બનાવવામાં આવે છે. આવા લોકોના રાશનકાર્ડ બાદમાં સરકાર દ્વારા રદ કરવામાં આવે છે અને આવું જમ્મુ અને કાશ્મીર રાજયમાં થયું છે, ૨૦૧૩થી અત્યાર સુધીમાં જમ્મુ અને કાશ્મીરમાં કુલ ૧,૨૭,૮૭૨ નકલી અને ડુપ્લિકેટ રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે. આ સમયગાળા દરમ્યાન દેશભરમાં ૫.૮૭ કરોડ રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે. સૌથી પહેલા તો અમે તમને જણાવી દઈએ કે જો તમે રાશન કાર્ડ ખોટી રીતે બનાવ્યું હોય. એટલે કે, તમે અયોગ્ય હોવા છતાં તમે રાશનકાર્ડ બનાવ્યું હતું અને તેથી જ તમારૂં રેશનકાર્ડ રદ કરવામાં આવ્યું હતું. પછી તમને ફરીથી રાશન કાર્ડ આપવામાં આવશે નહીં. પરંતુ જો તમારૂ રેશનકાર્ડ કોઈ અન્ય કારણોસર રદ કરવામાં આવ્યું છે. તો આ માટે તમે તમારી સ્થાનિક પુરવઠા કચેરીનો સંપર્ક કરી શકો છો. અને તમે તેમને પૂછી શકો છો કે તમારૂ રેશનકાર્ડર કેમ રદ કરવામાં આવ્યું છે. આ પછી તમે ફરીથી ફોર્મ ભરી શકો છો અને રાશન કાર્ડ એક્ટિવ કરવા માટે અરજી કરી શકો છો. અથવા તમે નવા રાશન કાર્ડ માટે અરજી કરી શકો છો. સરકારે રેશનકાર્ડ ધારકોની ચકાસણી માટે આ વર્ષે જૂનથી ઈ-કેવાયસી પ્રક્રિયા શરૂ કરી છે. આ અંતર્ગત જે લોકોના નામ રેશનકાર્ડમાં નોંધાયેલા છે તેમણે ઈ-પોશ મશીન ઉપર પોતાની ફિંગર પ્રિન્ટ આપવાની રહેશે. જે લોકોએ ઈ-કેવાયસી કરાવ્યું નથી, તેમના નામ રેશન કાર્ડમાંથી કાઢી નાખવામાં આવશે.

## રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા જીલ્લા ભાજપ કમલમ ખાતે સુશાસન દિવસ અંતર્ગત શ્રદ્ધેયશ્રી અટલજીની ૧૦૦મી જન્મજયંતી નિમિતે જીવન ચરિત્રની પ્રદર્શની સાથે પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો

### જીલ્લા ભાજપ દ્વારા જીલ્લાના તમામ મંડલ મથકોએ અટલજીની જન્મજયંતી સુશાસન દિવસ પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૭

જીવન મુલ્યોનુ જીવંત ઉદાહરણ પ્રેરણા પુરૂષ રાષ્ટ્રવાદી પ્રખર અને ભારતરત્ન પૂર્વ પ્રધાનમંત્રી શ્રદ્ધેયશ્રી અટલ બિહારી બાજપેયીજીના જન્મદિવસ નિમિત્તે રાજકોટ જીલ્લા ભાજપા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા,મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભાની ઉપસ્થિતીમાં રાજકોટ જીલ્લા ભાજપા કાર્યાલય તથા ઉપલેટા શહેર, તાલુકા, ભાયાવદર શહેર, ધોરાજી શહેર,તાલુકા, જેતપુર શહેર,તાલુકા, જામકંડોરણા તાલુકા, ગોંડલ શહેર, તાલુકા, કોટડાસાંગાણી, લોધિકા તાલુકા, રાજકોટ તાલુકા, પડધરી તાલુકા, જસદણ શહેર, તાલુકા, વિંછીયા તાલુકામાં પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રદેશકારોબારી સભ્ય દિનેશભાઈ અમૃતિયા, જીલ્લા ઉપપ્રમુખ રાજેન્દ્રભાઈ ધારૈયા, જીલ્લા મંત્રી વલ્લભભાઈ શેખલીયા, મનોજભાઈ રાઠોડ, વલ્લભભાઈ ઝાપડિયા, વિશાલભાઈ ફાગલીયા, જીલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ નવીનપરી ગૌસ્વામી, જીલ્લા કિસાન મોરચા પ્રમુખ વિનુભાઈ ઢુંમર, જીલ્લા યુવા મોરચા મહામંત્રી દેવભાઈ કોરડીયા, જીલ્લા મહિલા મોરચા મહામંત્રી વર્ષાબેન ખુંટ, રા.લો.સંઘ ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા, મંડલ પ્રભારી સતીશભાઈ ભીમજીયાણી, ડો.દીપકભાઈ પીપળીયા, જયભાઈ સાગઠીયા, ધર્મેશભાઈ વસંત, સવજીભાઈ મૈયડ, તળશીભાઈ તાલપરા, વિનુભાઈ પરમાર, કનકસિંહ ઝાલા, દીપકભાઈ મદલાણી, હરેશભાઈ મકવાણા, ડેનીશભાઈ હદવાણી, રજનીભાઈ સખીયા, દિનેશભાઈ વીરડા, ભરતભાઈ રબારી, ધીરેન્દ્રભાઈ બારોટ,શ્રી કોમલબેન પરમાર, આનંદભાઈ જોબનપુત્રા સહીતના કાર્યકર્તાઓ જોડાયા હતા.



આ પ્રસંગે જીલ્લા યુવા મોરચાના મહામંત્રી દેવભાઈ કોરડીયા તથા જયભાઈ સાગઠીયાએ આદરણીય અટલજીની કવિતાનું ગાન કર્યું હતું. આ પ્રસંગે જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આદરણીય અટલજી જેઓ નાનપણથી જ જમણેરી વિચારધારા તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી હતી. તેમણે લોકશાહીના મુલ્યોના જતન માટે કામગીરી કરી છે. જેઓ ભારતીય લોકશાહીને વિશ્વમાં લોકશાહી ગૌરવ અપાવવા માટે હંમેશા કટિબદ્ધ રહ્યા. વાજપેયી એક શ્રેષ્ઠ સાંસદ અને ઉમદા વ્યક્તિત્વ ધરાવતા હતા. પાંચ વર્ષની ટર્મ પૂર્ણક રનાર એક માત્ર બિન-કોંગ્રેસી વડાપ્રધાન, અટલ બિહારી વાજપેયી ૧૯૯૯-૨૦૦૪માં તેઓ ત્રણ વખત દેશના વડાપ્રધાન પદે રહ્યા હતા. નોંધનીય છે કે ૧૯૯૯-૨૦૦૪માં તેમણે પૂરા પાંચ વર્ષ સુધી પોતાના વડાપ્રધાનનો કાર્યકાળ પૂરો કર્યો હતો. આ સાથે જવાજપેયીજી પાંચ વર્ષની ટર્મ પૂર્ણ કરનાર સૌપ્રથમ બિન કોંગ્રેસી વડાપ્રધાન બન્યા હતા. તેઓ ખૂબજ સરળ સ્વભાવના હતા.

અટલ બિહારી વાજપેયીના પિતા ક્રિષ્ના બિહારી વાજપેય હતા. તેમને મધ્યપ્રદેશનાગ્વાલિયરમાં જન્મ ૨૫ ડિસેમ્બર ૧૯૨૪ના રોજ થયો હતો. તેમણે ગ્વાલિયરની વિક્ટોરિયા કોલેજ (હાલની લક્ષ્મીબાઈ કોલજ)માં અને પછી ઉત્તર પ્રદેશ સ્થિત કાનપુરની ડી.એ.વીકોલેજમાં અભ્યાસ કર્યો. તેમણે પોલીટિકલ સાયન્સ સાથે એમ.એ.ની ડિગ્રી મેળવી. શરૂઆતથી સામાજિક કાર્યોમાં રસરૂચિ. વાજપેયીવ યવસાયે પત્રકાર હતાં અને કવિતા લેખન પ્રત્યે રસરૂચિ હતી. જો કે વાજપેયીની ડેસ્ટિની રાજનીતી તરફ જઈ રહી હતી. વાજપેયીએ વડાપ્રધાન તરીકે ત્રણ વખત નેતૃત્વ સંભાળ્યું હતું. જેમાં પ્રથમ વખત - ૧૬મે ૧૯૯૬થી ૧ જૂન ૧૯૯૬ સુધી, દ્વિતીય વખત - ૧૯માર્ચ ૧૯૯૮થી ૨૬ એપ્રિલ ૧૯૯૯ સુધી, તૃતીય વખત - ૧૩ઓક્ટોબર ૧૯૯૯થી ૨૨મે ૨૦૦૪ સુધી. અટલ બિહારી વાજપેયી હિન્દી કવિ, પત્રકાર અને પ્રખરવકતા પણ છે. ભારતીય જનસંઘની સ્થાપનામાં તેમની ભૂમિકા ખૂબજ મહત્વની હતી. ૧૯૬૮થી ૧૯૭૩ સુધી જનસંઘના અધ્યક્ષ પણ રહ્યાં. જિંદગીભર રાજનીતિમાં સક્રિય રહેલા અટલબિહારી વાજપેયી લાંબા સમય સુધી રાષ્ટ્રધર્મ, પાંચજન્ય અને વીર અર્જુન સહિતના સામયિકના સંપાદક પણ રહ્યાં. વાજપેયી રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના સમર્પિત પ્રચાર કરહ્યાં અને આ નિષ્ઠાના કારણે એમણે જીવનભર અવિવાહિત રહેવાનો સંકલ્પ કર્યો. સર્વોચ્ચ પદ ઉપર પહોંચવા સુધી એમણ પોતાનો સંકલ્પ નિષ્ઠાપૂર્વક નિભાવ્યો. જેઓનો મંત્ર હતો ચલો એક દિપ જલાયેવહા, જહા અભ્મી ભી અંધેરા હે : જીતા જાગતા રાષ્ટ્રપુરૂષ એટલે અટલજી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલનજીલ્લા ડોકટર સેલના કન્વીનર ડો.દીપકભાઈ પીપળીયાએ કર્યું હતું. તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાર્જ રાજેશભાઈ ગોંડલીયા અને સહ-ઈન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકીની યાદીમાં જણાવે છે.

## ભેંસાણમાં પૂર્વ વડાપ્રધાન બાજપાઈજીની જન્મ જયંતી નિમિત્તે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી

(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ, તા.૨૭





ભેસાણ તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈની ૧૦૦મી જન્મ જયંતીના ભાગરૂપે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

અહીંના આંબાવાડી સ્થિત ખોડીયાર માતાજીના મંદિર ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં ભેસાણ તાલુકા ભાજપ ના નવનિયુક્ત પ્રમુખ પ્રવીણભાઈ સોજીત્રા, પૂર્વ ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણી, તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ ઉમેશભાઈ બાંભરોલીયા, યાર્ડના ચેરમેન વજુભાઈ મોવલીયા, સંઘના ચેરમેન નટુભાઈ પોંકીયા, જિલ્લા પંચાયતના સદસ્યો કુમારભાઈ બસીયા અને અનુભાઈ ગુજરાતી, જસકુભાઈ શેખવા, રામભાઈ ભેસાણીયા, તા.પં. ના ઉપપ્રમુખ જયદિપભાઈ શિલુ અને મહિલા મોરચાના અગ્રણી શિલ્પાબેન ઠેસીયા સહિતના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ખંભાળિયામાં ચારણ ગઢવી સમાજ દ્વારા સોનલમાંના ૧૦૧માં જન્મોત્સવની થશે ભવ્ય ઉજવણી

### બુધવારે શોભાયાત્રા, પ્રસાદ અને લોકડાયરા સહિતના ધર્મમય આયોજનો





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

ચારણ સમાજના ઈસ્ટદેવી આઈ તત્વની ચેતના સોનબાઈમાંની બીજ એટલે સોનલ બીજ ગઢવી સમાજના નૂતન વર્ષની ઉજવણી આગામી બુધવાર તા.૧ જાન્યુઆરીના રોજ કરવામાં આવશે. ખંભાળિયામાં ચારણ ગઢવી સમાજ દ્વારા આઈ શ્રી સોનલમાંના ૧૦૧માં જન્મોત્સવની ઉજવણી દર વર્ષની જેમ આ વર્ષે ભાવ સાથે ઉત્સાહભેર ચાર રસ્તા નજીક આવેલા જડેશ્વર રોડ પર આવેલા સોનલ ધામ ખાતે કરવામાં આવશે. આ ઉજવણીમાં સવારે જોધપુર ગેઈટ નજીક આવેલા મોમાઈ માતાજીના મંદિરેથી ભવ્ય શોભાયાત્રા નીકળશે. આ શોભાયાત્રા શહેરના જોધપુર ગેઈટ, નગર ગેઈટ, ચાર રસ્તા સહિતના માર્ગો પરથી સોનલ માતાજીના મંદિર સુધી ઢોલ શરણાઈના નાદ સાથે ચારણી રમત અને અબીલ ગુલાલની છોળો સાથે નિકળશે. જેમાં દર વર્ષની જેમ આ આ વર્ષે પણ ગઢવી સમાજ તેમજ અઢારે વર્ણના હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ ભવ્ય શોભાયાત્રામાં જોડાશે. માતાજીઓ રથ ઉપર બિરાજમાન થઈને આશીર્વાદ આપશે. સોનલ ધામ ખાતે આરતી કરીને શોભાયાત્રાનું સ્વાગત કરાશે. ત્યાર બાદ આ વર્ષના દાતા વાલાભાઈ દેરાજભાઈ મુનનું સમસ્ત ચારણ સમાજ દ્વારા સન્માન કરવામાં આવશે. આ પછી માતાજીઓ અને સંતો દ્વારા આશિર્વચન પાઠવવામાં આવશે. બપોરે પ્રસાદી અને સાંજે ચાર વાગ્યે ચારણ ગઢવી સમાજની પરંપરાગત રમતનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે સંધ્યા આરતી અને રાત્રે યોજાયેલા સંતવાણીના કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ લોક ગાયક બ્રીજદાન ગઢવી, વિજયભાઈ ગઢવી અને સાગરદાન ગઢવી અને સાજીંદાઓ સંતવાણીના સુર પાથરશે. આ કાર્યક્રમમાં અઢારે વર્ણના હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહીને સોનલ માતાજીના જન્મોત્સવની ભાવભેર ઉજવણી કરશે. ઉજવણીની તૈયારી પૂર્વે સમાજના અગ્રણીઓના માર્ગદર્શન હેઠળ યુવાનો દ્વારા તડામાર તૈયારીઓ ઉત્સાહભેર ચાલી રહી છે.

## વડોદરાના મેળામાં હેલિકોપ્ટર રાઈડનાં દરવાજા ખૂલતા બાળકો પટકાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

વડોદરા, તા.૨૭

રાજકોટ ગેમઝોનની બનેલી ઘટના બાદ તાજેતરમાંજ બાળ મેળા અને ગેમઝોનને સરકાર તરફથી છુટ્ટી આપવામાં આવી છે. આ મુક્તિ પાછળ સુરક્ષા અને સલામતીના અનેક નિયમોનું પાલન કરવા અંગે પણ સરકાર તરફથી સખ્ત સુચનાઓ આપવામાં આવી છે. ત્યારે વડોદરામાં રોયલ મેળાની ચાલું હેલિકોપ્ટર રાઈડમાંથી બાળક નીચે પટકાતા ઈજાગ્રસ્ત થયા હોવાની પ્રાથમિક માહિતી મળી રહીં છે.બનાવની જાણ થતાં પહોંચી ગયેલી પોલીસ અધિકારીઓએ તાત્કાલિક અસરથી રાઈડ બંધ કરાવી દેવાના આદેશ કર્યા હતા. તેની સાથે મેળામાં આવેલા તમામ લોકોને રિફંડ પણ આપવાનો આદેશ કરીને તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત સંચાલકો ની સામે પણ કાયદેસરની કાયવાહી કરવામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યુ છે.વડોદરાના વિશ્વામિત્રી અવધૂત ફાટક સામે રાજમહેલ પરિસર માં રોયલ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં બાળકો માટે અનેક રાઈડની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. ત્યારે છેલ્લા ઘણા દિવસોથી મોટી સંખ્યામાં શહેરીજનો આ સ્થળની મુલાકાત લઈ રહ્યાં છે. તેવામાં આજે સાંજના સમયે બાળકોને હેલિકોપ્ટર રાઈડમાં બેસાડી માતા-પિતા આનંદ અનુભવી રહ્યાં હતા. તેવામાં અચાનક હેલિકોપ્ટર રાઈડના બે દરવાજા ખુલી જતા બે માસૂમ બાળકો નિચે પટકાયા હોવાનુ સ્થળ પર હાજર વ્યક્તિએ જણાવ્યું છે.આ ઘટનાને નજરે જોનારે જણાવ્યું કે, હું સ્થળ પર હાજર હતો ત્યારે અચાનક ચાલુ રાઈડમાં દરવાજો ખુલી ગયો અને લોકો બાળકોને બચાવવા બુમા બુમ અને દોડા દોડ કરી રહ્યાં હતા, તેવામાં સ્થળ પર હાજર એક ફાયર મેન જે તેના બાળકને લઈને મેળામાં આવ્યાં હતા તેમણે સમયસુચક્તા વાપરી પ્લગ કાઢી નાખ્યો અને રાઈડ ધીમી પડી હતી. પરંતુ બાળકો ગભરાઈને નીચે પડતા બે બાળકોને નાની મોટી ઈજા પહોંચી છે.જ્યારે પોતાની દિકરીને લઈને મેળામાં આવેલા અશોકભાઈએ જણાવ્યું કે, હું સ્થળ પર હાજર હતો ત્યારે અચાનક રાઈડની સ્પીડ વધી ગઈ અને તેને રોકવું અશક્ય હતુ. જાણે રાઈડના મશીમાં કોઈ ખામી સર્જાય હોય તેવું લાગ્યું, સ્પીડ એકા એક વધતા ચાલુ રાઈડમાં દરવાજા ખુલી ગયા અને બેથી ત્રણ બાળકો બહાર લટકી પડ્યા હતા. લોકોએ બાળકોને બચાવવા બુમા બુમા કરી અને ઓપરેટર ત્યાંથી ફરાર થઈ ગયો,આ દરમિયાન એક ભાઈ જે ફાયર બ્રિગેડમાં કામ કરે છે એ પણ પોતાની દિકરીને લઈને ત્યાં આવ્યા હતા. એ ભાઈએ વાયરો કાઢી નાખતા રાઈડ થોડી ધીમી પડી અને લોકોએ હાથથી રાઈડ રોકવા માટે પ્રયાસો કર્યા હતા. જેમાં એક ભાઈના હાથમાં પણ વાગ્યું હતુ. આ ઘટનામાં બેથી ત્રણ બાળકોને ઈજા પહોંચી હતી.રાજકોટના ટીઆરપી ગેમઝોનની હચમચાવતી ઘટના બાદ રાજ્યના તમામ બાળ મેળા, ગેમઝોન તથા બાળકોની રમતને લાગતી તમામ જગ્યાઓ બંધ કરી દેવા સરકારે આદેશ કર્યા હતા. જ્યાં સુરક્ષા અને સલમાતીના પુરતા સાધનો તેમજ તંત્ર દ્વારા સ્થળનું ચેકિંગ સહિત અને સખ્ત ગાઈડ લાઈન સરકાર દ્વારા બહાર પાડવામાં આવી હતી. પરંતુ વડોદરામાં બનેલી આ ઘટના સ્પષ્ટ કરે છે કે, હજી પણ તંત્ર ઘોર નિંદ્રામાં છે અને બાળકોના જીવ સાથે હજી પણ રમત રમાઈ રહીં છે.

## શું કહે છે વેદ, પુરાણો અને ગ્રંથોમાં ગૌમાતા અને જીવદયા વિષે : અબોલ જીવો બચશે તો જ આપણે બચીશું



વેદોમાં પૃથ્વી ઉપર રહેતા તમામ જીવોની જીવનની એકતા અને પરસ્પર સંલગ્નતા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે પ્રકૃતિ, પ્રાણીઓ અને માનવીઓ વચ્ચે સન્માનનો સંબંધ હોવો જોઈએ. સર્વે જીવોનું રક્ષણ કરવું એ સમાજના નૈતિક દાયિત્વ તરીકે વ્યક્ત થયું છે. પુરાણોમાં પણ ગૌમાતા અને જીવદયા વિશે ઘણા વર્ણન આપેલ છે. ગાયને માનવ જીવન માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આવો જાણીએ ગૌમાતા અને જીવદયા વિશે વેદ, પુરાણ અને ગ્રંથોમાં ઉલેખ્ખ કરાયેલી વાતો : ઋગ્વેદમાં ગાયને સંપત્તિ અને સુખનું પ્રતિક માનવામાં આવ્યું છે. ગાયનું રક્ષણ અને સન્માન માનવ સંસ્કૃતિ માટે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. યજુર્વેદમાં જીવદયાને એક મહાન ધર્મ માનવામાં આવે છે અને તેમાં દરેક જીવનું રક્ષણ કરવું આપણા ધર્મના મૂળભૂત ભાગ તરીકે દર્શાવાયું છે. ગાયત્રી મંત્રની જેમ ગાયને પણ મા ગાયત્રીના સ્વરૂપમાં પૂજવામાં આવે છે. ગૌમાંતામાં દૈવી શક્તિઓનો વાસ છે તેવું માનવામાં આવે છે. ભગવત પુરાણ અને સ્કંદ પુરાણમાં ગાયની રક્ષા કરવી એ મોટા ધર્મિક કાર્યોમાં ગણવામાં આવે છે. ગાયના રક્ષણને સંસ્કૃતિના વિકાસ અને સુખનું સ્રોત ગણાવાયું છે. અનેક પુરાણોમાં ગૌદાન (ગાયનું દાન) મહાન પુણ્યકારક માનવામાં આવે છે. પદ્મ પુરાણમાં ગાયનું દાન કરવાથી લોકોને મોક્ષ પ્રાપ્ત થાય છે એવું દર્શાવવામાં આવ્યું છે. મહાભારત અને શિવપુરાણ જેવા ગ્રંથોમાં અહિંસા વિષે જણાવવામાં આવ્યું છે કે બધા જીવમાત્ર પ્રત્યે દયા રાખવી અને તેમને નુકસાન ન કરવું એ મુખ્ય માનવીય ગુણો છે. "ગરૂડ પુરાણ" અને "મત્સ્ય પુરાણ"માં જીવદયાને મહાન ધર્મ માનવામાં આવે છે. તેમાં દરેક પ્રાણી પ્રત્યે કરુણા અને દયા રાખવી, અને કોઈ પણ પ્રાણીને હિંસા ન કરવી એ માનવનું પરમ કર્તવ્ય ગણવામાં આવ્યું છે. "મહાભારત" અને "શ્રીમદ ભગવદ ગીતામાં" પણ ગાયને પૌરાણિક આદર્શ તરીકે દર્શાવવામાં આવ્યું છે, જેમાં ગાયની પોષણ અને રક્ષણાત્મક ભૂમિકા વર્ણવવામાં આવી છે. જીવમાત્રની સેવા કરવી અને ગાયને પોષણ આપવું એ માનવીના આદર્શોની પ્રતિતિ છે.

**- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## બાળકોમાં મોબાઈલ ક્રેઝ, નુકસાન કારક

હાલનાં ટેક્નોલોજીનાં યુગમાં મોબાઈલનો અતિરેક વધવામાં છે પણ આમ જુવો તો હાલનાં યુગમાં આની જરૂર પણ છે. આજ લગભગ ક્ષેત્રે આની તાતી જરૂર છે. જેમાં સરકારી તમામ કામ, રાજકીય, ધર્મ, સંસ્થા સહીત જન જીવનમાં આનો ઉપયોગ વધ્યો છે. તો તેની સામે આના ઉપયોગ થી ક્રાઈમ માં પણ વધારો નોંધાયો છે. જેમાં સાઈબર ક્રાઈમમાં જોઈએ તો કેટલા ગુનાનો વધારો નોંધાયો છે જેમાં ગુનેગાર પણ નાની વયનાં બાળકો જછે જેમાં લગભગ ગુનેગાર બનતા પેલાં મોબાઈલમાં આવતી ક્રાઈમ ફિલ્મો, સિરિયલ તેમજ સિરીઝ અને તેને લગતાં કાર્યક્રમમાંથી મુદા ઉઠાવીને ગુનાને આખરી અંજામ આપે છે.



હાલ પણ આપણે સોશિયલ મીડિયાનાં માધ્યમમાં જોતાં હોઈએ તો ઘણા ખરા ગુનામાં આરોપી સગીર હોય છે જેમાં ગેંગ રેપ, લૂંટ, મારામારીમાં બહુ ઓછી ઉપરનાં બાળકો જ હોય છે. અહીં સૌરાષ્ટ્રમાં તો હજુ એટલા નથી પણ મેગા સીટી બરોડા, સુરત, અમદાવાદ સહીત નજીકમાં રાજકોટ પણ ક્રાઈમ વધવામાં છે. ઘણા પરિવાર આ બાબતમાં જવાબદાર હોય છે જેમાં તેના સંતાનોને મોબાઈલ તેના જન્મદિવસ ઉપર આપે છે. આને લીધે સાથે અભ્યાસ કરતા છાત્રોમાં અહમ ટકરાઈ છે અને તે પણ તેના વડીલોને મોબાઈલ લેવાની જીદ કરે છે અને જો પરિવાર લેવાની ના પાડે તો અમુક કાચી બુદ્ધિના બાળકો સુસાઈડ અથવા ઘર છોડીને જતા રહે છે જે સમાજ માટે લાલબતી સમાન છે.

તેમજ અમુક પરિવારમાં સાવ નાનું બાળક હોય તે રડતું હોય તો તેને શાંત રાખવાં મોબાઈલ આપી દે છે અને બાળક શાંત થઈ જાય છે અને આ ધીમે, ધીમે એક વ્યસન જેવું થાય છે. જેમ ઉંમર વધે તેમ મોબાઈલ નો શોખ વધે છે. જે ઉંમર ની સાથે જીદ વધે છે. પરિણામે વાલીઓ લાચારી અનુભવે છે અને તેમાંય અમુક બાળકો મોબાઈલનાં અમુક કાર્યક્રમ જોતાં હોય છે તેમાં ઘણીવખત અસ્લિલ રીલ કે પછી પોર્ન ફિલ્મો આવતી હોય છે. જેને નાનાં બાળકો કુતુહલ વસ જોઈ લેછે. અને ધીમે, ધીમે એક વળગણ થાય છે. કારણ બાળકોનું માનસ એક દમ કોરી પાટી જેવું હોય છે તે આવી વિકૃતિને જોવું સમયાંતરે શોખ બની જાય છે પછી કયારેય એકાંત માં કે પછી બાલ ગ્રુપમાં આવી પોર્ન દ્રષ્યો, રીલ જોવે છે.

આવી બાબતમાં જેટલાં બાળકો જવાબ દાર છે. એટલા જ વાલીઓ પણ છે પેલી વાત તો પરિવારમાં બને તો બાળકોને મોબાઈલ લઈ આપવો કે પછી ઉપયોગ કરવા ઉપર રોક લગાવી દો અને જો ઉપયોગ કરતો હોય તો તમારી તીરછી નજર એ બાજુ પણ રાખો. અથવા મોબાઈલમાં જો તેને માત્ર ગેમનો શોખ હોય તો તેને ગેમજ ડાઉન લોડ કરો. બીજા માં લોક રાખો જે તમારાં સિવાય ખુલે નહિ.અને તે માત્ર ગેમ સુધી જ સીમિત રહે છે અને તે વિકૃતિ થી બચી શકે છે અને બાળકોને ધીમે ધીમે આ મોબાઈલનું વડગણ જો છોડાવવું હોય તો તેને ધર્મ, ધ્યાન, યોગ, શિક્ષણ ઉપર મન કેન્દ્રિત કરાવો. એ પણ ધીમે, ધીમે સમજાવટથી એટલે એ સમય જતાં સુધારો આવશે અને સાથો સાથ આપણે પણ ઘરમાં દાખલ થયાં પછી કોઈ સાથે વાત ચિત્તનાં કરીએ અને કોઈ બેસવા આવ્યું હોય તેમાં ધ્યાન કેન્દ્રિતનાં કરી મોબાઈલ માજ ગુલતાન રહીએ તે સારી બાબત નથી. એક તરફ બાળકો મોબાઈલ લે તો આપણે ગુસ્સે થાય એ છીએ અને આપણે જ મોબાઈલ લઈને બેસીએ તે યોગ્ય નથી. કોઈ સુધારવા કરતા આપણે આપણી જાતને સુધારવી પડે છે. એકન્દરે મોબાઈલ ખરાબ નથી તે પણ એક જાતનું કમ્પ્યુટર જ છે. એક નજર જેવું છે આપણી આંખોથી સારૂ જોવું કે ખરાબ તે આપણે નક્કી કરવાનું હોય છે. મોબાઈલ બધું આવે છે. શુ જોવું ? શુંનાં જોવું તે માણસનાં સંસ્કાર ઉપર નિર્ભર રહે છે.

કહેવાનો આશય એટલોજ છે આપણાં બાળકોને બને તો મોબાઈલ લય આપવાનું છોડો તેમજ હોય તો તે શું જોવે છે તેની ખાત્રી કરો. કદાચ એવું પણ બને ભૂલથી કોઈ સાઈબર ક્રાઈમ કે પણ નાણાકીય વહીવટ કે પછી ભૂલમાં કોઈ ગુનાહિત પ્રવૃત્તિનાં કરી બેસે. આપણી જાગૃતિથી આપણા લાડક વાયા સંતાનોનું ભવિષ્ય ઉજ્જ્વળ બને છે. પવિત્ર બને અને સંસ્કારી બને છે.

**આલેખન : વિજય ચુડાસમા. જૂનાગઢ**

# વિરપુરની પ્રેરણા સ્કૂલ ખાતે બાળ વિજ્ઞાન પ્રદર્શન યોજાયું





(પ્રતિનિધિ દ્વારા)

વિરપુર તા.૨૭

યાત્રાધામ વિરપુર જલારામ સ્થિત પ્રેરણા સ્કૂલ ખાતે શાળાનું વાર્ષિક બાળ વિજ્ઞાન પ્રદર્શન સફળતાપૂર્વક યોજ્યું, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા મનની સર્જનાત્મકતા દ્વારા વૈજ્ઞાનિક જિજ્ઞાસાનું પ્રદર્શન આયોજીત કરવામાં આવ્યું હતું. આ બાળ વિજ્ઞાન પ્રદર્શનમાં પર્યાવરણીય ટકાઉપણું, રોબોટિક્સ, અવકાશ સંશોધન અને પુનઃપ્રાપ્ય ઊર્જા જેવા વિવિધ વિષયોને આવરી લેતી વિવિધ કૃત્તિઓ વિદ્યાર્થીઓ દ્વારા ડિઝાઈન કરાયેલ પ્રોજેક્ટ્સની વિશાળ શ્રેણી પર દર્શાવવામાં આવી હતી. દરેક પ્રોજેક્ટ વિદ્યાર્થીઓની સખત મહેનત, ઉત્સાહ અને જટિલ વૈજ્ઞાનિક ખ્યાલોને મનોરંજક અને આકર્ષક રીતે સમજવા માટેના સમર્પણને પ્રતિબિંબિત છે.પ્રદર્શનના મુખ્ય કૃતિઓ ઈનોવેટિવ ઈકો-ફ્રેન્ડલી પ્રોજેક્ટ્સ વિદ્યાર્થીઓએ કચરો ઘટાડવા, પાણી બચાવવા અને ગ્રીન એનર્જી વિકલ્પોને પ્રોત્સાહન આપવા માટે સર્જનાત્મક ઉકેલો રજૂ કર્યા. વિદ્યાર્થીઓ એ હેન્ડ-ઓન પ્રયોગો ઈન્ટરેક્ટિવ દ્વારા

## યુકેના મહેમાનો બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓ નિહાળી અભિભૂત થયા

મુલાકાતીઓને આકર્ષક, વાસ્તવિક જીવન પ્રદર્શનો દ્વારા વૈજ્ઞાનિક સિદ્ધાંતોનું અન્વેષણ કરવાની સમજૂતી આપી હતી. વર્તમાન સમયમાં અને અનેક દેશોમાં જેની તાતી જરૂરિયાત છે. તેવા રોબોટિક્સ અને કોડિંગ ડિસ્પ્લે દ્વારા વિદ્યાર્થીઓએ STEM એજ્યુકેશનના વધતા મહત્વને હાઈલાઈટ કરીને, પૂર્ણ કાર્યકારી રોબોટ્સ સાથે પ્રોગ્રામિંગ અને રોબોટિક્સમાં તેમની કુશળતા દર્શાવતી કૃતિઓ રજૂ કરી સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વિરપુરની દરેક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા બાળ વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લઈને પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. બાળકો દ્વારા અવનવી અનેક ૨૫ જેટલી કૃતિઓનું પ્રદર્શન કરાયું હતું. આ બાળ વિજ્ઞાન પ્રદર્શનને રાજકોટ જીલ્લા પંચાયતના પુર્વ આરોગ્ય ચેરમેન જનકભાઈ ડોબરિયા ના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

બાળકોને પ્રોત્સાહન પૂરું પાડવા ગ્રામજનો તેમજ તાલુકા પંચાયતના સદસ્ય દિનેશભાઈ વઘાસીયા, જીલ્લા આચાર્ય સંઘના પ્રમુખ વી.ડી.નૈયા, ઉપસરપંચ સંજયભાઈ ઠૂંગા, જગદીશભાઈ સરવૈયા, કેશુભાઈ મેર, ધર્મરાજસિંહ જાડેજા સહિતના આગેવાનો ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રેરણા સ્કૂલના પ્રિન્સિપાલ રાકેશભાઈ ઉસદડીયા એ વિદ્યાર્થીઓના પ્રયાસો ઉપર ગર્વ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ તેમના શિક્ષણની સાથે સાથે તેમની પ્રતિભાને પણ દર્શાવવા માટે વિજ્ઞાન પ્રદર્શન એક અદ્ભુત મંચ છે. તેમની જિજ્ઞાસાને મૂર્ત સ્વરૂપમાં રૂપાંતરિત કરતી જોવા માટે તે પ્રેરણાદાયક છે. બાળ વિજ્ઞાન પ્રદર્શનને દીપ પ્રાગટ્ય દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોના હસ્તે પ્રદર્શન ખુલ્લુ મુકાયું હતું. જેમાં પ્રાસંગિક ઉદબોધન શાળાના સંસ્થાપક સુભાષભાઈ જોષી દ્વારા કરાયું હતું તેમજ બાળકોને શાળાના શિક્ષક સિધ્ધરાજસિંહ હુદડ ના સહયોગ અને માર્ગદર્શનથી કૃતિઓ તૈયાર થઈ હતી. કાર્યક્રમનું સમાપન નિવૃત સંસ્કૃત શિક્ષક રતિલાલ જોષી દ્વારા કરાયું હતું. પ્રેરણા શાળા એ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, જિજ્ઞાસા અને વિવેચનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત અગ્રણી શૈક્ષણિક સંસ્થા છે. તેના વ્યાપક અભ્યાસક્રમ દ્વારા, શાળાનો ઉદ્દેશ્ય સતત વિકસતી દુનિયામાં શ્રેષ્ઠ બનવા માટે તૈયાર સારી અને ગુણવાન વ્યક્તિઓને ઉછેરવાનો પ્રકલ્પ છે.

# દ્વારકા : તાલુકા કક્ષાએ મહિલા અને બાળ વિકાસ અધિકારી અને સરપંચોની બેઠક યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૭

દ્વારકા ખાતે ગુજરાત ફોર્સિસ તથા ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટના સહયોગથી તાલુકા કક્ષાએ મહિલા અને બાળ વિકાસ અધિકારી અને સરપંચોની બેઠક યોજાઈ હતી. આ બેઠકનું આયોજન ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટનાં ચેરપર્સન હેમાંગીનીબહેન માણેકનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. નાયબ તાલુકા વિકાસ અધિકારી મુકેશ ઉપાધ્યાય, ICDS વિભાગમાંથી CPDO કાજલબહેન ગોધમ અને સરપંચ મંડળના પ્રમુખ વરજાંગભા માણેક, તાલુકા પંચાયતના સદસ્ય પબુભા એસ માણેક અને ૧૬ સરપંચો હાજર રહેલા. બાળકોનાં આરોગ્ય અને પોષણ ઉપરાંત શિક્ષણ નાં મુદ્દા ઉપર ચર્ચાઓ કરવામાં આવી હતી. આ વિસ્તારનાં આંગણવાડીનાં પ્રશ્નો અને બાંધકામનાં પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. CDPO દ્વારા તે પ્રશ્નોનાં જવાબ આપવામાં આવ્યા તથા સંકલન અને સહકારથી આંગણવાડીનાં પ્રશ્નોને GDPDમાં સામેલ કરવા બાબત ચર્ચાઓ કરવામાં આવી હતી. ૨૬મી જાન્યુઆરી મહાગ્રામ સભામાં મહિલા અને બાળ વિકાસ ICDS વિભાગ લગતા પ્રશ્નોને GPDP પ્લાનમાં સામેલ કરવા માટે કરવામાં આવશે તેવું આયોજન કરવામાં આવ્યું.

# જૂનાગઢ જીલ્લાનાં મુસ્લીમ ધોબી સમાજના હીત માટે કલેકટરને આવેદનપત્ર અપાયું

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ મુસ્લીમ ધોબી સમાજના પ્રમુખ ઈકબાલભાઈ ચૌહાણ અને મંત્રી રફીકભાઈ ખત્રીની એક યાદી જણાવે છે કે, જૂનાગઢ જીલ્લાના મુસ્લીમ ધોબી સમાજના શૈક્ષણિક અને આર્થિક હીત માટે ઈડબ્લ્યુએસ અને એસઈબીસીના લાભોની સમાનતા અંગે કલેકટરશ્રીને એક આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી છે.

આ આવેદનપત્રમાં જણાવેલ છે કે, જૂનાગઢ મુસ્લીમ ધોબી સમાજના પ્રતિનિધી તરીકે અમારા સમાજના શૈક્ષણિક, આર્થિક અને સામાજીક હિત માટે રજુઆત કરતા જણાવેલ કે મુસ્લીમ ધોબી સમાજ વર્ષોથી સખત મહેનત કરી રાજયના વિકાસમાં યોગદાન આપે છે પરંતુ આજે પણ શૈક્ષણિક અને આર્થિક રીતે ઘણી પાછળ છે. એસઈબીસી યાદીમાં ૨૦માં ક્રમે સમાવેશ હોવા છતાં હિન્દુ અને મુસ્લીમ ધોબી સમાજ માટે સ્પષ્ટ ઉલ્લેખનો અભાવ છે જેનાથી મુસ્લીમ ધોબી સમાજને હિન્દુ ધોબી સમુદાય સમાન લાભો મળતા નથી. ઉપરાંત ગરીબી રેખા નીચે આવતા કુટુંબો ઈડબ્લ્યુએસના લાભોથી પણ વંચીત રહી ગયા છે કારણ કે એસઈબીસીમાં સમાવેશ કારણે ઈડબ્લ્યુએસનું પ્રમાણપત્ર મળવામાં ટેકનિકલ અડચણો સર્જાય છે.

જૂનાગઢ જીલ્લા મુસ્લીમ ધોબી સમાજનું સર્વેક્ષણ કરાવવામાં આવે જેથી આ વિસ્તારના સામાજીક, શૈક્ષણિક અને આર્થિક પડકારોનો ખ્યાલ મળી શકે, એસઈબીસી યાદીમાં હિન્દુ અને મુસ્લીમ ધોબી સમાજ માટે સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવે, જેથી બંને સમુદાય સમાન લાભો મેળવી શકે. ઈડબ્લ્યુએસના પ્રમાણપત્ર માટે તાત્કાલીક ઠરાવ દ્વારા સહાય કરવામાં આવે જેથી ગરીબી રેખા નીચેના કુટુંબો રાજયની શૈક્ષણિક અને આર્થિક યોજનાઓનો લાભ મેળવી શકે ઉપરોકત બાબતે આપના દ્વારા યોગ્ય કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પત્રના અંતે કરવામાં આવી હતી.

# ભારતના આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવનારા ડો. મનમોહનસિંહના નિધનથી ખોટ

## રાજયસભાના સાંસદ પરિમલ નથવાણી દ્વારા શોકાંજલિ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭


દેશના પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહનું ગઈકાલે નિધન થતાં સમગ્ર દેશ પરમાં એક ઉચ્ચ કોટીના રાજકીય તેમજ આર્થિક વિશ્લેષક અને સુધારાવાદી અર્થકારણીની ખોટ થવાના પ્રતિભાવો વ્યક્ત સાથે ભારે શોકની લાગણી જોવા મળી રહી છે. ભારતના બે વખત રહી ચૂકેલા વડાપ્રધાન તેમજ આ પૂર્વે પણ નાણામંત્રી રહી અને દેશના આર્થિક વિકાસ માટે અનેક મહત્વના પગલાં લેવા સાથે વિકાસને નોંધપાત્ર ગતિ આપનારા પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહનું ગુરુવારે ટૂંકી બીમારી બાદ નિધન થયું છે. ત્યારે આ બાબતને લઈને રાજયસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીએ ટ્વિટ કરી, અને તેમને શ્રદ્ધાંજલિ અર્પી છે. ખંભાળિયાના મૂળ વતની અને રાજયસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીએ જણાવ્યું હતું કે ભારતના આર્થિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર આદરણીય રાજનેતા શ્રી મનમોહન સિંહજીના નિધનથી ખૂબ જ દુઃખ થયું. તેમની નમ્રતા અને દેશની સેવાને યાદ કરવામાં આવશે. તેમના પરિવાર પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરી તેમણે શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં ઓર્થોપેડિક ઓપરેશનનું મશીન બંધ : દર્દીઓને હાલાકી

## ખાનગી હોસ્પિટલમાં ફરજિયાતપણે સારવાર અનિવાર્ય : રોષ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં આવેલી સરકારી સિવિલ હોસ્પિટલમાં વિવિધ પ્રકારના જરૂરી સંસાધનો તેમજ તબીબી અને નર્સિંગ સ્ટાફની ઘટ સર્જાતા દર્દીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે જિલ્લા કક્ષાની આ હોસ્પિટલમાં ઓર્થોપેડિક ઓપરેશન માટે અનિવાર્ય એવું એક મશીન છેલ્લા ત્રણેક સપ્તાહથી બંધ હોવાથી અહીં આવતા હાડકાના દર્દીઓને ફરજિયાત પણે ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવા માટે જવું પડે છે. જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં આવતા ફ્રેકચર, હાડકાના ઓપરેશનના દર્દીઓ માટે જરૂરી એવું આઈ.આઈ.ટી.વી. મશીન ટેકનિકલ કારણોસર છેલ્લા ૨૦-૨૫ દિવસથી બંધ છે. આ મશીન બંધ હોવાથી ઓર્થોપેડિકને લગતુ ઓપરેશન થઈ શકતું નથી. આ મુદ્દે હોસ્પિટલના સુપ્રીમ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. મનોજ કપૂર દ્વારા જણાવાયું છે કે છેલ્લે આશરે પચીસેક દિવસથી આઈ.આઈ.ટી.વી. મશીન ચોક્કસ કારણોથી ખરાબ છે. જેના રીપેરીંગ માટેની જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. સંભવતઃ આગામી એકાદ સપ્તાહમાં આ મશીન પુનઃ શરૂ થઈ જાય તેવી શક્યતા છે. ત્યારે અહીં આવતા દર્દીઓને વ્યાપક હાલાકીનો સામનો કરવો પડે છે. આટલું જ નહીં, તેઓને ફરજિયાતપણે મોટી રકમ ચૂકવીને ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવી અનિવાર્ય બની રહી છે. ત્યારે આ મશીન તાકીદે કાર્યરત થઈ જાય તેવી વ્યાપક માંગ હોસ્પિટલના દર્દીઓમાં ઉઠી રહી છે.

# ખંભાળિયામાં બુધવારથી શિવ મહાપુરાણ કથાનું આયોજન શરણેશ્વર મંદિરે તા. ૯ સુધી વિવિધ આયોજનો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

ખંભાળિયામાં આગામી બુધવાર તા.૧ જાન્યુઆરીથી તારીખ ૯ જાન્યુઆરી સુધી અહીંના ઝવેરી બજાર વિસ્તારમાં આવેલા શ્રી શરણેશ્વર મહાદેવના મંદિર ખાતે શ્રી શિવ મહાપુરાણ કથા જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. અગાઉની જેમ આ વખતે પણ શ્રી શરણેશ્વર મહિલા સત્સંગ મંડળ દ્વારા આયોજિત આ શિવ મહાપુરાણ કથામાં જાણીતા શાસ્ત્રી શ્રી ચિરાગભાઈ શુક્લ બિરાજીને તેમની સંગીતમય શૈલીથી કથામૃતનું રસપાન કરાવશે. આ આયોજનમાં બુધવારે સવારે પોથીયાત્રા, ગુરુવારે લિંગ પ્રાગટ્ય તેમજ મહિમા શુક્રવારે સતી પ્રાગટ્ય, શનિવારે સતી ચરિત્ર, રવિવારે શિવ-પાર્વતી વિવાહ, સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. આ પ્રસંગે દરરોજ બપોરે ૩ થી સાંજે ૭ વાગ્યા સુધી કથા શ્રવણનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ખંભાળિયાની બદીયાણી હોસ્પિટલ ખાતે રવિવારે નેત્રયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

ખંભાળિયામાં જામનગર હાઈવે ઉપર આવેલી માનવ સેવા સમિતિ સંચાલિત એલ.પી. બદીયાણી હોસ્પિટલ ખાતે આગામી રવિવાર તારીખ ૨૯ મીના રોજ સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી વિનામૂલ્યે નેત્ર નિદાન, સારવાર, દવા વિતરણ તથા શસ્ત્રક્રિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. યુ.કે.ના દાતા મીનાબેન મિસ્ત્રી (લેસ્ટર) અને અન્ય સેવાભાવી કાર્યકરોના સહયોગથી યોજવામાં આવેલા આ કેમ્પમાં રાજકોટની જાણીતી રણછોડદાસજી બાપુ હોસ્પિટલના ડોકટરો અને ટેક્નીશીયનો તેઓની સેવાઓ આપશે.

દર્દીઓને તપાસીને સ્થળ પર દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને ખાસ બસ મારફતે રાજકોટ લઈ જઈ, અને ઓપરેશન કરી આપવામાં આવશે. આ સાથે યોજાયેલા સર્વરોગ નિદાન કેમ્પમાં જાણીતા ડો. નિલેશભાઈ રાયઠઠ્ઠા દર્દીઓને તપાસી અને દવા આપશે. આ કેમ્પનો લાભ લેવા ખંભાળિયા તથા આસપાસના દર્દીઓને માનવ સેવા સમિતિના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### અવસાન નોંધ

સોરઠીય શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ મૂળ વડાળા ( શેત્રુંજી ) હાલ જુનાગઢ સ્વ. નટવરલાલ રવિશંકર જોષી ના ધર્મ પત્ની જસુમતી બેન નટવરલાલ જોષી (ઉ વ ૮૨ )તે સ્વ. ઉદયભાઈ( રાજુભાઈ ) નટવરલાલ જોષી તેમજ પંકજભાઈ નટવરલાલ જોષી તેમજ જીજ્ઞાસાબેન હસમુખરાય ભટ્ટ( ચોરવાડી ) તેમજ તૃપ્તિબેન દીપકભાઈ ભટ્ટ ( સુરત ) ના માતુશ્રી તેમજ અવિનાશ ઉદયભાઈ જોષી (કેશોદ )ના દાદી તેમજ પ્રવીણભાઈ રવિશંકર જોષી ના ભાભી તેમજ દિલીપ તથા ભાવેશ ના ભાભુ તેમજ (વધાવી) નિવાસી સ્વ. મોહનલાલ વજેશંકર પુરોહિત ના દીકરી નું તારીખ ૨૫/૧૨/૨૦૨૪ ના રોજ અવસાન થયેલ છે તો તેમનુ ઉઠમણું (બેસણું ) તેમજ પીયરપક્ષની સાદડી સ્વ મોહનલાલ વજેશંકર પુરોહિત તથા સ્વ માધવજી વજેશંકર પુરોહિત તથા સ્વ મગનલાલ વજેશંકર પુરોહિત તથા સ્વ અમૃતલાલ વજેશંકર પુરોહિત તા ૨૭/૧૨/૨૦૨૪ શુક્રવાર ના રોજ સાંજે ૩ - ૦૦ થી ૫ - ૦૦ મયારામ આશ્રમ ગીરનાર રોડ ખાતે રાખેલ છે. અવિનાશ જોષી મો.૯૨૬૫૨૩૬૭૨૬, દીપકભાઈ ભટ્ટ મો.૯૯૦૯૮ ૮૬૩૫૫, ભાસ્કર ભટ્ટ મો.૯૪૦૯૨૫૫૬૪૯.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શિક્ષકોની વ્યાપક ઘટ સંદર્ભે તજજ્ઞો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધરી રહ્યું હોવાની વાતો વચ્ચે હાલની પરિસ્થિતિમાં અહીં મોટી સંખ્યામાં શિક્ષકોની ઘટ હોવાથી આ અંગે અહીંના આગેવાનો દ્વારા શિક્ષણ મંત્રી, વિગેરેને લેખિત રજૂઆત કરવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયથી દેવભૂમિ દ્વારકા જિલ્લાની સરકારી શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવતું હોવાનું તેમજ પરિણામોની ટકાવારી પણ સુધરી રહી હોવાના અહેવાલો વચ્ચે વર્તમાન પરિસ્થિતિમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૧૨૦૪ જેટલા શિક્ષકોની જગ્યા ખાલી પડી છે. જે પૈકી તાજેતરમાં યોજાઈ ગયેલા પ્રાથમિક શિક્ષકોની બદલીના કેમ્પમાં ૩૩૬ જેટલા શિક્ષકોને અન્ય જિલ્લાઓમાં બદલી આપવામાં આવી છે. ત્યારે હાલની પરિસ્થિતિમાં સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર બગડી રહ્યું હોવાથી બાળકોના શિક્ષણ પર માઠી અસર પડી રહી છે. આ મુદ્દે અહીંની વિવિધ શૈક્ષણિક સંસ્થાના ડાયરેક્ટર તેમજ જાણીતો તબીબ ડો. પી.વી. કંડોરીયા તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના મંત્રી માલતીબેન કંડોરીયાએ રાજ્યના શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર તેમજ અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાને લેખિત પત્ર પાઠવી, અને દ્વારકા જિલ્લામાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓમાં ખાલી પડેલી શિક્ષકોની જગ્યા તાકીદે ભરવામાં આવે તે માટેની રજૂઆત કરી છે.

# ગુજરાત પોલીસ ભરતી માટેની શારીરિક કસોટી બાબત

ગાંધીનગર તા.૨૭

ગુજરાત પોલીસ ભરતી બોર્ડની જાહેરાત ક્રમાંક: GPRB/૨૦૨૩૨૪/૧ અન્વયેની શારીરિક કસોટી તા.૮-૧-૨૦૨૫ના રોજથી શરૂ થનાર છે. જે માટેના કોલલેટર તા.૧-૧-૨૦૨૫ના રોજ કલાક ૧૪/૦૦ થી https://ojas.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે જેની ઉમેદવારોએ નોંધ લેવી.

પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન

જોગવાઈ ચા અને રિફ્રેશમેન્ટ સ્ટોલ

ટેન્ડર નં : DRM/COMML/CATG/2024/02 તારીખ : 18/12/2024 ઈ હરાજી લીઝ દ્વારા કોમર્શિયલ અર્નિંગ અને નોન ફેર રેવેન્યુ કોન્ટ્રાક્ટ પ્રદાન કરવા માટે ભાવનગર વિભાગના કેટરિંગ એકમો (ચા નાસ્તા ના સ્ટોલ) ની સૂચિ. ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન, આઇઆરપીપીએસ વેબ પોર્ટલના ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યુલ દ્વારા ઈ-બિડ્સ આમંત્રિત કરે છે. કેટરિંગ (ચા એન્ડ રિફ્રેશમેન્ટ સ્ટોલ) કેટેલોગની વિગતો નીચે મુજબ છે. સ્ટેશનો કે જેના માટે આઇઆરપીપીએસ વેબ પોર્ટલના ઈ-ઓક્શન મોડ્યુલ દ્વારા કેટરિંગ કોન્ટ્રાક્ટ માટે બિડ આમંત્રિત કરવામાં આવે છે : ભાવનગર ટર્મિનસ (2 યુનિટ), વેરાવળ, બોટાદ જંકશન, ભાવનગર પરા, ધસા જંકશન, ધોળા જંકશન, ગાંધીગ્રામ (2 યુનિટ), ધંધુકા, સરખેજ, વસ્ત્રાપુર, કેશોદ, જેતલસર જંકશન અને બાવળા. હરાજીની તારીખ : 31 જાન્યુઆરી 2025 હરાજી સૂચિ નંબર : કેટરિંગ-2024-2 કરારનો સમયગાળો : 05 વર્ષ વેબસાઇટ : https://ireps.gov.in સરનામું : ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, ડીઆરએમ ઓફિસ, પશ્ચિમ રેલવે, ગઢેચી વડલા પાસે, ભાવનગર પરા 364003 સંપર્ક નંબર : +91 97240 97981 મેઇલ-આઇડી : catering bvp@gmail.com નોંધ : વિગતવાર માહિતી માટે કૃપા કરીને આઇઆરપીપીએસ વેબસાઇટ https://ireps.gov.in પર હરાજી સૂચિ નંબર CATERING - 2024-2 જુઓ. 158

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# ‘‘ગિરીયો હવે ગાંડો થયો છે’’ : મહેશગીરી

## તારા એક નહીં બબ્બે કૌભાંડ બહાર આવ્યા છે, હવે જૂનાગઢ અને ગિરનારને મુકત કર : મહેશગીરીનો પડકાર



જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ અને ભવનાથ અને ગિરનારની પવિત્રભૂમિ છેલ્લા કેટલાક સમય થયા સામસામે આક્ષેપબાજી, મિલ્કત, ગાદી કબ્જે કરવાનાં રણસંગ્રામ સમી બની ગઈ છે. અને એક પછી એક રોજ નીતનવીન ફણગાઓ ફુટી રહયા છે. ત્યાં જ વધુ એક વિવાદ સામે આવ્યો છે. ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરીએ તા. ૨૫ ડીસેમ્બરનાં રોજ સત્યનાં રણટંકાર અંતર્ગત મુકત સંવાદ સાથે પત્રકારોની ઉપસ્થિતિમાં એક ડીબેટ યોજી હતી. અને તેમની સામે થયેલા ઘણા બધા આક્ષેપોનાં તેઓએ જવાબ આપ્યા હતાં. એટલું જ નહી મહેશગીરી સામેનાં આક્ષેપો અંગેનાં કોઈ પુરાવા રજુ થયા ન હતાં અને જેને લઈને આ ડીબેટ તથ્યહિન સાબિત થઈ હતી. એક રીતે જોવા જઈએ તો મહેશગીરીનો હાથ ઉપર રહયો હતો. દરમ્યાન આ જ બેઠક પર મહેશગીરીએ પોતાનાં પર અગાઉ જૂનાગઢનાં પૂર્વ ડે. મેયર ગિરીશ કોટેચાએ જે આક્ષેપો કર્યા હતાં તેનું દુધનું દુધ અને પાણીનું પાણી કરી નાંખ્યું હોવાનો દાવો કર્યો હતો. આ સાથે જ તેઓએ ગિરીશ કોટેચા પર વધુ બે આક્ષેપો લગાવ્યા હતાં જેમાં તેઓએ જણાવ્યું હતું કે ગિરીશ કોટેચાએ ગેરકાયદેસર રીતે મયારામ આશ્રમ અને વ્યાસ નિવાસ ટ્રસ્ટમાં ટ્રસ્ટી બનીને બંને જગ્યાઓ પચાવી પાડી છે. તેમજ બિશ્નોઈ સમાજનાં ભગીરથ બાપુનું ત્યાગપત્ર મેળવીને તેના ચેલાને ટ્રસ્ટી બનાવવાનું કહી આધારકાર્ડ મેળવી ગિરીશ કોટેચા ટ્રસ્ટી બની ગયા. એટલું જ નહીં આ બાબતે વાંધા અરજી હોવા છતાં ચેરીટી કમિશ્નરે અરજદારને સાંભળ્યા વગર એક તરફી હુકમ કરીને ટ્રસ્ટી બનાવી દીધા. આ ઉપરાંત તેની બાજુમાં આવેલા શ્રી વ્યાસ નિવાસ ટ્રસ્ટની જગ્યામાં તેઓ ટ્રસ્ટી બનીને જગ્યામાં કબજો કરી લીધો છે તેવા આક્ષેપ સાથે આ બંને બાબતે આધાર પુરાવા પણ રજુ કરી અને ટ્રસ્ટમાં ગિરીશ કોટેચાની નિમણુંકનાં કાગળીયા દર્શાવ્યા હતાં.

જૂનાગઢ શહેરમાં અને ભવનાથ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમય થયા ચાલી રહેલા વિવાદમાં અગાઉ અંબાજી મંદિરનાં મહંત તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદ અંબાજી મંદિરનાં ગાદીપતિ કોણ બને તે બાબતનો વિવાદ ઉઠયો હતો અને તેમાં હરીગીરીએ પ્રેમગીરીની નિમણુંક કરી નાંખતા ભડકો થયો અને ત્યારબાદ વાંધા વચકાઓ વિરોધનો શુર ઉઠવા પામ્યો હતો. આ તકે જ ભુતનાથનાં મહંત મહેશગીરીએ હરીગીરી સામે ખુલ્લેઆમ જંગ છેડયો હતો અને ભવનાથ મંદિર પણ હરીગીરીએ પચાવી પાડી અને મહંત તરીકે ગેરકાયદેસર નિમણુંક હોવાનો ધડાકો કર્યો હતો. તાજેતરમાં જૂનાગઢનાં ધારાસભ્ય સંજય કોરડીયાએ પણ ભવનાથ મંદિરનાં મહંતની નિમણુંકને ગેરકાયદેસર ગણાવી છે. બીજી તરફ મહેશગીરી અને હરીગીરી વચ્ચે જે યુધ્ધ ચાલી રહયું હતું તેમાં ગિરીશ કોટેચાએ દરમ્યાનગીરી કરી અને બંને સાધુને શાંત થવા અનુરોધ કર્યો હતો.


અને આ સાથે જ નવો એક વિવાદ શરૂ થયો હતો. મહેશગીરીએ અગાઉ મિડીયા સમક્ષ ઉપસ્થિત થઈ અને ગિરીશ કોટેચા વિરૂધ્ધ ભયંકર આક્ષેપો કર્યા હતાં. આ આક્ષેપો બાદ ગિરીશ કોટેચાએ તુરત જ રાજકોટ ખાતે પત્રકાર પરીષદ યોજી હતી અને મહેશગીરી વિરૂધ્ધ આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. આ ઘટનાક્રમ આટલેથી અટકતો નથી પરંતુ ત્યારબાદ ભાગવત સપ્તાહનાં મંચ પરથી મહેશગીરી બાપુએ સૌ સમક્ષ ઉપસ્થિત રહી અને તેમની પર જે આક્ષેપો થયા છે તે તમામ આક્ષેપોનાં જોરદાર જવાબો આપ્યા હતાં. આ ઉપરાંત તાજેતરમાં એટલે કે ૨૫ ડીસેમ્બરે તેઓએ યોજેલી ડીબેટમાં પણ ઉપસ્થિત પત્રકાર સમક્ષ અને જનસમુદાય સમક્ષ સત્યનાં રણકાર સાથે અનેક વાતો રજુ કરી હતી. આ જ બેઠક પર મહેશગીરીએ એક નવી ઘટના અંગે પણ નિર્દેશ આપ્યો હતો કે એક રાજકીય વ્યકિત પોતાનાં પદ અને સત્તાનાં જોરે કેવા કેવા ખેલ કરે છે તે અંગેની વાત રજુ કરતા જણાવ્યું હતું કે ‘‘ગિરીયો હવે ગાંડો થયો છે’’ તેવું જણાવ્યું હતું. અને આ સાથે જ જૂનાગઢમાં મયારામ આશ્રમ અને વ્યાસ નિવાસ ટ્રસ્ટમાં ગિરીશ કોટેચાની જે રીતે એન્ટ્રી થઈ જે રીતે તેઓ ટ્રસ્ટી તરીકે ઘુસી ગયા તેનો પણ આક્ષેપ કર્યો હતો. અને આ ટ્રસ્ટની જમીન પચાવી પાડવાનાં કહેવાતા ખેલ અંગે કેટલીક વાતો રજુ કરી હતી. આ સાથે જ મહેશગીરીએ એવો લલકાર પણ કર્યો હતો કે ગિરીશ કોટેચા હવે તો તું ગયો, તે જ કીધુ હતું કે કોઈ એક કાગળ બતાડો, મેં તો તારા બબ્બે કૌભાંડ બહાર પાડયા છે ત્યારે હવે તો તું જૂનાગઢ અને ગિરનારને મુકત કર તેમ જણાવ્યું હતું. અને અમારા ધર્મની સંપતિ પર ડોરો નાંખવાનું બંધ કર અને તું તારા ધંધામાં લાગી જા. અને એક માણસનો જો સડો નીકળશે તો જૂનાગઢ સાચા અર્થમાં મુકત થશે જેથી આ બાબતે ઉપસ્થિતોને આ તમામ બાબતો ઉજાગર કરવા અને સહકાર આપવા મહેશગીરીએ જણાવ્યું હતું. આમ જૂનાગઢ ખાતે ૨૦૨૪નાં વર્ષનાં અંતિમ દિવસ ચાલી રહયો છે ત્યારે અગાઉ અંબાજી મંદિરની ગાદી, ભવનાથ મંદિરની ગાદી અને છેલ્લે મયારામ આશ્રમ અને વ્યાસ નિવાસ ટ્રસ્ટનો જે વિવાદ ચાલી રહયો છે તે કયાં જઈને અટકશે તે અંગે અનેક તર્કો થઈ રહયા છે.

# ભુતનાથ મંદિરનાં મહંત મહેશગીરી ઉપર બેફામ આક્ષેપો કરતા ગિરીશ કોટેચા


## મારા વિરૂધ્ધ થયેલા આક્ષેપો પાયાવિહોણા હોવાનો ગિરીશ કોટેચાનો દાવો

જૂનાગઢ તા. ૨૭

ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરીએ જૂનાગઢનાં પૂર્વ ડે. મેયર ગિરીશ કોટેચા વિરૂધ્ધ ધાર્મિક જગ્યાઓમાં કબ્જો જમાવવા ગોલમાલ કરી અને ટ્રસ્ટી બની જવા અને અનેક પ્રકારનાં આક્ષેપો કર્યા છે. અને જૂનાગઢને હવે મુકત કર સહીતનાં આક્ષેપોનો મારો ચલાવ્યો છે. તો બીજી તરફ મહેશગીરીએ જે આક્ષેપો કર્યા છે તેની સામે ગિરીશ કોટેચાએ પણ મિડીયા સમક્ષ ઉપસ્થિત થઈ અને રજુઆત કરી હતી કે મયારામ આશ્રમમાં મને પાંચ મહીના પહેલા ટ્રસ્ટી બનાવ્યો તે પણ અહીંના અન્ય ટ્રસ્ટીનાં કહેવાથી અહીં ૧૦૦ વર્ષ જુના આશ્રમનાં વિકાસ માટે અભ્યાસ કરતા ૭૦ જેટલા બાળકો અને ૩૮ ગાયોનાં નિર્વાણ માટે અન્ય ટ્રસ્ટી આગેવાનોએ મને ટ્રસ્ટી બનાવ્યો છે. તો બીજી તરફ વ્યાસ નિવાસની જગ્યા તે ખાનગી માલીકીની જગ્યા છે. અને રાજજયોતિષી શંભુપ્રસાદ જોષીએ તેની જગ્યા રાજકોટ ચેરીટી કમિશ્નર મારફત હરરાજી કરાવી હતી ત્યારે વર્ષ ૧૯૯૪માં અમોએ નિયમ મુજબ હરરાજીમાં ભાગ લઈને ખરીદ કરી છે તેનાં ઓરીજનલ દસ્તાવેજી કાગળો પણ હોવાનું તેઓએ દર્શાવ્યું હતું. વિશેષમાં પોતાનાં પર સતત થઈ રહેલા આક્ષેપો અંગે ગિરીશ કોટેચાએ પણ મહેશગીરી વિરૂધ્ધ ખુલ્લો જંગ શરૂ કરી દીધો છે. અને તેમનાં વિરૂધ્ધનાં પોટલાઓ એક પછી એક ખોલી રહયા છે. અને તેઓએ એમ પણ જણાવ્યું હતુ કે મહેશગીરીની અત્યાર સુધીની જીવનયાત્રા અને તેમનાં પરનાં બેફામ આક્ષેપો કરી અને છેલ્લે ત્યાં સુધી કે દ્રોણેશ્વર ખાતે પણ બેઠક કરી અને તમામ બાબતો ખુલ્લી કરવા પણ ગિરીશ કોટેચાએ આહવાન કર્યુ છે. આમ એક તરફ મહેશગીરી અને બીજી તરફ ગિરીશ કોટેચાની વચ્ચે શરૂ થયેલો આ જંગ રોજ નીતનવીન ધડાકાઓ કરી રહેલ છે.



અનુસૂચિત-૩(ફેરફાર અહેવાલ)



નામ - જીજ્ઞેશ.જે. પંડયા.

સરનામુ. - ... જૂનાગઢ

મોબાઈલ નંબર - ૯૫૧૦૫૧૧૦૭૪

તારીખ - ૦૩.૧૨.૨૦૨૪

પ્રતિ,

મદદનીશ ચેરીટી કમીશનરશ્રી,

જુનાગઢ.

વિષય - વાંધા અરજી.

ટ્રસ્ટનું નામ - ...

ટ્રસ્ટ નોંધણી નંબર - ...

મેહરબાન સાહેબશ્રી,

જય ભારત સાથે જણાવવાનું કે, ટ્રસ્ટનું નામ ... ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર ... માં કોઇ કોઇપણ પ્રકારનો ટ્રસ્ટીમાં ફેરફાર રીપોર્ટ આપશ્રીની કચેરીમાં રજુ થાઇ તો તેની સામે અમારો સખત વાંધો છે, અમારી આ અરજીને વાંધા અરજી તરીકે ગણી અમોને રજીસ્ટર પોસ્ટ ધ્વારા નોટીસ કરી અમોને સાંભળવાની તક આપવા આપ સાહેબશ્રીને નમ્ર અરજ છે. જેથી જરૂર પડયે આગળ અમો અમારી અરજીના સમર્થનમાં આધાર પુરાવાઓ રજુ કરી શકીયે.

આપનો વિશ્વાસુ

સહી

# જૂનાગઢ મનપાના એસટીપીઓ બીપીન ગામીતની ગાંધીનગરમાં બદલી : વિવેક કિરણ પારેખ જૂનાગઢ મુકાયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ મનપાના દિવસોથી ગાયબ રહેલા પૂર્વ એસટીપીઓ બિપીન ગામીતની ગાંધીનગરમાં સજારૂપ બદલી કરી નાખવામાં આવી છે. રાજયના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે જુદા જુદા સ્થળે ફરજ બજાવતા ૫ એસટીપીઓની બદલીના હુકમો કર્યા હતા. જેમાં જૂનાગઢના બી.એચ. ગામીતને ગાંધીનગર મહેસુલ વિભાગ સચિવાલયમાં એવોર્ડ શાખામાં મૂકાયા છે.

આ સાથે તેમને ગાંધીનગર સ્થિત ધોલેરા સ્પેશયલ રીજીયોનલ ડેવલપમેન્ટ ઓથોરિટીના એસટીપીઓ તરીકેનો ચાર્જ પણ સોંપવામાં આવ્યો છે. સચિવાલયના જાણકારોના મતે આ બંને પદો સજારૂપ અને સાઈડ પોસ્ટીંગવાળા ગણાય છે. જૂનાગઢ મનપામાં નવા એસટીપીઓ તરીકે ગાંધીનગરમાં જ્યાં ગામીતને મૂકાયા એ જગ્યા ઉપર ફરજ બજાવતા વિવેક કિરણ પારેખને મૂકવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છેકે, કડીયાવાડ મકાન દુર્ઘટનામાં વિવેક ડાભીની હાઈકોર્ટમાં અરજી અનુસંધાને પોલીસે વોર્ડ ઈજનેરનું નિવેદન લીધા બાદ ગામીતે મનપા કચેરીમાં આવવાનું જ બંધ કરી દીધું હતું. તેઓ ગેરકાયદેસર રીતે રજા પર હોવાના કારણોસર કમિશનરે તેમની જગ્યાએ જુડાના અધિકારીને એસટીપીઓનો ચાર્જ સોંપી દીધો હતો. જોકે, હવે જૂનાગઢ મનપાને નવા એસટીપીઓ મળ્યા છે.

# જૂનાગઢ-વંથલી રોડ પર ઝાડ સાથે એકટીવા અથડાતા યુવકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

વંથલી-જૂનાગઢ રોડ પર પીપળાના ઝાડ સાથે એકટીવા અથડાતા ટીંબાવાડી વિસ્તારમાં રહેતા યુવકનું મોત નિપજયાનું વંથલી પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે જીતેન્દ્રભાઈ મોહનભાઈ જસાણીએ જાહેર કરેલ કે પોતાના મૃતક પુત્ર તૃપલ(ઉ.વ.૨૧)નું એકટીવા નં.જીજે-૧૧-સીકે-૮૧૮૦ ઝાડ સાથે ભટકાતા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# ગિરનાર પર્વત પર ૧૦.૭ ડીગ્રી તાપમાન સાથે ઠંડીમાં રાહત



જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં ૧૩ ડીગ્રીથી વધુ તાપમાન રહેવા પામતા ઠંડીમાં રાહત અનુભવાઈ છે. જો કે ગિરનાર પર ભેજનું પ્રમાણ વધારે રહયું છે. અને ૧૦.૭ ડીગ્રી તાપમાન નોંધાયું છે.

પ્રાપ્ત વિગત અનુસાર આજે સવારે જૂનાગઢ સહીત સોરઠનાં લઘુતમ તાપમાનમાં ધરખમ વધારો થયો હતો. જો કે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા રહેતા આજે પણ સવારથી જ ઘુમ્મસની ચાદર છવાઈ ગઈ હતી. ગિરનાર પ લઘુમત તાપમાનનો પારો ઉપર ચડીને ૧૦.૭ ડીગ્રીએ તાપમાન નોંધાયું હતું. જેને કારણે ઠંડીમાં રાહત મળી છે. ખાસ કરીને નાતાલનાં પર્વની ઉજવણી ચાલી રહી હોય જેને લઈને ભવનાથ ક્ષેત્રમાં દુર દુરથી પ્રવાસીઓ આવી રહયા છે. અને માનવ મહેરામણ ઉમટી રહયો છે. છેલ્લા કેટલાક દિવસો થયા કાતિલ શીત લહેરને કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. દરમ્યાન આજે ઠંડીમાં ઘટાડો થતાં પ્રવાસી જનતાને પણ રાહત થઈ છે.

# જૂનાગઢમાંથી દેશી તમંચો, જીવતા કાર્ટીસ સાથે એકને ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢના યુવકને એસઓજીએ તમંચો, ૨ કાર્ટીસ સાથે ઝડપી લઈ રૂપિયા ૧૦,૨૦૦નો મુદ્દામાલ કબજે લઈ તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, એસઓજી પીએસઆઈ એમ.વી. રાઠોડની ટીમ જૂનાગઢ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે શહેરમાં જેલ રોડ સુખનાથ ચોક પાસે આવેલ મતવાવાડમાં રહેતો ૩૦ વર્ષીય એજાજ ઉર્ફે એજુ ફારૂક બ્લોચ હથિયાર સાથે ખામધ્રોળ ગામથી ખલીલપુર ચોકડી તરફ નીકળવાનો હોવાની બાતમી મળતા ખલીલપુર ચોકડીથી આગળ ખામધ્રોળ રોડ પર આવેલ રામ નિકેત ફાર્મ નજીકથી ઝડપી લઈ અંગઝડતી કરતા નેફામાંથી પીળા કલરની થેલીમાંથી દેશી હાથ બનાવટનો તમંચો અને બે જીવતા કાર્ટીસ મળી આવતા ધરપકડ કરી હતી. એસઓજી ઓફિસ પર લઈ જઈ શખ્સ પાસેથી રૂપિયા ૧૦,૦૦૦ની કિંમતનો દેશી તમંચો અને રૂપિયા ૨૦૦ની કિંમતના ૨ કાર્ટીસ સહિત રૂપિયા ૧૦,૨૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. એસઓજી કોન્સ્ટેબલ રોહિત ધાધલે તાલુકા પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એકટ હેઠળ ગુનો દાખલ કરાવી કાર્યવાહી હાથ ધરી હતી. તમંચો અને ૨ કાર્ટીસ સાથે પકડાયેલા એજાજ ઉર્ફે એજુ બ્લોચ વિરૂદ્ધ વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૯ દરમ્યાન જૂનાગઢ, રાજકોટ શહેર થોરાળા પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એકટનાં ૪, હત્યાની કોશિશ, મારામારી તથા રાજકોટ શહેર થોરાળા પોલીસ સ્ટેશનમાં ગુજસીટોક સહિત ૧૦ ગુના નોંધાયા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

# જૂનાગઢમાં પ્રેમસંબંધ નહીં રાખવા માંગતી યુવતીનો ધરારપ્રેમીએ ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ શહેરમાં બનેલા એક બનાવમાં એક યુવતીને પ્રેમ સબંધ રાખવો ન હોવા છતાં તેના ઘરે જઈ યુવકે ધમકી આપી હોવાની ફરિયાદ થતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આ બનાવ અંગે વિશેષ મળતી વિગત અનુસાર જૂનાગઢ શહેરના માંગનાથ વિસ્તારમાં રહેતી ૨૫ વર્ષીય યુવતીની ફરિયાદ અનુસાર સાત વર્ષ પહેલા શહેરના પ્રદિપ ખાડીયા વિસ્તારમાં રહેતા હિતેશ તુલસીભાઈ સોલંકી સાથે ખાનગી હોસ્પિટલમાં કામ કરતા ઓળખાણ થઈ હતી અને બંને એકબીજા સાથે ફોન ઉપર વાતચીત કરતા હતા. શખ્સ યુવતીને મારે તારી સાથે લગ્ન કરવા છે તેમ કહેતો જેથી અવાર-નવાર શરીર સબંધ બાંધ્યો હતો. ત્યારબાદ હિતેશે મારે વેપાર ધંધો કરવો હોય જેથી રૂપીયાની જરૂર છે તેમ કહેતા યુવતીએ તેના તથા માતાના નામે બેંકમાંથી રૂપીયા ૮ લાખ અને ઘરેણા ગીરવે મુકી રૂપીયા ૩ લાખની લોન લીધી હતી અને તેમજ ૨ ખાનગી બેંકમાંથી ૩-૩ લાખની લોન લઈ તથા સોનાનો ચેન વેચી રૂપીયા એક લાખ રોકડા મળી કુલ ૧૮ લાખ રૂપીયા અને હાથ ઉછીના ૨ લાખ મળી કુલ રૂપીયા ૨૦ લાખ હિતેશને યુવતીએ આપ્યા હતા. તેમ છતાં છેલ્લા ત્રણ મહિનાથી ખોટી રીતે હેરાન કરી શરીર સબંધ બાંધવા દબાણ કરતો હોય અને તેની સાથે સબંધ રાખવો ન હોય આમ છતાં પણ ફોન કરી તારા બીજે લગ્ન ન થાય ત્યાં સુધી તારે મારી સાથે સબંધ બાંધવો પડશે તેવું કહેતો હતો. બુધવારની રાત્રે ૮ વાગ્યે યુવતી ઘરે હતી ત્યારે શખ્સે આવી તારે બીજાની સાથે સબંધ છે જેની મને ખબર છે જો તું મારી સાથે સબંધ નહી રાખે તો હું તને તથા મારી મમ્મીને જાનથી મારી નાખીશ એવી ધમકી આપીને જતો રહ્યો હતો. આ અંગે યુવતીએ ફરિયાદ નોંધાવતા એ ડીવીઝન પોલીસે હિતેશ સોલંકી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ભેસાણ પંથકની સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુકાને બોલાવી દુષ્કર્મ આચર્યાની યુવક સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

ભેસાણ પંથકની સગીરાને પ્રેમજાળમાં ફસાવી શખ્સે પોતાની દુકાને બોલાવી દુષ્કર્મ આચરી ધમકી દીધી હોવાની ફરિયાદ થતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આ અંગે પોલીસમાંથી મળતી માહિતી અનુસાર ભેસાણ તાલુકાના ગામનો રવિ ભાણા સોલંકી નામના શખ્સે ગામની ૧૬ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી ફોન કરી પાન બીડીની દુકાને બોલાવી હતી. બળજબરીથી દુકાનમાં લઈ જઈને અવાર-નવાર દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ તરૂણીની માતાએ ભેસાણ પોલીસમાં નોંધાવી હતી. ફરિયાદ અનુસાર મહિલાની સગીરવયની દીકરી અને દીકરાને દવા પીવડાવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ફરિયાદના આધારે રવિ ભાણા વિરૂધ્ધ પોલીસે બીએનએસની કલમ ૬૪(૨)(એમ), ૩૫૧(૩) તથા પોક્સો એકટ કલમ ૪, ૬, ૮, ૧૨ મુજબ ગુનો નોંધીને કાર્યવાહી કરી આરોપીને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

